કુમાર

નવેમ્બર ઈ. ૧૯૩૯ · સળંગ અંક ૧૮૧ · માનંત્રી : રવિશંકર રાવળ · · સંપાદક : બચુભાઇ રાવત



આવતી કાલનાં નાગરિકો ઘડતું આજનું માસિક

આમોદ

હિંદના હકીમ મહાત્મા ગાંધીજીને બાદ કરતાં અન્ય કોઇ પણ આધુનિક પુરુષ જેના જેવો પુણ્યશ્લોકી નથી નીવડયો એ અબ્રાહમ લિંકનનું આ અંકમાંનું ચરિત્ર તમારા જીવનઘડતરમાં એક અગત્યનું એકમ બની શકે એમ છે. માનવતાના માર્ગસ્તંભ સમી એ વિશ્વમૂર્તિ અનેકોની જેમ તમારા મનોરાજ્યની પણ અધિષ્ઠાત્રી થઈ રહે તો નવાઈ નહિ. ¶ 'નવો અખતરો' આખરે એની ટોચે પહોંચે છે. સુબોધનું માનસ સમગ્ર માનવમાનસનો— અહંતા અને વાસનાનો પડઘો પાડી એ અખતરાની નિષ્ફળતા પુરવાર કરે છે. એમ છતાં યે પહેલા તારાનો મનુષ્ય તરફનો આદર શા માટે ઓછો નથી થતો એ એ વાર્તાનો ઉપસંહાર તમને કહેશે. ¶ 'વાચાળ મૌનવાદી'માં શ્રી કાલેલકર માનવતાના સામાન્ય થરથી પોતાની જાતને ઊંચી માની બેઠેલી એક આખી જમાતના મનોવ્યાપારોનું જે રસિકતાથી નિરૂપણ કરે છે તેનો આહ્લાદ તો ચૂકવા જેવો નથી જ. ¶ અંગ્રેજી પંખીઓના ગુણગાનના ગવૈયા શેલી, કીટ્સ કે બાયરન આપણે ત્યાં નથી જન્મ્યા એથી કેટલાં લોકોત્તર પક્ષીઓની વાણી આપણા ભણેલાઓની પોથીએ નથી ચડી એ જાણવું હોય અને એ શરમથી બચવું હોય તો આ અંકમાંનો શ્રી 'વનેચર'નો લેખ વાંચી જજો. ¶ ચાલુ લેખમાળાઓ પરનો તમારો દાવો કાયમ રાખીને પણ બીજા નાનામોટા અનેક લેખો ને પરચુરણ વિભાગો આ અંકમાં જે રીતે ઠાંસીને ભર્યાં છે એના પ્રત્યે તમારું લક્ષ દોરાયા સિવાય રહેશે નહિ. તમે એક વાર આખા અંકનાં પાનાં માત્ર ઉથલાવી જજો અને પછી જુઓ કે આ સપરમા દિવસોના તમારા આમોદનો કેટલો હિસ્સો 'કુમાર' પડાવી લે છે!

કુમાર
નવેમ્બર ૧૯૩૯
અંક ૧૯૧

મુદ્રક · બચુભાઇ રાવત; તંત્રી અને પ્રકાશક · રવિશંકર રાવળ; કુમાર પ્રિન્ટરી કુમાર કાર્યાલય ૧૪૫૪ રાયપુર અમદાવાદ; વાર્ષિક રૂ. ૬, બ્રહ્મદેશના રૂ. ૬॥, પરદેશના ૧૨ શિ. છુટક દશ આના; મુંબાઇના ખાસ કૅન્વાસિંગ એજન્ટ અને જાહેરખબરના સોલ એજન્ટ શિષ્ટસાહિત્ય ભંડાર પ્રિન્સેસ સ્ટ્રીટ; બીજા એજન્ટો: આર. આર. શેઠની કં. અને રાવળબ્રધર્સ પ્રિન્સેસ સ્ટ્રીટ

જમાઉધાર

ધર્મ તણા સંસ્થાપન કાજે કુરુક્ષેત્ર મંડાયું યુદ્ધ,
અક્ષૌહિણીઓ કરી ગઈ જ્યાં ન્યોછાવરનિજ પ્રાણપ્રબુદ્ધ,
ધર્મરાજ્ય ભારત! તો યે કાં
દિસે હજુ યે દૂરનું દૂર!

જન્મેજયના નાગહોત્રથી શકજેતા તક તમામ કાળ
શોણિતને ટીપે ટીપે તેં સ્વતંત્રતાની બાંધી પાળ,
ઘણો કાળ જંતરતાં તારે
દિલે થયો સંતાપ જરૂર.

રોમન, ગ્રીક, હુણો સામે તેં ચણી દિવાલો કાયાની.
ધાડાંનાં ધાડાં રોક્યાં પણ કુસંપ પેઠો સંતાની.
જળી ગયું જળ સુસંપ કેરું
રહ્યાં માત્ર કાંકર ને ધૂળ.

આગ ફરી ઇસ્લામ તણી, હાહોર હણાયો, સિંધ ગયું,
છતાં કેંક વર્ષો તક તારું સશક્ત હીર રહ્યું પમર્યું,
બધું થવા માંડ્યું ખાતર તેં
છતાં ય ના અપનાવ્યું કૂડ.

ગઝનીનો મહમદ ઉતર્યો ને ચડ્યું કટક ત્યાં ઘોરીનું.
પાથર્લ ભાગ્ય ફર્યું તે સાથે ફર્યું મુકદ્દર ભારતનું.
ચંદ સમા બિરદાઈ તણો શું
અહીં સૂતું આક્રોશ હજુ ય!

સમરકંદનો અરે લંગ તોફાની તૈમુર પણ આવ્યો.
આવ્યો ફર્ઘાનાથી બાબર દળનાં દળ ઉમટી લાવ્યો.
લંગ તણું સઘળું ય શૌર્ય ના
થયું પ્રબળ ધોવા એ પૂર.

મુઘલોએ કરી જમાવટ હેમરાજ શાં બાગી મૂલ.
સહસ્ર બાવીશ ખપી ગયા જ્યાં પ્રતાપના સામંતો શૂર.
હજુ અરાવળ આર્ત નાદથી
રડે બાપ્પ રાવળનું.

ધરણી લૂંટી, ધન યે લૂંટ્યું, પછી ધર્મનું ચડ્યું ઝનૂન.
એ આંધીમાં દેશ ડૂબતાં ચડી ઘાટ નાદિરને ખૂન,
દિલ્હીની એ કત્લ કારમી
સદીઓએ ના ભાગી ક્રૂર.

દખ્ખણનાં અરમાન દાટતા તાલિકોટ શાં કૈં થાણાં.
હિંદુપતની શિખા સ્થિર થઈ એ પૂણા ને સાતારા.
કાળ ચૂર્ણ કરતા કલચૂરિ
રમફે અમર બુંદેલા શૂર!


ભાઉ અને વિશ્વાસરાવનાં પ્રેત હજુ પાણીપતમાં
'હર હર' કરતાં ઘુમે વ્યાકુળાં દુહાઈ દેતાં શિર ત્રિશૂળનાં;
અબ્દાલીનો કચરઘાણ એ
મરહઠ્ઠાનું સદા ગરૂર.

ન'તું ભગાડ્યું સાત જન્મમાં છતાં ય દૂર તણા ગોરાંગ
વૈશ્ય બની જે વશે કરી તે શા કથવી કથની કરુણાંત!
અરે અભાગી સાંજ પ્લાસીની
ઉષા કેટલી હજી ય દૂર!

અરે જોગમાયાઓ આથી વધુ કોણ ભરશે ખપ્પર!
થઈ તૃપ્તિ ના હજી સુધી શું સદા અહીં રહેશો તત્પર!
દધીચિની આ ભોમ ન કે'શે
હજી સ્વાર્પણે કદી 'સબૂર'.

આજ સપરમી દીવાળી પણ મારે દિલ આજો પ્રજળે.
અરે ભેદયા કિસ્મત આ શા સોદા યુગ વીત્યે નિવડે!
ઉધારપાસે નીકો રક્તની.
જમાપાસ હું તાણું શું જ!


અશોક હર્ષ



અમૃતસર

અમૃતસરમાં લોકજીવનના અનેક પ્રકારો મને જોવા-જાણવાના મળ્યા. સીખ પ્રજાનું એ કેન્દ્ર એટલે ઊંચા પડછંદ બાંધાના શિખાબંધ જુવાનો, શ્વેત દાઢી ચમકાવતા છતાં સશક્ત અને ગહેરા વૃદ્ધ સીખ સરદારો જોઈ પ્રાચીન આર્યજાતિ પંચનદમાં આવી ત્યારે કેવી કદાવર હશે તેનો ખ્યાલ આવે છે. મને ત્યાંની ઈમારતોમાં કળાપૂર્ણ પણ એકધારી સામાન્યતા લાગી. એકાદ સારી જગ્યા જોઈ લ્યો એટલે તેના નમૂને વધુ મોટી કે નાની પણ એવી જ રચના બધે જણાય. મેં મારી અમૃતસરની મુલાકાતમાં માત્ર સુવર્ણમંદિર જોઈ લેવાનો લોભ રાખ્યો હતો, એટલે બીજે દિવસે સવારે પહેલાં ત્યાં જવા નીકળ્યો. આ મંદિરના મહત્ત્વને લીધે તેની આસપાસનો બધો ભાગ ગીચ વસતિથી ભરેલો છે. બે ગાડી ભાગ્યે જ સાથે ચાલી શકે એવી ગલીઓ પણ ગર્દીથી ભરચક જણાઈ. સાધારણ દિવસે પણ જ્યારે એકદમ નીકળી જઈ ન શકાય તો ઉત્સવના પ્રસંગે શી દશા થતી હશે? અજાણ્યો માણસ એ ગલીઓમાં અટવાઈ જ જાય. દરેક ગલીને કોઈ પ્રસિદ્ધ સીખ સરદારનું નામ આપેલું છે.

હું તો મારા યજમાન મણિભાઈનો હાથ પકડી સુવર્ણમંદિર આગળ પહોંચ્યો. ચિત્રોથી તેનો યથાસ્થિત વિસ્તાર કે દેખાવ મળતો નથી એની ખાત્રી થઈ. ચોરસ હોજ—સરોવરની વચ્ચે સુવર્ણમંદિર એક નાનકડા રમકડા જેવું લાગે છે. બહુ ઊંચું કે વિસ્તારવાળું પણ નથી. યાત્રા કે મેળાના પ્રસંગે માણસોએ ચાલુ ક્રમથી ચક્કર લેતાં નીકળી આવવું જ પડે. એ મંદિરનાં ચિત્રો એટલાં બધાં પ્રકટ થયાં છે કે તેનું સ્વરૂપ કોઈને પણ યાદ રહી જાય. તળાવના ફરતા ચોપાટ ઉપર જતાં પહેલાં પાળને કાંઠે દરેક જણે જોડા ઉતારી નાખવા જ પડે એમ કોઈનો અપવાદ થતો નથી. પણ તેની ગોઠવણ સરસ છે: અમૃતસરના કેટલાક મોચીઓ જોડા સાચવવાનો ધંધો કરે છે તેઓ બેડાબેડા દરેક જણના જોડાના સમૂહ જુદા રાખે છે અને કોઈ ખોટા ઘરાક બની લઈ ન જાય તે માટે સાવધ રહે છે. દર્શનાર્થી પાછા વળે ત્યારે એકાદ પૈસો તેમને આપે છે. મંદિરમાં જવાના મુખના દરવાજામાં પ્રવેશ કરતાં પહેલાં છત્રી કૅમેરા વગેરે રોકનાર ખાતું મંદિર તરફથી છે. ત્યાં આગળ સામાન એક ખાનામાં રાખી તેનો નંબરી સિક્કો આપે છે. એ દરવાજા બહાર કૅમેરાનો ગમે તેટલો ઉપયોગ થાય, પણ અંદર સખત મનાઈ છે. અમે પણ અમારી એ મત્તાનો થોડીવાર ત્યાગ કર્યો. પુલ પરથી મંદિર તરફ પવિત્ર ભાવે જનારની કલ્પના સહેજે જાગે એવી ત્યાં રચના છે. ચોપાસના સ્વચ્છ પાણી વચ્ચે



અમૃતસરની લાક્ષણિક સાંકડી ગલીનું દૃશ્ય (સ્કેચ: ર. મ. રાવળ)

મ.રી નજરે (ર.મ.રા.)

સૂર્યમાં ઝગારા મારતું એ સુવર્ણ-મંદિર સીખ પ્રજાની ઈષ્ટાર્પણની કલ્પનાનું પ્રતીક છે. સીખો મૂર્તિની પૂજા કરતા નથી પણ પવિત્ર વાણીના ગ્રંથોનાં દર્શન પૂજન કોઈપણ હિંદુ સંપ્રદાય જેટલા જ વિધિનિષેધો અને આડંબરથી કરે છે. ગ્રંથસાહેબ આખો દિવસ આ મંદિરમાં બિરાજે છે અને રાત્રે કાંઠે આવેલા બીજા મંદિરમાં શયનકાલે પાલખીમાં પધારે છે.



અમૃતસરના સુવર્ણમંદિરની અંદરનું દૃશ્ય (સ્કેચ: ર. મ. રા.)

અમે ગયા ત્યારે ગ્રંથસાહેબ મંદિર વચ્ચે એક ગાલીચા ઉપર બિરાજ્યા હતા. ઉપર પણ એક કપડું ઢાંકેલું હતું અને ભાવિકોએ અર્પેલી સુવાસી મોગરાની માળાઓ એક વૃદ્ધ મુર્શિદ હળવે હળવે ગોઠવી રહ્યા હતા. સામે પૈસાનો ઢગલો થયા કરતો હતો. ઘડીએ ઘડીએ મંદિરના સેવકો થાળ ભરી તે ત્યાંથી ખસેડી લઈ જતા હતા. બીજી બાજુ સંપ્રદાયના કીર્તનકારો પ્રસંગાનુસાર રાગરાગણીમાં સ્તુતિઓ અને ભજનો ગાયાં જ કરતાં હતાં. આ સેવા વારાફરતી બીજી મંડળીઓ આવીને છેક શયન સુધી અખંડ ચાલુ રાખે છે. આ દર્શન, આ ઉપાસના ને સેવા સીખ પ્રજાને કેન્દ્રમાં રાખી શકી છે. ચુસ્તપણે મંદિર અને મંદિરના ઉપક્રમો પળાય છે. કઈક રાજસી સીખ સરદારો યાત્રા બાધા દર્શન માટે અહીં દિવસોના દિવસો જપ કરતા પ્રદક્ષિણા કરતા રહે છે. સુંદર સશક્ત બાળકો, સ્ત્રીઓ ને પુરુષો કળાકાર કે કથાકારને અચ્છા નમૂના અહીં પૂરા પાડી શકે એમ છે.

કીર્તન સાંભળવા અને બધો વ્યવહાર જોવા અમે થોડીક મિનીટો ત્યાં બેઠા એટલામાં મેં એ દૃશ્યનો ઉતાવળો સ્કેચ કર્યો. એકબે સીખોએ તે જોયું, પણ કંઇ વાંધો લીધો નહિ. એટલે કૅમેરા જ અહીં ગુન્હાપાત્ર ગણાતો લાગ્યો. મંદિરમાં દરેક ઠેકાણે મરામત અને સાફસુફી ચાલુ રહેતાં તેના ઈંચે ઈંચ પર સીખ પ્રજાનાં દાન અને ભક્તિ આલેખાએલાં છે.

મંદિરની આસપાસ ફરતાં બીજી ઘણી સંસ્થાઓ જોવા મળે છે. ખાસ કરીને સીખ-સમસ્ત માટેનું રસોડું. જમવાને વખતે હરકોઇને ત્યાં ભાણું મળે. સંપ્રદાયના અનુયાયી માટે એ કંઈ જેવીતેવી સગવડ અને ઉદારતા ન કહેવાય. હજારોને સારૂં અન્ન અને આશ્રય આપવાની તૈયારીવાળા સંપ્રદાયનું પીઠબળ જરૂર સંગીન હોવું જોઇએ. સીખ પ્રજાનું પંચ બહુ તાકાતવાળાં રાજ્યોનું બનેલું છે. સીખ કોમની રંકથી રાય સુધીની વ્યક્તિઓનો તે ઈન્સાફ કરી શકે છે. ખુદ મહારાજા રણજીતસિંહે પણ આ પંચ આગળ નમતું આપી સંપ્રદાયનું માન કર્યું હતું. મંદિરનાં ફંડો કરોડોનાં છે. છતાં મંદિરને જાતમહેનતની સેવા આપવાનું મહાપુણ્ય સમજાયું છે. મંદિરનું તળાવ ખાલી કરી નીચેનો કાદવ ઉઠાવી જવાનું ઠર્યું ત્યારે રાજાઓ અને રાણીઓએ પાવડા-તગારાં લઈ કામનો આરંભ કર્યો હતો અને આરામ કે સગવડની પરવા કર્યા વિના લાખો સીખો અમૃતસરમાં ઉલટી પડ્યા હતા, ખાસ સ્પેશ્યલો દોડી હતી. સીખ પ્રજામાં જે અભેદ એકતા અને સંગીનતા છે તેથી જ તે અણનમ રહી શકી છે. તેઓ દુનિયાના બધા મુલ્કોમાં ધંધા ખાતર જઇ વસ્યા છે. ચમારના કામથી રાજવહીવટ સુધીના દરેક ક્ષેત્રમાં તેઓ આજીવિકા મેળવી શકે છે. છતાં દરેક સીખ, સંપ્રદાયની આંખ, એકસરખો છે. સંપ્રદાય મારફત તેમની મોટી કૉલેજો, દારખાનાં ને ઉદ્યોગશાળાઓ સફળતાપૂર્વક ચાલી રહ્યાં છે.

મંદિર જોઈ હું બહાર નીકળ્યો એટલે મણિભાઇએ યાદ આપ્યું કે જલિયાંવાલા બાગ નજીકમાં જ છે. આ ઐતિહાસિક સ્થાનની યાત્રા કર્યા વિના કેમ રહેવાય? સાંકડા રસ્તાઓ પરથી અમે એક ગલીમાં પેઠા. પછી વિશાળ ચોગાન દેખાયું. તેમાં બગીચો હજુ જામતો હતો, એટલે ચારે તરફનો વિસ્તાર અને ઘેરાવા પરનાં મકાનો જોઇ તેમાં જે ગજબનાક બનાવ બની ગયો તેનો ત્રાસ ઊપજ્યા વિના રહેતો નથી. આજે તો પ્રવેશમાર્ગ જરા મોકળો કરેલો છે; તો ય કલ્પના થઈ શકે કે એ બંધ કર્યા પછી નાસવાની કે બચવાની કોઈ બારી ન રહે. ભીંતો પર ગોળીઓ વાગેલી તે નિશાનો સાચવી રાખવામાં આવ્યાં છે. એ નહોતો કોઇ રાજદ્વારી મેળાવડો. નિર્દોષ ગામડીઆઓ અને શહેરીઓનો ઉત્સવમેળો એ હતો.

જરિયાંવાલા બાગ બાદ અમૃતસરમાં સૌથી જૂનામાં જૂના વસેલા ગુજરાતી ગૃહસ્થ શ્રી ચિરંતશંકરભાઈ પંડિતને ત્યાં ગયા. આ બાપ્પુપિતામહ જેવા પંડિતજી કાઠીઆવાડના નડડા ગામના વતની છે. તેમની પાસે ગુજરાતના આવ્યા-ગયા સૌ વેપારીઓ અને પ્રવાસીઓની સુંદર સ્મૃતિ છે. મેં તેમને વિનતિ કરી કે એ સ્મૃતિઓ ગુજરાતને વેળાસર આપે. તેમણે અને પછી ત્યાં જઈ વસેલા ગુજરાતી બંધુઓએ સમાજ સ્થાપી એક ગુજરાતી શાળા સ્થાપી છે ને સૌને એકત્ર રાખવા પ્રયાસો કર્યા છે. તેમાંથી આજે માત્ર શાળા જેવીતેવી સ્થિતિમાં ટકી રહી છે. સંસ્કારની જાગૃતિ અને સંગઠનમાં ગુજરાતી જનતા બીજા પ્રાંતો કરતાં શિથિલ જ છે એમ લાગ્યા વિના રહેતું નથી. પરસ્પરના નાનામોટા દોષો અને અસમાનતા કે રિવાજોની ચર્ચા ભૂલી જઈ જ્ઞાન, વિનોદ, સેવા અને શિક્ષણનાં કાર્યોમાં ફાળો મને ફાળો આપવો, સહકાર આપવો અને જરૂર પડે તો પોતાના વખતનો ભોગ આપવો એ પ્રત્યેક પરપ્રાંતવાસી ગુજરાતીનું સૂત્ર બનવું જોઈએ.

આ વચનો લખતાં જ મારે અમૃતસરની હિંદુ જનતાની પામર મનોદશાની નોંધ લખવાની ફરજ પડે છે.

પહેલાં હિંદુ જનતાને સીખ પ્રજા સાથે સુમેળ હતો. સુવર્ણમંદિરની નજીકમાં એક શિવાલય હતું અને ત્યાં પૂજા-અર્ચન કરવાની, આવજા કરવાની પણ છૂટ હતી. ગમે તે નિમિત્તે તેમાંથી વિરોધ જાગ્યો અને હિંદુ પ્રજાએ વટમાં આવી અમૃતસરની બહાર મોટી જગ્યા લઈ લાખોના ખર્ચે એક શિવાલય બંધાવ્યું. તેમનો ઇરાદો સુવર્ણમંદિરની સ્પર્ધા કરવાનો હતો, ધાર્મિક સરસાઈ બતાવી દેવાનો હતો; એટલે એવા તેજોદ્વેષે તેમને કલા અને કલ્પના તેમજ સત્યસંકલ્પથી વંચિત રાખ્યા અને સુવર્ણમંદિરના નમૂનાની માત્ર નમાલી આબેહૂબ નકલ કરી મંદિર બાંધ્યું છે. નાખ મંદિરના ઘાટમાં શિવમંદિર કરનારાઓએ હિંદમાં બ્રાહ્મણ ધર્મે જે સંસ્કારજાગૃતિ અને ઉચ્ચ જ્ઞાનભંડોળ આપ્યું છે તેનો સમૂળગો અસહકાર એ મંદિરમાં દેખાડ્યો છે. શિવની વિરાટ કલ્પના આપતાં ગુજરાત કે ખજુરાહોનાં અથવા ભુવનેશ્વરીનાં મંદિરોનું, શંકરાચાર્યનાં સ્તવનોનો રણકાર કરતા ઘુમ્મટો અને ઉચ્ચ ભવ્ય શિખરોવાળું હિંદી સ્થાપત્ય વીસરીને તેમણે મુઘલોના પતનકાળમાં જન્મેલું લકડાબું લાહોરી ભાસ્કર્ય એ મંદિરમાં ઉતાર્યું. પણ સીખોની ભાવના, તપશ્ચર્યા, સંપ્રદાય તરફનો ઉમળકો ને સેવા તેમાં ક્યાંથી આવે? માત્ર શ્રી તેનોએ દાનનું ગૌરવ માણવા નાણાં આપ્યાં. ને તેથી એ ખૂબ બન્યું; પણ પ્રાણ ક્યાં છે?

(ચાલુ) ર. મ. ર.


અબ્રાહમ

'જગતનો સર્વોત્તમ પુત્ર' નેપોલિયન જ્યારે સત્તાના સર્વોચ્ચ શિખરે હતો ત્યારે, અમેરિકાના પહેલા પ્રમુખ જ્યૉર્જ વૉશિંગ્ટનના અવસાનના દસ વર્ષ બાદ, ઈ. ૧૮૦૯ના ફેબ્રુઆરીની ૧૨મી તારીખે કેન્ટુકી પરગણાના નોલિન ક્રીક નજીક એક સુતારને ઘેર અબ્રાહમ લિંકનનો જન્મ થએલો. ડાર્વિન, ગ્લૅડસ્ટન અને ટેનિસને પણ એ જ વર્ષમાં જગતનાં અજવાળાં જોયાં. ઉજ્જડ જમીન પર ઊભેલી એક બદસૂરત ઝૂંપડી તે લિંકનનું જન્મસ્થાન. અને એનાં માવિત્રો પણ ઝૂંપડીના ગવૈયા બર્ન્સ, વૈરાગી લ્યૂથર કે ખુદાના મજનૂ ઈશુનાં માબાપ જેવાં જ નિષ્કંચન હતાં.

પ્રગતિને પ્રતિરોધક જ બધા સંજોગો લિંકનને ફાળે આવ્યા. દાળિયા ને ધાંધલિયાઓ વચ્ચે રહીને જિંદગી બસર કરનારો કોઈ કિશોર પોતાની પ્રતિભાની પૂર્ણ કળા સાધે એ વાત સહેજે માની શકાય એવી છે! છતાં એ નરસિંહની કાર્યમૂર્તિ, સૂર્યનો ભરપ્રકાશ અનુભવતા કોઈ શિરોન્નત શિખર જેમ હજુ અમેરિકાના મનોરાજ્યની અધિષ્ઠાત્રી રહી છે.

લિંકનનો બાપ નિરાંતિયો જીવ નહોતો. પૂરા ન વસાએલા પ્રદેશોમાં અહીંથી તહીં તે પોતાનો મુકામ બદલાવતો જ રહેતો. અબ્રાહમ સાત વર્ષનો થવા આવ્યો હશે ત્યાં ઈ. ૧૮૧૬માં એણે પોતાનો મુકામ વળી સાઉથ ઈંડીઆનામાં ફેરવ્યો. વાંસનું એક ઝૂંપડું ઊભું કરવામાં આવ્યું. તેની એક બાજુ બિલકુલ ખુલ્લી. સતત ચાલુ રહેતું એક તાપણું ગરમી આપતું ને રાની પશુઓને દૂર રાખતું. હાથે લાકડાં ફાડીફાડીને બાર મહિને છેવટે કૅબિન તૈયાર કરી. તેમાં યે પાથરણાં તો પાંદડાંનાં જ.

અમેરિકામાં ત્યારે શહેરોનો આટલો બધો ઘચૂમલો નહોતો જામ્યો. એકબીજાથી ખૂબ અંતરે એ પથરા-



જગતના મહામાનવો પૈકીના એક અબ્રાહમ લિંકનનું જન્મસ્થાન

લિંકન

એલાં. વેરાનના વસાહતીઓને તો એમની જોડે સીધો સંપર્ક રહે જ શાનો! એટલે દરેક ખેતરનો માલિક પોતાના ખપ પૂરતું પોતે જાતે જ ઉપજાવી લેતો. ભાગ્યે કોઈ શહેરની મુલાકાત લેતું. નોકરચાકર પણ કોઈને નહોતા. એક કુટુંબથી ન પતે એવા કામમાં આડોશી-પાડોશી આવી સહાય કરતાં.

એ જ પ્રચલિત રસમરિવાજ મુજબ અબ્રાહમનો બાપ ટૉમસ ખેતર ખેડી મકાઈ ને બટાટા ઉગાડતો એની મા નૅન્સી ઊન કાતરતી. કાંતતી ને કપડાં વણતી. આમ છતાં એનામાં સ્ત્રીસહજ ભીરુતા ન હતી. જેટલી કુશળતાથી એ ઘરખટલો ચલાવી શકતી એટલી જ કુશળતાથી એ બંદૂક પણ ચલાવી શકતી ને શિકાર પણ ખેલી શકતી. નાનો 'એબ' તેને બહુ ચાહતો. પણ તેની વત્સલ છાયા લાંબો કાળ ન ટકી. ક્ષયને મળતા પણ ગૂઢ એક દર્દ **'milk-sick'**થી તે ૧૮૧૮ના ઑક્ટોબરની ૫મીએ અવસાન પામી. વગડામાં જ કશી અંતિમ વિધિ વિના બાપદીકરાએ મળી તેનું દફન કર્યું.

બાપને હવે અબ્રાહમ અને તેની બહેન સારા એમ બે સંતાનો ઉપરાંત, ઉપરોક્ત ગૂઢ દર્દથી જ મરી ગએલાં માવિત્રોના અનાથ સંતાન ડેનિસ હૅન્ક્સને સંભાળવાનું માથે આવ્યું. બાર વરસની સારા ઘરનો બધો ભાર ઉઠાવવા લાગી. પણ પછી કેન્ટુકીના એલિઝાબેથ ટાઉનની એક વિધવા મિસિસ સૅલી જૉન્સ્ટન સાથે પુનર્લગ્ન કરી બાપે એ ભાર હળવો કર્યો. નવી મા ખૂબ હેતાળ નીવડી. પોતાના આગલા ઘરનાં ત્રણ છોકરાં તે સાથે લાવી હતી, પરંતુ તેમની ને નૅન્સીનાં સંતાનોની વચ્ચે તે જરા યે ભેદ ન રાખતી. એનાં સ્મરણ આંકતાં અબ્રાહમે એને 'ઉમદા ઓરત' ગણાવેલી છે.

નિશાળો એ વખતે ત્યાં વેરવિખેર હતી, એટલે ઉંમરલાયક થતાં સુધી યે અબ્રાહમનું જ્ઞાન આગળ વધ્યું ન હતું. નવી માના હેતે તેને લેખન-વાચન તરફ પ્રેર્યો. ઘરમાં કાગળ-કલમ કે સ્લેટ-પેન તો હતાં જ નહિ; ઝાડની છાલ પર કોલસાથી તે લખતાં શીખ્યો. પછી એક પુરાણું ગણિત હાથ લાગતાં એક જૂના પાવડા પરનો કચરો સાફ કરી તેના પાના પર એ દાખલા



'મારું ગમે તે થાય; મને યશ મળે, ચાહે અપયશ; પણ હું જ્યાં જ્યાં કાંટા ભાળું ત્યાં ત્યાં જો ફૂલ ઊગે તો વાવવા ધાઉં એવી મારી વૃત્તિ કાયમ રહો.'

★

અંતરનો સ્વાભાવિક ઝોક બતાવતી આ ઉક્તિ એક એવા પુરુષની ઝબાનની છે, જે દેશકાલને ઓળંગી જઈ આજે વિશ્વ-મૂર્તિ બની ચૂકેલ છે. હિંદના હકીમ મહાત્મા ગાંધીજીને બાદ કરતાં આધુનિક કોઇ અન્ય મનુષ્ય જેના જેવો પુણ્યશ્લોકી નથી નીવડ્યો એવો એ નરોત્તમ તે અમેરિકાનો ભૂતકાલીન પ્રમુખ અબ્રાહમ લિંકન. પ્રજા-તત્ત્વના આત્માનો એના જેવો પુરસ્કર્તા પણ બીજો જવલ્લે જ મળે. શાસિતોની અનુમતિ (Consent of the Governed) એ એની શાસનનીતિનું મુખ્ય સૂત્ર હતું. ઉમદામાં ઉમદા ચારિત્ર્ય, વિશુદ્ધમાં વિશુદ્ધ ચિંતન અને નમ્રમાં નમ્ર સ્વભાવ ધરાવતા એ મહાનુભાવને માનવજાતિના સર્વથા યોગ્યએલચીનું પદ નિર્વિવાદ આપી શકાય.

સર્વોચ્ચ માનવતા ધરાવતો



તરુણ લિંકનનો અભ્યાસ

ગણવા માંડ્યો. એમ કરતાંકરતાં થોડા કાગળ હાથ લાગ્યા એટલે પીછાંની કલમ અને જાંબુ જેવાં ફળોમાંથી શાહી બનાવી એણે પહેલો જ નિબંધ લખ્યો. અને તે પ્રાણીઓ પ્રત્યે ચલાવાતી ઘાતકી વર્તણૂકના વિરોધનો.

અને એના અભ્યાસનો સમય ક્યો! આખો જ દિવસ ખેતરમાં બાપ પાસે ને ઘેર મા પાસે ઘસડબોળત કરવાનો. બપોરે ખાધા પછી આરામ માટે થોડો સમય મળે. એ આરામનો સમય તે જ એનો અભ્યાસસમય. આમ, જ્ઞાનની તૃષા જાગે એવો એકે સંજોગ ન હોવા છતાં એને એટલી તો પિપાસા જાગેલી કે એના ઘરની આજુબાજુના ૫૦ માઈલમાં એવું એકે પુસ્તક નહોતું રહ્યું જે એણે વાંચ્યું ન હોય. એનું પોતાનું જ ગણી શકાય એવું તો એક જ પુસ્તક તેની પાસે હતું. ને તે આ રીતે મેળવેલું: એના સાંભળવામાં આવ્યું કે તેના ઘરથી માઈલો દૂર રહેતા કોઈ મિ. ક્રૉફર્ડ પાસે જ્યૉર્જ વૉશિંગ્ટનનું ચરિત્ર હતું. એ તરત ચાલતો ચાલતો ત્યાં પહોંચ્યો. એની ધગશ જોઈ મિ. ક્રૉફર્ડે ખુશીથી પુસ્તક આપ્યું, પણ તેની ખૂબ દરકાર રાખવા કહ્યું. પુસ્તક વાંચતો વાંચતો જ એ ત્યાંથી ઘર ભણી વળ્યો. અંધારું થતાં ઉતાવળે ઘેર પહોંચી તાપણા પાસે બેસી એ વાંચતો રહ્યો. રાત વધતાં તે ઊઠ્યો ને છાપરાનાં બે ભારોટિયાં વચ્ચે ચોપડી ભરાવી ઊંઘવા પડ્યો— ઊઠતાં વેંત તરત વાંચી શકાય એ માટે!

પણ થોડી જ વારે વરસાદ આવ્યો. અબ્રાહમે જાગી ઊઠતાં પહેલી જ સંભાળ ચોપડીની લીધી. પણ એ તો તદ્દન ભીંજાઈ ગએલી. પાનાં બધાં ચોંટી ગએલાં ને પૂઠું ઊખડી પડેલું. તરત ને તરત તાપણું સળગાવી એણે તેની મરામત કરવા માંડી. પણ ફોગટ.

એ જ વખતે એ પેલા ગૃહસ્થને ઘેર ઊપડ્યો ને ત્યાં પહોંચી હકીકત તેને કહી. પોતાની ગફલત બદલ દિલગીરી દર્શાવતો એ બોલ્યો, 'મારી પાસે પૈસા તો નથી. પણ એના બદલામાં તમે જેવું ને જેટલું કામ કહેશો એ કરી આપીશ.'

પેલા ગૃહસ્થે ત્રણ દિવસનું કામ માગ્યું. અબ્રાહમ બોલ્યો. 'ત્રણને બદલે તમે કહેશો તો એથી યે વધુ દિવસ કામ કરીશ, જો એ બગડેલી ચોપડી મારી પાસે રહેવા દેશો તો.'

'ના. ત્રણ દિવસ બસ છે,' પેલા ગૃહસ્થે કહ્યું, 'ચોપડી ભલે તું તારી કને રહેવા દેજે.'

ને આમ ત્રણ દિવસના પરિશ્રમે એ પુસ્તક લિંકનના કબજામાં આવ્યું.

હવે ધામેધામે સંસ્કૃતિનો પગ અમેરિકાનાં વેરાનો તરફ પણ લંબાતો ગયો. એક શિક્ષકે લિંકનના નિવાસથી દોઢેક માઈલ ઉપર 'લિટલ પીજિયન ક્રીક' મુકામે શાળા ખોલી. લિંકન પોતાનાં ભાંડુઓ સાથે ત્યાં ભણવા જવા લાગ્યો. એની વાચનની ભૂખ જેવી ને તેવી ઉગ્ર હતી. પછી ખૂનવિશેની કોર્ટમાં એક કેદીના બચાવ માટેનું 'વિખ્યાત મિ. બ્રેકિનરિજ'નું ભાષણ સાંભળી તેને વક્તા થવાનું મન થયું; અને ડેમોસ્થીનિસ દરિયાનાં મોજાંને સંબોધીને જેમ વક્તૃત્વ કેળવતો તેમ એણે જંગલનાં ઝાડોને સંબોધીને એ કેળવવા માંડ્યું.

ઊંડી ભૂરી આંખો, થોડા વાળ ને વિશાળ ભવાંવાળો અબ્રાહમ લિંકન સત્તરેકની વયે પહોંચતાં તો છ ફૂટ ને ચાર ઈંચ ઊંચો પડ્ડો જુવાન બની ગયો. કુસ્તીમાં ને દોડમાં, વજન ઊંચકવામાં ને જબરાં ઝાડ પાડવામાં જ

જગતનો મહાનુભાવ નરોત્તમ · પુણ્યશ્લોક અબ્રાહમ લિંકન

નહિ, પણ વિદ્વત્તા અને વિવાદમાં પણ તે એક્કો ગણાતો. પણ એથી યે વધુ સચોટ છાપ તો તેના પ્રમાણિકપણાની હતી. 'ઑનેસ્ટ એબ' તરીકે જ તે આસપાસમાં ઓળખાતો.

એકદા એક તર બનાવી એણે નદીના પ્રવાહમાં ઝંપલાવ્યું. એનાં નૌકૌશલ્ય ને હિંમત જોઇ ત્યાંના એક વેપારી મિ. જેન્ટ્રીએ તેને પોતાના પુત્ર ઍલન જેન્ટ્રી સાથે ન્યૂ ઑર્લિયન્સની ૧૮૦૦ માઈલની સફરે ખરીદી માટે મોકલ્યો. અવનવાં સાહસો અનુભવતા એક કિનારે હોડી નાંગરવી એ સૂતા હતા ત્યાં સાતેક ગુલામોએ એમના પર હલ્લો કર્યો. પરંતુ અબ્રાહમે એવો તો હાથ બતાવ્યો કે બધા જ નાસી ગયા. એમને ભાગ્યે જ ખબર હશે કે એ જ મજબૂત હાથે ભવિષ્યમાં એમની ગુલામીની શૃંખલા તૂટવાની છે.

ન્યૂ ઑર્લિયન્સમાં લિંકને પહેલવહેલી જ ગુલામોની બજાર જોઇ. રસ્તામાં યે અનેક વાવેતરો પર એમનો વેડફાતો કાળજાતૂટ શ્રમ એણે ભાળેલો. પરંતુ અહીં તો ગુલામો પ્રત્યે એમને ખરીદનારા તરફથી એવી હેવાનિયત એણે આચરાતી જોઈ કે એ જ વખતે તેના દિલમાં એક આખા ખંડના ઇતિહાસને પલટો આપનાર ભાવનાનાં બી રોપાયાં. 'મને તક મળશે તો આ આખી પ્રથા હું નાબૂદ કરીશ' તે બોલી ઊઠ્યો.

ત્રણ મહિને એ પાછો ફર્યો ત્યારે એના બાપે ફરી મુકામ ઇલીનૉઇ ફેરવવાનું નક્કી કરી નાખેલું. તદનુસાર, ૧૮૩૦ની વસંતઋતુમાં બધું વેચીસાટી આખું કુટુંબ એ ઘાસનાં મેદાનોનો પ્રદેશ કાપતું આગળ વધ્યું. બે અઠવાડિયાં પછી મૅકન પરગણાના ડીકૅટર મુકામે નવો વાસ ઊભો થયો. ત્યાંથી, એની પહેલી સફરથી ખુશ થએલા ઑફુટ નામના વેપારીએ તેને પાછો ખરાજાત માટે મોકલ્યો. આ વખતની સફરમાં એણે ગુલામગીરીનો વધુ બારીક અભ્યાસ કર્યો. એ અરસામાં 'કાળા બાજ' (Black Hawk) તરીકે ઓળખાતા એક ઈંડીઅન સરદારે બંડ ઉઠાવતાં તેના સામના માટે લિંકને સ્વયંસેવક તરીકે પોતાની સેવા આપી. જોકે તેના લડાઈના મેદાન પર પહોંચવા પહેલાં તો એ બંડ શમી ગયું.

હવે નવરા પડેલા લિંકને બેરી નામના કોઇ ભાગીદાર સાથે ન્યૂ સાલેમમાં એક સ્ટોર ખોલ્યો. પરંતુ એ ભાગીદારી તેને મોંઘી પડી. ભાગીદાર ખૂબ દારૂડિયો હતો ને દારૂમાં જ તે ખતમ થયો, પરંતુ પાછળ દેવું એટલું મૂકતો ગયો કે તે ચૂકવતાં લિંકનને સત્તર વરસ લાગેલાં!

> **પોતાનું આત્મવૃત્તાંત લખવાનું કહેવામાં આવતાં જેણે ચાર જ લીટીમાં તે પતાવી દીધેલું એટલા બધા વિનમ્ર અને પુણ્યશ્લોકી પુરુષની કારકિર્દીને વધુ તારીફથી શા માટે ગુંગળાવવી એ તો અનન્ય હતો ને અનન્ય જ રહેશે.**

આમ, પરેશાન બની એણે છેવટે પોસ્ટ માસ્તરની નોકરી સ્વીકારી. પણ પગાર બહુ ટૂંકો, એટલે મોજણીકામ શીખ્યો ને એમાંથી થોડીઘણી આવક મેળવવા લાગ્યો. ધીમે ધીમે બધું થાળે પડતું જતું હતું ત્યાં તો પોસ્ટ ઑફિસ જ બંધ થઇ! એક તો દેવાનો પથ્થર ગળે લટકતો હતો, ત્યાં આ નવી આપદા ઊભી થઇ. પણ એના પર અફસોસ કરવાને બદલે પ્રફુલ્લ ચિત્તે લિંકને એ નવી પરિસ્થિતિ આવકારી લીધી. એની સલુકાઇને લઇને ગામલોકોનો પણ તે ખૂબ માનીતો થઈ પડ્યો હતો. ગામના થોડાઘણા કાગળો આવે તે હૅટમાં લઇને એ નીકળે ને જે જે મળે તે તેને તેમના કાગળો આપી દે. એ પરથી લોકો રમૂજમાં કહેતા કે 'ન્યૂ સાલેમની પોસ્ટ ઑફિસ તો અબ્રાહમ લિંકનની હૅટમાં જ છે.' પોસ્ટ ઑફિસ બંધ પડતાં એણે બધા હિસાબકિતાબ તૈયાર કરી રાખ્યા, પણ કોઈ ચોખવટ કરવા જ ન આવ્યું.

હવે એનું મન કાયદા તરફ વળ્યું. એ વખતે વકીલાતમાં પ્રવેશ બહુ સહેલો હતો. એટલે પ્રૅક્ટિસનું લાઇસન્સ એને તુરત મળ્યું. પચીસ વર્ષની વયે ઈલીનૉઈ પરગણાના ધારાસભામાં એ ચૂંટાયો ને પોતાનો બધો અસબાબ ઘોડા પર નાખી તે એના મુખ્ય શહેર સ્પ્રિંગફિલ્ડ પહોંચ્યો. ત્યાંના શહેરીઓને વિનમ્ર ભાવે એણે પોતાની ઓળખાણ આપીઃ "વહાલા શહેરીઓ, હું કોણ છું તે તમે જાણતા હશો. હું સીધો સાદો અબ્રાહમ લિંકન છું.. મારું રાજકારણ પણ કોઈ ઘરડીના નૃત્ય સમું અલ્પ ને સુમધુર છે." શહેરીઓને એ વખતે કલ્પના પણ ક્યાંથી હોય કે આ સીધો સાદો

તરુણુ એમના શહેરને જગતખ્યાત કરશે.

પણ લિંકન સ્પ્રિંગફીલ્ડમાં વકીલાત કરવા ને પાર્લામેન્ટમાં બેસવા જ્યારે આવ્યો ત્યારે સૂવા માટે પથારી ખરીદવાના યે પૈસા તેની પાસે નહોતા. જોશુઆ સ્પીડ નામના એક માયાળુ દુકાનદારે તેને પોતાની અરધી પથારી સૂવા માટે કાઢી આપી ને તેનું ગાડું ચાલ્યું. પરંતુ ત્યાં પાછો સરકારી એજન્ટ જૂની પોસ્ટ ઑફિસનું લફરું પતાવવા આવી લાગ્યો. મિત્રો વિમાસણમાં પડ્યા કે આ સ્થિતિમાં લિંકન શું કરશે. પૈસા ધીરવા પણ તેઓ ઉત્સુક હતા, પણ લિંકને તો શાંતિથી એક બોખું ઉઘાડી તેમાંથી એક જૂનું મોજું કાઢી ખંખેર્યું ને હિસાબનું કાગળિયું સોંપી પૈસા તપાસી લેવાનું કહ્યું. એ પોસ્ટ માસ્તર હતો એ વખતના જ પૈસા જેમના તેમ પડેલા હતા. એણે ખુલાસો કર્યો, 'જે પૈસા મારા નથી હોતા તેને હું અડતો જ નથી.'

ઈ. ૧૮૪૨માં કેન્ટુકીની મેરી ટૉડ સાથે એ પરણ્યો. એનાથી યે વધુ મહત્ત્વાકાંક્ષી એની મહોરદાર આ લગ્ન પર ખૂબ મગરૂબ રહેતી, પણ લિંકને તો ઘરની શાંતિને વફાદાર રહેવા કરતાં પોતાના ધ્યેયને વફાદાર રહેવાનું જ મુમકિન માન્યું હતું.

વકીલાતમાં પણ કાયદાનું દૃષ્ટિબિંદુ એ ભાગ્યે જ વિચારતો. ન્યાય કે અન્યાય એ જ તેનો મુખ્ય સવાલ રહેતો. સાક્ષીઓને અટપટા પ્રશ્નો પૂછી ગભરાવવાની તે મુદ્દલ કોશિષ ન કરતો, કારણ બીજાઓની ભૂલનો લાભ લેવાનું તેના સ્વભાવથી કોશો દૂર હતું. અસીલ નીતિની દૃષ્ટિએ જૂઠો જણાય તો કાયદાની દૃષ્ટિએ સાચો હોવા છતાં એ તેનો કેસ હાથ ન ધરતો, જ્યારે ન્યાયની બાજુએ વગર મહેનતાણે પણ તે ઊભો રહેતો.

એક વખત એના ઓળખીતા એક કુટુંબનો છોકરો એક ખૂનના કેસમાં સંડોવાયો. કુટુંબ ગરીબ હોઈ વકીલ રોકી શકે એમ ન હતું ને કેસ પણ હાથથી ગયો લાગતો હતો, કારણ ખૂન નજરોનજર થતું જોનાર સાક્ષી મોજૂદ હતો. લિંકનને આ વાતની ખબર પડતાં જ એણે બચાવ માટે ઊભા રહેવાનું વચન આપી પેલા કુટુંબને દિલાસો દીધો. આખો કેસ એણે ચાલવા દીધો. બધો યે વખત તે શાંત જ રહ્યો. સાક્ષીએ વારંવાર એ બાબત ભારપૂર્વક જણાવેલી કે અમુક તિથિએ નવ ને દસ વાગ્યાના વચગાળામાં ચાંદનીના પૂર્ણ પ્રકાશમાં એ ખૂન થતું એણે જોએલું.

બધી દલીલો પતી જતાં બચાવ માટેના છેલ્લા શબ્દો કહી લેવાનું લિંકનને કહેવામાં આવ્યું. એવી જ શાંતિ ને એવા જ સ્થૈર્ય સાથે કશું પણ બોલ્યા ચાલ્યા વિના એણે તો બધાની અજાયબી વચ્ચે ખીસામાંથી પંચાંગ કાઢી આગળ ધર્યું ને બધાના લક્ષ પર વાત આણી કે સાક્ષીએ કહેલી તિથિએ ચન્દ્ર અગિયાર વાગ્યા પહેલાં ઊગે જ નહિ! આરોપીને છોડાવવા આ એક જ નક્કર પુરાવો બસ થઈ પડ્યો.

ન્યાય માટે લિંકનની વૃત્તિ એટલી તો ખબરદાર રહેતી કે એક કેસમાં પોતાનો અસીલ ગુનેગાર જણાતાં ચાલતા કેસે તે કોર્ટ છોડી ચાલ્યો ગએલો ને ન્યાયાધીશે હાજર થવાનું ફરમાન મોકલતાં પ્રત્યુત્તર મોકલેલો, કે 'ન્યાયાધીશને કહો કે મારા હાથ ખરડાયા છે તે ધોવા હું રોકાયો છું.' એની પાસે આવતા ઘણાખરા કેસ તો પરસ્પર સમજાવટથી જ તે પતાવી દેતો ને કોર્ટે ચડતા કેસોની ફી પણ ઓછી લેવાથી વકીલો હમેશાં બૂમો પાડતા રહેતા કે તેમનો ધંધો એ ભાંગી નાખશે. પણ લિંકનને એવા બૂમરાણની કશી પડી નહોતી. કાયદાના અભ્યાસી એક તરુણને પણ એણે સલાહ આપેલી કે 'કાયદો ભણીને તારાથી પ્રમાણિક વકીલ નહિ થઈ શકાય એમ લાગતું હોય તો બહેતર છે કે કાયદો જતો કરીને તું ઈમાન જાળવી રાખ.'

'For God's sake let us sit upon the ground
And tell sad stories of the death of kings.'

એ શેક્સપીઅરની પંક્તિઓ લિંકનને ખૂબ પ્રિય હતી. એકાંતમાં અવારનવાર એ પંક્તિઓ તે ગુંજી ઊઠતો; કેમ જાણે માનવ-ઇતિહાસની કરુણમાં કરુણ ગાથાના એ કરુણતમ અધિનાયકના પશ્ચાદ્જીવનનું તે પ્રતિબિંબ ન હોય?

(ચાલુ) **અશોક હર્ષ**

તેનું જીવન સફળ છે, જે શકય એટલી સુંદરતાથી જીવતો હોય, પ્રેમથી તેનું હૃદય ને સ્મિતથી તેનું મુખ સદા જ્વલંત હોય ને જેણે બાળકોનો પ્રેમ, યુવાનોનો આદર, વડિલોનું વાત્સલ્ય ને બુદ્ધિમાનોનો આવકાર મેળવ્યો હોય.

वाचाळ मौनवादी

लेखक

दत्तात्रेय बालकृष्ण कालेलकर

काश्मीरनी યાત્રા પૂરી કરીને હું ગંગાતટે હૃષિકેશ પાસેના સ્વર્ગાશ્રમમાં કેટલાક દિવસ રહ્યો. એકસરખો પ્રવાસ કરવાને લીધે પ્રકૃતિ સારી પેઠે ક્ષીણ થઈ ગઈ હતી. સ્વર્ગાશ્રમના અન્નછત્રમાંથી દાળરોટી મળવાની સગવડ હતી. અમે કેટલાક યુવાન સાધકો સ્વર્ગાશ્રમના બદરીવનમાં પોતપોતાની ઝૂંપડી પસંદ કરીને રહ્યા. ગંગાના સામા કાંઠા ઉપર લાલા બૈજનાથે, સ્વામી રામતીર્થના નામથી સ્થાપન કરેલો રામાશ્રમ હતો. ત્યાંના પુસ્તકાલયમાંથી કેટલાક સાધકો પુસ્તકો વાંચવા માટે લાવતા. મારી પાસે મારી પોતાની કેટલીક ચોપડીઓ હતી. રાત્રે અઢી અથવા ત્રણ વાગ્યે ઊઠીને હું ધ્યાનમાં બેસતો. તે નિર્જન વનમાં કોઈકોઈ વાર મુક્ત કંઠે ભજન પણ ગાતો. ઉષા પ્રગટ્યા પહેલાં જ હું ગંગાના પ્રવાહમાં સ્નાન કરીને જપ કરવા બેસી જતો. બપોરનું ભોજન થઈ જાય એટલે પછી થોડુંક લેખનવાંચન કરતો. મારું લેખન કેવળ આત્મનેપદી હતું. મારે કોઈ પુસ્તક લખવું ન હતું, કે કોઈ છાપા કે માસિકને લેખ લખીને મોકલવો ન હતો. કોઈ મિત્રને પત્ર લખવાની પણ ઇચ્છા ન હતી. મારું લેખન એટલે ચિંતનનો જ એક પ્રકાર. લખવાની લહેર આવે ત્યારે થોડું લખવું અને પછી ફાડી નાખવું. સાંજે ચારપાંચ વાગ્યાને સુમારે અમે અમારી ઝૂંપડીમાંથી બહાર નીકળીને આસપાસ ફરવા જતા.

ગમે તેવા થયા તોપણ અમે આખરે મનુષ્ય ખરા જ. સામાજિક જીવનનો થોડોઘણો ભાગ અમને જરૂરી લાગતો. અમારી ઝૂંપડીઓમાં કોઈ બંગાળી, કોઈ મદ્રાસી, કોઈ મહારાષ્ટ્રી અથવા ગુજરાતી, તો એકાદો સિંહલી,—એમ અનેક પ્રાંતના સાધુઓ હતા. દેખીતી રીતે સંયુક્ત પ્રાંત અને પંજાબ એ બે પ્રાંતના સાધુઓની સંખ્યા એમાં વધારે હતી. તે બધા ઠાવકી હિંદી બોલતા. તેમની ટોળી જ જુદી. અમે અન્યભાષી લોકો હિંદીમાં બોલવા જઈએ એટલે અમારું ટીખળ જ થાય. આથી, સ્વાભાવિક રીતે અમારામાંના જેમને અંગ્રેજી આવડતું તેમની ટોળી જુદી થઈ. તેમાંનો એક બંગાળી યુવાન સાધક મોટો સેવાપરાયણ અને મિઠાઈપરાયણ હતો. હૃષિકેશના બજારમાં કોઈનું કાંઈ પણ કામ હોય તો ભાઈસાહેબ ત્યાં જઈને કાળજીથી કરી આવે અને દલાલી તરીકે સીધી રીતે તમારા પૈસામાંથી મિઠાઈ ખાઈ આવે. તેની અંગ્રેજી ભાષા બિલકુલ ચીની પદ્ધતિની. તેને અવ્યયો કે પ્રત્યયોની કંઈ આવશ્યકતા જ નહોતી. નામ, સર્વનામ અને ક્રિયાપદ પાસે મૂક્યાં એટલે કામ ચાલ્યું. અમે અંગ્રેજી બોલનારા ઘણે ભાગે ધાર્મિક ગ્રન્થોની ચર્ચા કરતા. એ વિષય ન હોય ત્યારે દરેકને પોતપોતાની પ્રવાસવર્ણનની પોથી નછૂટકે ઉઘાડવી જ પડતી.

સાધુ લોકો જે રીતે આપસઆપસમાં વાતો કરે છે તે પ્રમાણે પ્રાકૃત ગૃહસ્થો સાથે નથી કરતા. સાધુઓને સંસારી લોકો સાથે બહુ સંભાળીને બોલવું પડે છે. સાધુ કોઈ દિવસ પ્રથમપુરુષ સર્વનામ વાપરતો નથી. 'હું' કહેવાને બદલે 'આ શરીર' એમ જ કહે છે. 'ઇસ શરીર કો જુખામ (સળેખમ) હો ગયા હૈ', 'ઇસ શરીર ને તીન દફા બદરીનારાયણ કી યાત્રા કી હૈ', 'ઇસ શરીર કો સૂંઘની (તપકીર) કી આદત હૈ'. જે કાંઈ થાય છે તે શરીરને થાય છે. આત્મા તો દેખીતી રીતે અલિપ્ત જ હોય! જે મહાત્માને આત્મજ્ઞાન થયું હોય તે પોતાના શરીરના તુચ્છ વ્યવહારનો સંબંધ પોતાના શરીરની સાથે જ લગાડે છે. જો આત્માનો સંબંધ શારીરિક ક્રિયા સાથે લગાડ્યો તો અજ્ઞાનતાનો મોટો દોષ પોતાને લાગી જાય!

કેટલાક સાધુઓ કર્તાકારવતા પરમેશ્વર છે, એ સિદ્ધાંતનું અવલંબન કરીને 'આ શરીર' કહેવાને બદલે 'નારાયણ' એમ કહે છે. 'આજ નારાયણને તેનો એક પ્રેમી ભક્ત મળ્યો. નારાયણને પ્રથમથી જ ઠંડાઈની ટેવ. તે કેટલાક દિવસ થયાં નહોતી મળી. આજ તે ભક્તે નારાયણને એવી તો કાંઈ સ્વાદિષ્ટ ઠંડાઈ તૈયાર કરી આપી કે નારાયણની તબિયત ખૂબ ખુશ થઈ.'

'ગિરસ્તી' (ગૃહસ્થ) લોકો સાથે શાસ્ત્રોક્ત બોલવું જોઈએ, કારણ કે તેઓને આત્માઅનાત્માનો વિવેક

નથી હોતો. પણ જ્યારે ચાર સાધુ એકત્ર થાય અને તેમની દોસ્તી બંધાય ત્યારે 'શરીર' અને 'નારાયણ'ને વચમાં લાવવાની જરૂર હોતી નથી. બધા જ જ્ઞાની અને મુક્ત હોવાને લીધે આપસઆપસમાં ગમે તેવી ભાષા બોલે તોપણ ચિત્ત ભ્રાન્ત થવાનો સંભવ રહેતો નથી. અમે પોતપોતાના ઘરની વાતો પણ કોઈકોઈ વખત કરતા. સાધુએ પૂર્વાશ્રમના પ્રસંગનું સ્મરણ સરખું પણ કરવું ન જોઈએ એવો વૈરાગ્યધર્મનો નિયમ છે. પૂર્વાશ્રમનું સ્મરણ કર્યાથી શા શા દોષો લાગે છે એની પણ અમને ખબર હતી. પણ અમે વિચારતા કે જેને આવી પૂર્વસ્મૃતિના દોષોની ખબર છે તેને માટે તે દોષો ટાળવા કઠણ નથી. 'यत् दृष्टं तन्नष्टम्' જે દોષ દેખાઈ આવ્યો—ઉઘાડો પડ્યો—તે કેવી રીતે નડે? બંધન અજ્ઞાનને જ લાગે છે.

અમારી સાથે નારાયણન્ કરીને કેરળનો એક બ્રહ્મચારી હતો. તે આખો દિવસ યોગવાસિષ્ઠના અંગ્રેજી ભાષાંતરનું પારાયણ કરતો. સાંજે મળે કે યોગવાસિષ્ઠ વિષે મારી સાથે વાર્તાલાપ શરૂ થાય. યોગવાસિષ્ઠ વાંચતાંવાંચતાં તેને મૌનનું મહત્ત્વ સમજાયું; અને પછી તે જ અમારા મન ઉપર ઠસાવવા માટે તે સતત પ્રયત્ન કરવા લાગ્યો. મારો તેની જોડે મતભેદ હતો. મેં કહ્યું, આપણે બધા સાધક છીએ. આપણે જે કાંઈ બોલીએ છીએ તે અનુભવની વાતો હોઈને તે વડે ઉત્કટ સાધનાનું વાતાવરણ ઉત્પન્ન કરીએ છીએ. આપણી ટોળીમાં જો કોઈ જેવીતેવી વાતો કરે તો આપણે તેનો અવશ્ય પ્રતિબંધ કરવો જોઈએ. આપણે કાંઈ મોજ કરવા આવ્યા નથી. પણ રોજ સાંજે કલાકવાર બોલીએ છીએ ને બંધ કરવાની જરૂર નથી. નારાયણન્‌ને મારા એ આદર્શમાં થોડી શિથિલતા જણાઈ. તેણે કહ્યું, 'એ નહિ ચાલે. વાણીમાત્ર સદોષ છે. સાધકોએ બોલવું જ ન જોઈએ.'

દુર્દૈવ મારું કે તેનું કહેલું મારે ગળે ઊતર્યું નહિ. તેથી મારા પ્રત્યે તેને જે સદ્‌ભાવ હતો તે હળવે હળવે સુકાઈ ગયો. પહેલાં પ્રમાણે તે મારી સાથે બોલતો અટકી ગયો. જ્યારે અમે પહેલા મળ્યા ત્યારે તેણે પોતાની આખી કર્મકહાણી કહી હતી. પણ આ બધી 'યોગવાસિષ્ઠ'નો કેફ ચડ્યા પહેલાંની વાત છે. તેનું આ બદલાઈ ગએલું વલણ જોઈને મેં મનમાં કહ્યું, 'साधनानामनेकता' દરેકનો સાધનક્રમ જુદો હોય છે. એને કદાચિત્ સંપૂર્ણ મૌન જ આવશ્યક હશે એમ વિચારીને મેં પણ તેની સાથે બોલવું બંધ કર્યું. અમે કોઈ દિવસ નકામી વાતો તો કરતા જ નહિ. તદ્દન અંતરની વાતો જ કરતા. તેને આવો શુષ્ક થએલો જોઈને મને માઠું તો લાગ્યું, પણ ઉપાય શો? તે જો મારા ઉપર ગુસ્સે થયો હોત અથવા ચીડાયો હોત તો મેં તેને સમજાવ્યો હોત. પ્રસંગ પડ્યે ક્ષમા પણ માગી હોત. પણ સ્વભાવ માટે ઓસડ કયું?

થોડા દિવસ ગયા અને લંકાથી એક યુવાન સંન્યાસી આવ્યો. તેનું શરીર તામિલ ભાષા બોલનારું હતું. એ હિંદી પણ સારી બોલતો, પરંતુ મદ્રાસી લ્હેકા સાથે. તેની સાથે વાતચીત કરતાં મને જણાયું કે આ મૂર્તિ પણ મૌનવાદી જ છે. મેં તેને મારો પક્ષ સમજાવવાનો પ્રયત્ન કર્યો, પણ હું ફાવ્યો નહિ. ઉલટું અમારા નારાયણન્ કરતાં પણ એ વધારે કટ્ટર લાગ્યો. વાણીમાત્ર પાપ છે, એવો તેનો નિશ્ચય હતો. મેં તેને કહ્યું, 'તમારા જેવો જ મત ધરાવતા એક બ્રહ્મચારી અમારે ત્યાં છે. તમારા જેવા જ ''ચક્રમ''; યોગવાસિષ્ઠ વાંચે છે; મૌનવાદી છે.' બે મૌનવાદીનો પરિચય થતાં કેટલો વખત લાગે? એ નવા આવેલા શંકરાનંદજીએ અમારા બાકીના બધાનો એકદમ ત્યાગ કર્યો. પછી તો નારાયણ અને શંકરાનંદ બંને સાથે ફરવા લાગ્યા. ગંગા ઉપર નહાવા જાય તે પણ સાથે. જ્યારે જુઓ ત્યારે તેમની જોડી જ હોય. અમારામાંથી એક જણ ન્યાયશાસ્ત્ર વાંચતો હતો તેણે આ બેલડીનું નામ અયુતસિદ્ધ રાખ્યું. तौ एव अयुतसिद्धौ द्वौ विज्ञातव्यौ ययोः द्वयोः अनश्यत् एकम् अपराश्रितम् एव अवतिष्ठते।'

પણ આશ્ચર્યની વાત એ હતી કે ગમે ત્યારે આ બે જણાને જુઓ—સવારે, બપોરે કે સાંજે—ગંગાના પ્રવાહ પ્રમાણે એમના સંભાષણની વાગ્ધારા અખંડ ચાલતી જ હોય! અને જ્યારે જ્યારે મારા સુદૈવે તેમનું સંભાષણ મને સાંભળવા મળતું ત્યારે ત્યારે તે અચૂક મૌનની પ્રશંસા ઉપર જ રહેતું!

મૌનવાદીઓએ પ્રાકૃત લોકો સાથે મૌન રાખવું જ જોઈએ. મૌનવાદીઓ આપસ આપસમાં અખંડ બોલતા રહે તો પણ તેમનું મૌન તૂટતું નથી!!

(મરાઠી ઉપરથી અનુવાદક કનૈયાલાલ બી. વોરા)

વિખ્યાત અંગ્રેજ લેખક એચ. જી. વેલ્સની The man who could work miracles પરથી



જૂની દુનિયા ભૂંસીને તેને નવો અવતાર આપવાની કલ્પના ઉપર મંડાએલી એક રંગદર્શી કથા જેમાં માણસજાતની અહંતા અને વાસનાઓ પર ચતુર વ્યંગ કર્યો છે

(ગયા અંકથી સંપૂર્ણ)

બારણા બહાર કર્નલ ને પ્રોફેસર મૂંગામૂંગા ઊભા રહ્યા પછી કર્નલે પોતાનાં હથિયારો તપાસવા માંડ્યાં ને પ્રોફેસરે મુંઝાતાં ખીજાતાં બારણા ભણી તાકવા માંડ્યું.

એટલામાં સુબોધ બહાર આવ્યો. બેમાંથી એકે બોલ્યું નહિ. બન્ને ઇચ્છતા હતા કે સુબોધ જ બોલવાની શરૂઆત કરે. અને એમ જ બન્યું

'છેવટે મારા વિચારો મેં ઘડી કાઢ્યા છે. તમારી–હા, તમારી આ જૂની દુનિયા ખલાસ થશે. બીજી નવી દુનિયા જન્મશે, અને તે દુનિયા મારી થશે.'

પ્રોફેસર: પણ લોકોને આ ઓચિંતા પરિવર્તન પહેલાં થોડોક અવકાશ આપવો જોઇએ.

સુબોધ: અવકાશ આપવો અને રાહ જોયા કરવી એમ ને? એ નહિ બને, હરગીઝ નહિ બને. મારે મારા વિચારો અહીં અને અત્યારે જ બર લાવવા છે.

પ્રોફેસર: પણ એટલું તો હું કહીશ જ, સુબોધ, કે પહેલાં નિશ્ચિત યોજના ઘડી રાખજે. પછી ભલે તને ફાવે તેમ ગાડું હંકારજે! તું જાણે તો છે ને, કે સમાજમાંનાં બીજાં માણસો જેવો હું નથી?

સુબોધ: તમે કેવીક યોજના કહો છો?

પ્રોફેસર: સમતુલા; નિયમન; સર્જક આદર્શો.

સુબોધ: આદર્શો? હવે નથી જોઇતા! મારે કશી યોજનાની જરૂર નથી. મારે અત્યારે જ નવી દુનિયા રચવી છે. મારી નજરે તેનું ગૌરવ મારે જોવું છે, સમજ્યા?

પ્રોફેસર: પણ...

'ચૂપ રહો' વચ્ચે જ સુબોધે તેમને અટકાવી દીધા.

સુબોધે અદબ વાળી કડકાઇથી હોઠ બીડ્યા અને આજ્ઞાકારી સૂરે તે બોલ્યો: 'આ ઘરને બદલે અહીં એક સુંદર મહેલ બની જાઓ!'

તરત કર્નલનું ઘર વિશાળ મહેલમાં ફેરવાઇ ગયું. બારીઓમાંથી આથમતા સૂર્યનાં કિરણો ધસી આવ્યાં.

'વાહ વાહ! પાશ્ચાત્ય સ્થાપત્યની સર્વાંગ સંપૂર્ણતા આમાં સચવાઇ છે. પણ મારે હજુ લશ્કર જોઈએ. અને હાથીઓ તો આપણે ત્યાં રાજમહેલની ખાસ શોભા ગણાય છે! પણ એ બધું પછી. હમણાં ખરેખરી જરૂર તો માલતીની જ છે.'

એણે ફરી અદબ વાળી અને આજ્ઞા ફરમાવી: 'માલતી અહીં આવી જાય!'

માલતી દેખાતાં વેંત બોલી ઊઠી: 'ઓહ, સુબોધ, મ્હેલો ઠાઠ જમાવ્યો છે ને શું? પણ ચન્દ્રકાન્ત ક્યાં છે?'

સુબોધ: કેમ? તેના વગર નહિ ચાલે?

માલતી એમ ને એમ જમીન પર બેસી ગઇ. સુબોધને થયું, 'આવા સરસ મહેલમાં બેસવાનું યે સાધન નહિ? ચાલો, મહેલમાં રજવાડી ફર્નિચર આવી જાઓ.'

અને આખા મહેલમાં ફર્નિચર ગોઠવાઇ ગયું.

સુબોધે સ્નેહલતાને પણ બોલાવી. પછી બન્નેને સંબોધતો તે બોલ્યો: 'લતા, માલતી, જુઓ! સુબોધના ચક્રવર્તિત્વની આ શરૂઆત થાય છે.'

લતા બોલી ન શકાય એટલા અચંબા ને આનંદમાં સુબોધ સામે જોઇ રહી. પણ માલતી ખળભળી ઊઠી: 'સુબોધ, ચન્દ્રકાન્તને કશું ન કરતો!'

સુબોધ: એમ? માલતી તું ગુમાની છે, પણ હું તારાથી યે વધુ ગુમાન રાખતો થયો છું. તારા જેવી રૂપાળી છોકરીઓનો તો મેં ચોક્કસ ઘાટ ઘડી રાખ્યો છે! હમણાં તો હું જે કરું તે જોયા કર.

અને પ્રોફેસર ફડકે, તમે પણ જુઓ; જે તમે મારી પાસે કરાવવા માગતા હતા એ હું હવે મારી જાતે કરું છું. હું જૂની દુનિયાનો સદંતર નાશ કરું છું.

પ્રોફેસર, લતા, માલતી, કર્નલ બધાં જ એકસામટાં ચમકી ઊઠ્યાં: 'સુબોધ! સુબોધ!!'

સુબોધે ઉપેક્ષાભર્યું એક સ્મિત કરી સ્વાગતોત્તર આરંભ વાળી: 'હું બોલાવું એ બધા લોકો સમાઈ જાય એવડો મોટો આ ખંડ બની જાય!'

તે બોલ્યો અને વિશાળતા અનેકગણી વધી ગઈ.

'દુનિયાના મોટા મોટા શરાફો અહીં આવી જાય.'

અચંબામાં ફાટેલી આંખોવાળા વિવિધ દેશવાસીઓ એ ખંડમાં આવી લાગ્યા.

'દુનિયાના સફળ અને સમૃદ્ધ સર્વ વેપારીઓ અહીં આવી જાય.'

અને જામેલા ઘેરામાં નવો ઉમેરો થયો.

'હવે પાંચસો જણ એવા આવી જાય જે પ્રજાઓ પર શાસન ધરાવતા પ્રમુખો કે સરમુખત્યારો હોય, પત્રકારો કે પત્રકારોના રાહદર્શકો હોય!'

ભવ્ય આકૃતિઓવાળાં થોડાંએક વધુ સ્ત્રી-પુરુષો આવી લાગ્યાં. તેમાં થોડાક ધર્મગુરુઓ પણ હતા. ઘેરામાં હિંદી, જાપાની, ચીના, અમેરિકનો ને યુરોપિયનો ઉપરાંત બેચાર સીદી ને આરબો પણ હતા. બધાંની આંખો અચંબામાં આમતેમ ફરી રહી. અંતે આ બધા ઉત્પાતના જનક તરીકે સૌની નજર સુબોધ ભણી ખેંચાઇ.

સુબોધ બોલ્યો: 'મહાશયો, હું ગમે તે હોઉં; પણ નવી દુનિયાના સર્જનમાં મારે તમારો ઉપયોગ કરવો છે—તમારો બધાંનો, સમજ્યા!'

વચ્ચે સંતોષનો એક દમ ખેંચી એણે આગળ ચલાવ્યું: 'આ દુનિયાને તમે જરા સુધારો. વધુ તંદુરસ્ત, વધુ સુખી અને વધુ સાહ્યબી બનાવો. અત્યાર સુધી તો નીચોવાએલી સમૃદ્ધિની ચરબી પર જ તમે જીવ્યા છો. અને કમને પણ દુનિયા તમને મહાન ગણી લેતી; તમારામાં વિશ્વાસ મૂકતી. અને તેના વિશ્વાસના બદલામાં તમે દુનિયાને શું આપ્યું? કામધેનુ જેવી દુનિયામાં તમે તંગીને પેદા કરી. વિજ્ઞાનને પણ તમારા સ્વાર્થીનું હથિયાર બનાવી મૂક્યું. અને એ વડે જે સત્તા ફેલાવી તેમાં અમારો—દુનિયાના સાધારણ વર્ગનો શો હિસ્સો રાખ્યો?'

અર્થશાસ્ત્રીઓ અને પત્રકારોમાં ગણગણાટ શરૂ થયો. દૂર સરમુખત્યાર જેવા લાગતા કોઇ કદાવર સૈનિકનો હાથ રિવૉલ્વર પર ગયો. સુબોધે તે જોયું: 'મહાશય એથી કશું નથી વળવાનું. એવી રિવોલ્વરો તો મારી સામે ઘણી યે તકાએલી. બધી યે નિષ્ફળ ગએલી. તેમ જ આ પણ જશે.

'સજ્જનો, આ બારીઓમાંથી બહાર નજર કરો. જુઓ, સુરજ આથમે છે. એ તમારો સુરજ આથમે છે. અને એ આથમી જતાં પૂર્વે તમારે તમારૂં કાર્ય શરૂ કરવું જોઇએ. મને—તમને—લોકોને સુખી કરતી નવી દુનિયા રચવાની છે. તમે બધા દુનિયાને ઉપયોગી છો અને હવે ખરેખર ઉપયોગમાં આવો.

તમને ખબર છે ને, કે દુનિયા માટે નાણાંને તમોએ આશીર્વાદને બદલે એક શાપ સમાન બનાવી મૂક્યું છે! કારણ, તમારે પોતાને એમાં ગળાબૂડ ફસાઇ જવું હતું! નાણું' કેવી કરુણ મજાક?! એ વડે તમે તમારા પોતપોતામાં પણ છેતરપિંડીની રમતો રમતા! અને સાધારણ વર્ગને તો તમારી ફુરસદમાં યે ભાગ નહિ!

અને તમે લડાઈઓ કેટલી બધી વધારી મૂકી? તમે ધારત તો લડાઇનું જડમૂળથી નિકંદન કાઢી નાખી શકત; તેને બદલે તમે તો સૈનિકોની કવાયતો જોઈ મગરૂર બતક જેમ હરખાતા રહેતા! સાધારણ વર્ગ તરફ તો તમારા નાકનું ટીચકું ચડ્યું જ રહેતું!'

મૂંજાતા હોઈ ઘડીભર મૌન સેવી તે ફરી બોલ્યો:

'લશ્કરી અફસરો, પરદેશમંત્રીઓ, ગૃહમંત્રીઓ, નાણાંશાસ્ત્રીઓ વગેરેની નરદમ જૂઠી દિલાસો વગર તમે તમને સહીસલામત ન માની શકતા! પણ એ લમણાંઝીક હું ઝાઝી લંબાવવા નથી ઇચ્છતો. મને તો તમે નવી દુનિયા સર્જવા માટેના પોષક વિચારો આપો. તે સિવાય તમે અહીંથી ખસી શકશો નહિ. ખાઇ કે પી પણ નહિ શકો. અને છતાં જો નહિ માનો તો બાળક જેમ પાટી પરથી બધા અક્ષરો ભૂંસી નાખે છે તેમ તમને બધાંને એકસામટાં આ દુનિયામાંથી હું ભૂંસી નાખીશ.'

પ્રોફેસર: હવે તો ચસકી જ ગયું લાગે છે!

સુબોધ: એમ કે, પ્રોફેસર ફડકે? તમને વધુ અવકાશ આપવાની ઉદારતાનો તમે આવો જ ગેરઉપયોગ કરવા માગો છો?

કર્નલ: પણ એ બધું તરતમાં નહિ જ બની શકે ને?

પ્રોફેસર: અને હવે તો સૂરજ પણ આથમે છે. સુબોધ, આજની રાત બધાંને વિચાર કરવાની તક આપ

સુબોધ: સુરજ આથમે છે ખરું? કશી પરવા નહિ! હું તેનો અસ્ત અટકાવી શકું છું.

ઘેરામાંથી એક જણ: તમે સૂર્યાસ્ત તો નહિ જ અટકાવી શકો. હું ભૌતિકશાસ્ત્રનો વિખ્યાત પ્રોફેસર ગોલાન્ઝ છું અને કહું છું કે તે અશક્ય છે.

સુબોધ: અશક્ય! હમણાં જ તમે જોશો કે હું તે શક્ય કરી શકું છું.

પ્રો. ગોલાન્ઝ: એમ કરતાં તો બધા ગ્રહોપગ્રહોનો એક બીજા સાથેનો સંબંધ તૂટી જઇ તે સઘળા અવકાશમાં ગબડી પડશે.

સુબોધ: એ તમારું પ્રોફેસરપદું તમને જ મુબારક હો! હું મારી ઇચ્છા બર લાવવાનો જ.

પ્રો. ગોલાન્ઝ: તો તમારે પૃથ્વીને પણ ફરતી બંધ રાખવી પડશે.

સુબોધ: એ પણ કરીશ! તમે હવે ચૂપકીદી પકડો. મારે કોઇની સાથે હવે વાત નથી કરવી. કર્નલ, બીજો કોઇ બોલે નહિ તેની તકેદારી રાખો. મારી દુનિયા હમણાં જ રચાય છે. બધા ચૂપ રહો.

ખૂબ જુસ્સામાં આવી, હથેલીમાં જમણા હાથની જોસબંધ મુક્કી પછાડતો સુબોધ બોલ્યો: 'પૃથ્વી ફરતી બંધ થઈ જાઓ. હમણાં, હમણાં ને હમણાં જ!'

આકાશમાંના પેલા ત્રણ તારાઓએ નીચે નજર કરી.

પહેલો તારો: અરે, અરે! આ પૃથ્વીને શું થયું?!

બીજો તારો: એ તો તમે બક્ષેલી શક્તિથી પેલા વેંતિયાએ પૃથ્વીને ફરતી અટકાવી દીધી છે.

પહેલો તારો: ઓચિંતી?

ત્રીજો તારો: હા, તદ્દન ઓચિંતી!

પૃથ્વી કડડભુસ કરતી અવકાશમાં ગબડવા માંડી. ઝાડો, મકાનો, યંત્રો, વહાણો, પાણી, પૂલો, પર્વતો, પૃથ્વી પરની હરેક ચીજ નાયાગરાના ધોધના વેગથી અવકાશમાં ધસવા લાગી. પૃથ્વીની ગતિ બંધ થતાં વાતાવરણ પણ ખળભળી ઊઠયું. સૂસવતો વંટોળિયો પૃથ્વી પર ફરી વળ્યો. વાદળાં ધોધબંધ વરસવા લાગી ગયાં અને વીજની કાંટાળી જીભ ચારેકોર ફરી વળી.

પદાર્થોના વછૂટતા ઘમસાણ વચ્ચે પૃથ્વી પરથી ઊંધે માથે ઊડી પડેલો સુબોધ અનેક પદાર્થોથી અથડાતાં કુટાતાં ભયમાં ને ભ્રમમાં આક્રાન્ત જીવે બોલી



ભરી રહી બાલ્યની છવિ,
પરણુ મુજ ને આંખડી દ્રવી.

ઊઠયો: 'આ બધા ઘચૂમ પૃથ્વીનો ક્રમ ચાલુ થઇ

હવામાં ઊડતા જતા પાછા જોડાવા માંડયા. કો વારમાં શહેરોના રાજમાર્ગો ને નદીઓ ને અખાતોમાં પરિવ

ફેરઉઝરડા! આ જનુનીના!
સરી નિજનાં વ્યોમ ચગવાં?
પ્રતિ ડગ પ્રયત્ને જતનના,
ણ અયિ કાંટા વતનના!
ક મહીં ભારે ડગ ભરૂં,
કહેતા કંટક સ્મરૂં.

અને એ સાથે સુબોધ પાલવાળા દરવાજા બહાર આવી લાગ્યો.... ના સફેદ બની ગયો હતો ને તે ખૂબ અકળાઈ ગયો હતો. માથે હાથ દઇ તે પગથિયા પર ફસડાઈ પડચો.

'મારે આ ચમત્કારો નથી જોઇતા!' તે બોલ્યો, 'એ બધા ધોવાઇ જાઓ! ચમત્કાર કરવાની મારી શક્તિ નાશ પામો, અને—અને મારા ચમત્કારોની સારીયે પરંપરા સૌકોઇથી ભૂલી જવાઓ. મારાથી યે ભૂલી જવાઓ! હું સાદો, સીધો સુબોધ જ રહું!'

બીજી જ પળે ઉનાળાની ગરમીથી આકુળવ્યાકુળ બનેલા તેના શરીરમાં ઠંડા પાણીએ કરેલા સ્નાન જેટલી તાજગી આવી અને પ્રફુલ્લ મને સીટી વગાડતો તે કૉલેજમાં દાખલ થઇ ગયો.

આકાશમાં હજુ પેલા ત્રણ તારા ગોષ્ટિ કરી રહ્યા હતા.

આવું રૂપાંવિહોણું છે છતાં અનેક પંખીઓમાં પ્રથમ સ્થાન પામ્યું છે એની લોકોત્તર ગાનશક્તિને લીધે.

અન્ય પંખી ઊંઘતાં હોય એવે વખતે બ્રાહ્મમુહૂર્તમાં એ વહેલું ઊઠે છે. ઊઠતાંવેંત જ આકાશમાં ઊડે છે. ઊડતાં ઊડતાં ગાય છે અને ગાતાં ગાતાં ઊંચે ચડે છે. ઊંચું ચડે તે પણ પચાસ પચાસ ફૂટ નહિ. સો બસો ફૂટ નહિ પણ પૂરા હજાર ફૂટ જેટલું ઊંચે હડી અરુણકિરણની સુવર્ણ પ્રભામાં ઓગળી જતું દેખાય છે. (અંગ્રેજ સ્કાયલાર્ક તો ક્વચિત્ પાંચ હજાર ફૂટથી યે ઊંચે ઊડતું દેખાયું છે. ભરત આટલું ઊંચું ચડતું હશે કે કેમ એનો તાગ કોઇએ કાઢ્યો નથી.)

એને મનગમતી ઊંચાઇએ પહોંચે કે ત્યાંથી પાછું હેઠે ઊતરવા માંડે છે. આ વખતે પણ એનું ગાન તો ચાલુ જ હોય છે. ચડતાં યે ગાય અને ઊતરતાં યે ગાય; છતાં એ બંને ગાનની માત્રા વચ્ચે ફેર હોય છે. જોકે અજાણ્યાની નજરે તો એ સૂક્ષ્મ ભેદ પરખાતો નથી; એને મન તો ચડ ઊતરનું ગાન બધું ય સરખું એક પ્રકારનું જ લાગે છે.

ગાતાં ગાતાં હેઠે જમીન પાસે આવે કે તુરત ગાન સંકેલી લઇ, પાંખો બંધ કરી ધબાક કરતું ભોંય પર પડતું મૂકતું દેખાય છે. પણ પૂરૂં પડતું તો નથી જ. પડતાં પડતાં અધવચ્ચ અટકી જઇ જમીનનો સ્પર્શ પણ કર્યા સિવાય પાછું ગાતું ગાતું ઊંચે ચડે છે. આવી ચડ-ઊતર એ સવારથી બપોર સુધીમાં, નહિ નહિ તો યે હજારેક વખત કરતું હશે, પણ નથી એથી એ થાકતું દેખાતું કે નથી જણાતી એના કંઠમાં કર્કશતા.

એના ગાનની રીત પણ અનોખી છે. અન્ય પંખીઓનાં ગાન અલ્પ ક્ષણાવસ્થાયી હોય છે. લાંબું ચાલે તો તે પણ વચ્ચે વિસામો ખાઇને જ. જ્યારે ભરતનું ગાન તો અવિરત ચાલ્યા જ કરે છે. અવિરત એટલે અરધા કલાક જેટલા દીર્ઘકાળ પર્યંત એકશ્વાસે એકધારૂં ગાયાં કરે છે. એ દરમ્યાન નથી એનો કંઠ થડકાતો કે નથી એના સ્વરની માત્રા ન્યૂનાધિક થતી દેખાતી. આખો વખત એક જ આલાપસરણી એ ટકાવી રાખે છે.

એની અન્ય એક વિશિષ્ટતા છે: પ્રતિદિન ગાવાની. સંગીતના શાહ સમો (સ્કાઇલાર્ક અને ભરતમાં પણ નર પંખી જ ગાનાર છે. માદામાં એટલી લોકોત્તર ગાનશક્તિ કે ઉન્માદ નથી હોતાં) નાઇટિંગેલ ઉન્મુક્ત કંઠે તો ગાય છે માત્ર સંવનન પ્રસંગે (ક્વચિત્ બ્હીન્યો હોય, ઊંઘમાંથી ઝબકી ઊઠ્યો હોય કે લડતાં ઝઘડતાં ક્રોધાવિષ્ટ થયો હોય ત્યારે પણ એ ગાય છે ખરો) પણ એનું એ ગાન પ્રતિદિન, અમુક કાળે નિયમિત, આખું વરસ તો ચાલતું નથી જ. એવું જ અન્ય પંખીઓનું પણ. કુકુ, કૉયલ, બપૈયા જેવા વળી કોઈ અમુક ઋતુ પૂરતો ગાનારંભ કરી અન્ય દિવસોમાં મૂગા મંતર બની જાય છે. ત્યારે ભરત (અને સ્કાયલાર્ક) તો નિરપવાદ આખું વરસ ગાયા જ કરે છે. શિયાળો હોય કે ઊનાળો, ચોમાસાની અશ્રાન્ત હેલી થતી હોય ત્યારે પણ એના ગાનની ધારા દરરોજ સવારથી બપોર સુધી અબાધિત અખંડિત વહેતી જ હોય છે. માત્ર બપોર પછી એ ક્વચિત જ ગાતું સંભળાય છે.

એનું ગાન એટલે પદની વિવિધતા વિનાની ચીંઈંઇ કે ઝીણી સીસોટી જેવી અત્યંત આહ્‌લાદક સુમધુર સ્વરપરંપરા (એની અને સ્કાઇલાર્કની ગાવાની રીત સરખી જ છે: ફેર હોય તો અવાજમાં જ. ભરતનો કંઠ કંઇક ધીરો અને મૃદુ હોય છે, પણ એથી ગાનની મધુરતામાં ફેર પડતો નથી, એમ અનુભવીઓ કહે છે). એ ઉપરાંત તે પંખીઓની બોલીનું અનુકરણ કરતું પણ કહેવાય છે.

એના આવા દ્વિવિધ આકર્ષણને લીધે ભરત પાલ્ય પંખી તરીકે ખૂબ આદર પામે છે. સ્વભાવે ગુલાબી અને કષ્ટ સહી શકે એવી કઠોર કાયાવાળું છે, એટલે બન્દી દશામાં ગમે તેવા નાનામોટા નિવાસસ્થાનને તરત અનુકૂળ થઈ જાય છે. જન્મથી જ આકાશના અસીમ પટનું ખૂંદનારૂં છે છતાં પાંજરાની સંકુચિત અવસ્થામાં પણ એ એટલા જ ઉલ્લાસથી અને એવા જ બુલંદ અવાજે ગાયાં કરે છે. કુદરતને ખોળે તો એના ગાનનો સમય ઉષઃકાળથી મધ્યાહ્ન સુધીનો નિયત છે, પણ પાંજરાના પડદા પાછળથી તો એ રાતે પણ એટલા જ ઉત્સાહથી ગાય છે.

આકાશપથસંચારી છતાં ભરતનો કાયમી નિવાસ તો તો જમીન પર જ હોય છે. સ્કાઇલાર્કની પેઠે એ પણ આછાં ઝાળાંઝાંખરાંવાળાં ખુલ્લાં મેદાન, ઘાસનાં બીડ કે ખારીનાં વસનારાં છે એટલે બાગબગીચા, વાડીઝાડી કે ગીચ જંગલમાં નજરે નથી પડતાં. એને લીધે જ એ વાડ પર કે ઝાડની ડાળીએ બેસતાં ક્વચિત જ નજરે પડે છે.

એમનો આહાર છે કાંગ, બંટી, ચણો, કુરી વગેરે

અનાજના કણ અને નાનાં તીડ જેવાં જંતુ. એના આવા કણભક્ષપણાને લીધે પાળવામાં સરળતા પડે છે.

મે અને જૂન એનો ગર્ભાધાનકાળ. આડે અવજે દિવસે એ ટોળે વળીને ફરતાં દેખાય છે, પણ સંવનના પ્રસંગે તો બધાં પંખી છૂટાં પડીને એમનાં જોડાં બંધાઈ જાય છે. ઘાસના ભોથાના મૂળમાં કે માટીના ઢેફાની ઓથે, પગથી જમીન ખોતરી, એ ખાડામાં ઘાસનો છીછરો માળો બનાવી એમાં દૂધીઆ રંગનાં અને ઘેરાં કસુંબી છુંદણાંવાળાં ૪–૫ ઈંડાં મૂકે છે.

ભરત આપણા ગુજરાતનું સ્થાયી અધિવાસી અને સામાન્ય પંખી છે, પણ એના નિવાસસ્થાનની વિશિષ્ટતાને લીધે એ ડગલે ડગલે નજરે નહિ પડે. અમદાવાદની આસપાસ એને મેં ચાંગોદરના બીડમાં, રઢુના રસ્તે તથા માંડળ અને વણોદની વચ્ચે ઘણી વખત જેયું છે. એનાં ટોળાં તો માત્ર ઝિંઝુવાડાના પાદરે જિલ્લાણુંદના ટાપુમાં બીડ વચ્ચે જ મારા જેવામાં આવ્યાં છે. એના માળા હજુ મારે જેવાના બાકી છે.

ભરત સિવાય એનાં અન્ય સગોત્રી (larks)ની પ્રાન્તભેદે ૨૫–૩૦ જાતો ભારતવર્ષમાં થતી હશે. એ બધાંય પાળવા માટે યોગ્ય ગણાય છે, પણ કંઠની મિઠાશમાં કે ગાનના ઉન્માદમાં તો કોઇ ભરતને ન પહોંચી શકે. એમાંથી ય ભરતને પડખે શોભે એવાં તો બે જ: અગન અને ચંડોળ. આ બંને પંખી ગુજરાતમાં ખૂબ વ્યાપક અને પક્ષિવિદોમાં પાલ્ય પંખી તરીકે ભારે આદર પામનારાં છે.

(૨) અગન

અગન એટલે Singing Bushlark.[૧] ભરત પેઠે આકાશમાં વિહરતાં ગાતું હોવાથી 'Singing' વિશેષણ અને જાળાંઝાંખરાં તથા વાડ ઉપર બેસવાના સ્વભાવને લીધે 'Bush' Lark અભિધાન પામ્યું છે.



અગન

૧ Mirafra cantillans

કદમાં તથા રૂપેરંગે એ ભરત જેવું જ છે, એટલે અગન અને ભરત જમીન પર ફરતાં હોય ત્યારે છેટેથી ઓળખવાં મુશ્કેલ છે. અગનની આંખ ફરતું શ્વેત કુંડાળા જેવું નિશાન પણ આવે પ્રસંગે દેખાતું નથી. એમને ઓળખવાં હોય તો ઊડતાં જ જેવાં જોઇએ.

નૈસર્ગિક દશામાં ભરત અને અગન બંને ઊડતાં ઊડતાં જ ગાય છે, છતાં અગન ભાગ્યે જ ૪૦–૫૦ ફૂટ કરતાં વધારે ઊંચે ચડતું હશે. વળી એનું ગાનં પણ ભરત પેઠે અવિરત અને દીર્ઘકાળ પર્યંત ચાલતું નથી. એ ગાતાં ગાતાં ઊંચે ચડે છે. ઊંચે ચડીને થોડી વાર પાંખો પર તરે છે. પછી તરત હેઠે ઊતરીને વાડ કે ઝાડવાની ટોચે મૂગું થઈ બેસી જાય છે. થોડી વાર બેસીને વળી પાછું ઊડે છે અને ગાવાનું શરૂ કરે છે. વળી પાછું ઊતરીને એની એ જ વાડ અને એની એ જ ડાળે આવીને બેસે છે. આવી ચડ ઊતર અને એક જ આસને[૨] બેસવાનો વિધિ એકાદ કલાક ચાલતો હશે. એટલો કાળ વ્યતીત થતાં એ બેસવાનું સ્થાન બદલે છે અને ત્યાંથી પાછી ચડ-ઊતર શરૂ કરે છે.

અગન પણ અત્યંત બુલંદ સ્વરે ગાય છે. એના કંઠમાં મિઠાશ તેમ માર્દવ પણ છે, પણ એનું ગાન ભરતના તોલે તો ન જ આવે. ધ્યાન દઇને સાંભળો એ તો એના ગાનમાં ભરતના જેવી પ્રફુલ્લતાને સ્થાને ઘણી વખત કરુણતાનો ધ્વનિ સંભળાય છે.

ગાનની આવી પ્રતિભા સાથે અગનમાં અન્ય

૨ આ ટેવને લીધે એને પકડવાનું અત્યંત સરળ પડે છે. એ બેસે છે તે ડાળી કે વાડ ઉપર વડ ઊમરાના દૂધને એકાદ સળેકડા ઉપર લગાડીને મૂકવામાં આવે છે. ઊંચેથી ઊતરી આવીને અગન જેવું એ ડાળે બેસે કે પેલા સળેકડા પરના ચીકણા રસમાં એનાં પગ અને પીછાં ચોંટી જાય છે. ત્યાંથી ઊડે ત્યારે એ પાંખો પહોળી કરી શકતું નથી, એટલે ધબ લઇને હેઠું પડે છે અને પટકાઇ જાય છે. ભરત આ રીતે પકડાતું હશે કે કેમ તે હું કહી શકું નહિ, પણ અગન પકડવાનો તો મારો અંગત અનુભવ છે. વળી ભરત ડાળે કે વાડે બેસતું નથી એટલે જમીન પર પાળેલા પક્ષીનું પાંજરૂં મૂકી તેનાથી આકર્ષાઈ આવેલા વગડાઉ ભરતને હેઠો ઊતરતાં ભોંય પરથી જ લાસાથી પકડવાનું, અગન જેટલું સહેલું તો નથી જ.

પંખીઓની બોલીનું અનુકરણ કરવાની અદ્‌ભુત શક્તિ પણ છે. એને લીધે પાલ્ય પંખી તરીકે ભરત કરતાં એ વિશેષ સન્માન પામે છે. એની એ શક્તિની ખીલવણી માટે એને વિશાળ પાંજરાની પણ જરૂર નથી. એકાદ ફૂટ સમચોરસ અને આઠેક આંગળ ઊંચું, તાર કે વાંસની પાતળી સળીઓથી બનાવેલું પીરામીડના આકારનું પાંજરૂં પણ એને પૂરતું થઇ પડે છે. એ પાંજરાની સળીઓ કે તાર એના પગનાં સુકોમળ તળીઆંને વાગે નહિ એ માટે એને તળીએ મુલાયમ કંતાન કે માણકપડનો કકડો બિછાડી, એ ઉપર સુંવાળી ધૂળ પાથરવામાં આવે છે. કુલડીમાં એક ખૂણે કાંગ કે ચણો અને બીજે ખૂણે પાણી મૂકીને, પાંજરા ફરતું સફેદ કપડું વીંટાળી દેવામાં આવે છે. આ દેખીતી નરી ક્રૂરતા જ છે, છતાં એના પાળનારની એના પરની મમતા ઓછી નથી. એવી બંધીઆર દશામાં પણ એનું એ જીવની પેઠે જતન કરે છે અને એનો ઉલ્લાસ ઓછો ન થાય એ ખાતર દરરોજ સવારે કે સાંજે એને ફરવા લઇ જાય છે. ગામ તળાવની પાળે, નદીતટની કુંજમાં કે બગીચા અથવા ગાઢ વનરાઇની વચ્ચે, પાંજરાને એક છેડેથી ઢાંકણ ખુલ્લું કરીને મૂકે છે, એટલે પડદા પાછળ અંધકારમાં એકલું અટુલું સહવાસ માટે ઝૂરતું અગન, ભૂખ્યા દિલે આસપાસ ગાતાં બોલતાં પંખીઓને સાંભળવામાં તલ્લીન થઇ જાય છે. સાંભળતા વેંત જ એ બોલીઓ ઝડપી લે છે અને પ્રસંગ મળ્યે એ બધું, વધુ કોમળતાથી, વધુ મિઠાશથી આબાદ ગાઈ બતાવે છે. એની આવી સ્મરણશક્તિનો લાભ લઈ, પક્ષિપાલનના રસીઆ એને મનુષ્યવાણીના સંગીતનાં જુદાં જુદાં ઘર બારે પ્રયત્નપૂર્વક શીખવે છે. (અગન કે ભરત એક પાંજરામાં એકથી વધુ રાખવામાં આવતાં નથી).

ભરત પેઠે અગન પણ ભૂમિતલનું વસનારૂં છે, છતાં વાડ વગેરે પર બેસવાના સ્વભાવને લીધે એ વૃક્ષાદિથી ભરપૂર ખેતર, વાડી, બગીચા વગેરે સ્થળે નજરે પડે છે એટલે જ મનુષ્યના વસવાટની અત્યંત નિકટ તેમજ ઉત્તર ગુજરાતના સુક્કાખંખ પ્રદેશમાં કે ચરોતરની સઘન વનરાઇઓમાં પણ સ્વચ્છંદે વિહરતું જોવામાં આવે છે. અમદાવાદમાં મેં એને સુએજ ફાર્મનાં ખેતરોમાં, ચંડોળાની સડક પાસેની ક્યારીઓમાં તેમજ બાવળાને રસ્તે વાડમાં રખડતું, સવિશેષ વર્ષાઋતુમાં ધૂળમાં નહાતું, અનેક વખત જોયું છે.

વન્ય દશામાં એ બંટી કાંગ વગેરે અનાજ તથા તીડ વગેરે જીવાત પર જીવન નભાવે છે, પણ પંજરાવસ્થામાં એના કંઠની શક્તિ અને મિઠાશ વધારવાના હેતુથી, ઉસ્તાદો એને, શેકેલા ચણાના લોટને ઘીમાં તાંસળી નાખી એમાં બદામ પિસ્તા મેળવીને બનાવેલો સથ્થુ કે ચોગો પણ અનાજની સાથે આપે છે.

માર્ચથી જુલાઈ સુધીના ગાળામાં એ પ્રજનન કરે છે. એ દરમ્યાન એનાં બે જણતર થવાનું મનાય છે. એના માળા જમીન પર જ બાંધે છે. એકાદ અવેડ ખેતર વચ્ચે કે વાડના થડ પાસે, ઘાસનાં તરણાંની ઓથે, બોંય ખોતરીને એમાં, વરસાદ ન પડે એવા ઘુમટવાળો ઘાસનો ગૂંથેલો માળો ગોઠવી દે છે. એનાં ઈંડાંનો રંગ ધૂળિયો સફેદ; એમાં ફિક્કા પીળા કે કેસરી રંગનાં છાંટણાં અને રેખાઓ. એકી વખતે એ ત્રણથી ચાર ઈંડાં મૂકે છે.

અગનનું અન્ય એક પીતરાઈ, Red Winged Bushlark[3] (ધાવસ?) આપણે ત્યાં કાયમ રહેનારૂં છે, પણ ગાનમાં એને ન પહોંચે. વળી હાથમાં લીધા સિવાય એને ઓળખી પણ શકાતું નથી, એટલે એના વર્ણનથી અર્થ નહિ સરે.

(૩) ચંડોળ

છેલ્લું આવ્યું ચંડોળ, Crested Lark.[4] ભરત અને અગનથી ભારે શરીરનું, પણ રૂપરંગે એમને મળતા આ Larkને ઓળખવાનું વિશિષ્ટ ચિહ્ન છે, એના માથા પરની મોટી કલગી કે ચોટલી. ખુશ થયું હોય, બીન્યું હોય કે ચીડાયું હોય ત્યારે એ આ ચોટલી ઊભી કરે છે.



ચંડોળ

આપણે ત્યાં એ બારે માસ રહે છે. અગન પેઠે જ એ ઝાડપાનવાળા પ્રદેશમાં વસનારૂં હોવાથી અમદાવાદની આસપાસ સહેજે જોવામાં આવે છે.

(અનુસંધાન આગળ પાન ૫૧૨ મે)

૩ M. reythroptera
૪ Galerida cristata

નવી નજરે

સમાજહિતની કોઇ અદ્દ્ભુત ભાવનાથી, જનસ્વભાવની અજબ સમજથી કે મશ્કરી-મજાકની વિચક્ષણ રીતથી જગતના જીવનમાં અજમાવાતા અવનવા અખતરાના કિસ્સાઓ;—જેની પાછળનું માનવ તત્ત્વ આપણને આકર્ષી વિચારબળને તાઝગી આપશે એવી યોજનાથી અપાતી તેની લેખમાળા

માણસના શરીરના પ્રમાણમાં એના પગ કેટલા લાંબા હોવા જોઇએ, એ વિષય ઉપર લડી રહેલા કેટલાક જણ અબ્રાહમ લિંકન પાસે નિર્ણય માટે આવ્યા. લિંકનના પગ ખૂબ લાંબા હતા! લિંકને વિચાર કરી નિર્ણય આપ્યો: 'માણસના પગ કેડથી જમીન સુધી પહોંચે એટલા જ લાંબા હોવા જરૂરી છે!'

ઇંગ્લંડના એક ગામડામાં ગામ આખાની નૈતિક જવાબદારીની ચિંતા કરતાં એક શ્રીમતીએ એક મજૂરને એક વખત ઠપકો આપતાં કહ્યું કે 'તારી રેંકડી મેં પીઠા સામે જોઈ હતી, માટે નક્કી તું ત્યાં પીવા ગયો હોઈશ.'

એ અભણ મજૂરને દલીલો કરતાં આવડતી ન હતી, એટલે એ વખતે તો એણે એ ઠપકો સાંભળી લીધો; પણ તે સાંજે તેણે પોતાની રેંકડી લઈ જઈ ને એ બાઈ સાહેબના ઘર સામે મૂકી દીધી અને આખી રાત ત્યાં પડી રહેવા દીધી!

ડાયોજિનીસને કોઇએ એક વખત પૂછ્યું કે કયા પ્રાણીનો ડંખ વધુમાં વધુ ભયંકર હોય છે, ત્યારે તેણે જવાબ આપ્યો કે 'જંગલી પ્રાણીઓમાં ચુગલીખોરનો અને પાળેલાં પ્રાણીઓમાં ખુશામતીઆનો.'

ઈ.સ.૧૮૬૦માં અમેરિકાના પ્રેસિડેન્ટની જગ્યા માટેના બે ઉમેદવારોમાં એક અબ્રાહમ લિંકન હતો. તેનો પ્રતિસ્પર્ધી પોતા માટે મત જીતવા તનતોડ મહેનત કરી રહ્યો હતો, એ વખતે એ પ્રતિસ્પર્ધીના એક શાગિર્દે લિંકનને આમ જનતાની નજરમાં ઉતારી પાડવા માટે લોકોને જણાવ્યું કે લિંકનમાં જો કોઈ મહત્ત્વની લાયકાત હોય તો તે ફક્ત લાકડાં ફાડવાની જ હતી; બાકી તેનામાં ઉચ્ચ કેળવણી ન હતી. લિંકનના એક મિત્રે આ વાત ઉપાડી લીધી અને નાનપણમાં જે ઝૂંપડી લિંકને જાતે લાકડાં ફાડીને બનાવી હતી તેમાંથી બે પાટીઆં ખેંચી લાવી એ સહિત મતદારોમાં ઘૂમવા લાગ્યો અને 'લાકડાં ફાડી જાણનાર લિંકનને મત આપો' એ શબ્દોને તેણે મત માટેની લડતના સંજ્ઞાચિહ્ન રૂપ બનાવી દીધા. એ લાકડાનાં પાટીઆં પાછળ, ગરીબીમાંથી અદ્દભુત ખંત અને શ્રમથી જાહેર જીવનમાં ઊંચે આવનારના પૂર્વ-જીવનનો આખો ઇતિહાસ પ્રજા વાંચી શકી અને જે ખમીર માટે અમેરિકન પ્રજાને કાયમ યાદ રહ્યા કર્યો છે એના આ દર્શનથી અનેક માણસોએ લિંકનને જ ઉત્સાહભેર મત આપ્યા.

મદ્રાસ બાજુ કોર્ટમાં ચાલેલા એક કેસની વિચિત્ર હકીકત જાણવા જેવી છે. ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર એક વખત મદ્રાસ તરફ ગએલા. એ વેળા કોઈ રસ્તે જતાં બે મદ્રાસી વચ્ચે ઝગડો થયો ત્યારે તેના પ્રેક્ષકવર્ગ તરીકે એ એકલા જ હાજર હતા. આથી તેમને કોર્ટમાં જુબાની આપવા જવું પડ્યું. ઝગડો શા માટે થયો, અને તે ઉપસ્થિત કરવામાં પહેલો કોનો દોષ હતો એ કોર્ટને જાણવાનો બધો આધાર આ એક જ સાક્ષી ઉપર હતો. પરંતુ મુશ્કેલી એ હતી કે આ સાક્ષી એ લડનારાઓની ભાષા જાણતા ન હતા. તેમ છતાં તેમણે કોર્ટને જણાવ્યું કે પોતાની યાદશક્તિ ખૂબ સરસ હોવાથી તેઓ લડવાનું શરૂ કરતાં પહેલાં જે કાંઈ બોલેલા એ બધા સ્વરોની પોતે નકલ કરી શકશે. કોર્ટે એમ કરવાની છૂટ આપી એટલે પેલા બન્ને એક પછી એક શું બોલેલા એ એમણે ગ્રામોફોન રેકર્ડની માફક બોલી બતાવ્યું. એમાં કદાચ તામીલ ભાષાના ઉચ્ચાર શુદ્ધ નહિ આવ્યા હોય, પણ બીજી રીતે એણે કરેલી એ નકલમાં પણ એવો બંધબેસતો અર્થ આવતો જતો હતો કે કોર્ટે એનો સમજપૂર્વક આપેલી જુબાની તરીકે જ ઉપયોગ કર્યો, અને તેથી ગુનો સાબિત કરવાનું બહુ સરળ બન્યું.

માણસો એકલાં પડે અને પોતાની ચેષ્ટા કોઇ જોતું નથી એવી ખાતરી હોય તો કેવા કેવા ચેનચાળા કરે તે આપણે સૌ પોતપોતાના અનુભવથી જાણતા હોઇએ

છીએ. પણ આવી હકીકતો એકઠી કરવાના એક શોખીને થોડા સરસ નમૂના રજૂ કર્યા છે.

એક મશ્કરો એક સરકસના અંધારા ભાગમાં થઈ પસાર થતો હતો. આસપાસમાં કોઈ નથી એમ એને ખાતરી હતી. રસ્તામાં એક સ્થળે એક મોટો અરીસો હતો. તેની સામે આવી તેણે પોતાની ટોપી ઉતારી અરીસામાંની પોતાની મૂર્તિને છટાથી માન આપ્યું!

એક બીજો આવો શખ્સ પોતાના બાગમાં બેઠો બેઠો ઝાડનાં પાંદડાં સોંસરવાં આવતાં સૂર્યનાં કિરણને પોતાની ટોપીમાં જાણે પકડી લઈ, એવી રીતે ભરેલી ટોપી માથે મૂકવા પ્રયાસ કરતો હતો. પણ એ પ્રયત્નમાં સફળ ન થવાથી તે ગુસ્સે થયો, અને તેથી ટોપીને પોતાના ગોઠણ પર પછાડી તુરત માથા ઉપર મૂકી અને વધારામાં પાસે બેઠેલા પોતાના કુતરાને લાત મારી!

લીઓ ટૉલ્સ્ટૉય એક વખત ફરતાં ફરતાં એક પત્થર પર બેસી શિયાળાની ઠંડીમાં તાપી રહેલા એક કાકીડા પાસે આવી ચડતાં, તેમનાથી 'કેમ મઝામાં?' બોલી જવાયું અને પછી આસપાસ ચોરની નજરથી જોઈ, કોઈ નથી એની ખાતરી કરી, કાકીડા આગળ પોતાના દિલની વાત કરી, 'મને મઝા નથી, યાર!'

એક થીએટરની ઓશરીમાં એક ખૂબસુરત સ્ત્રી આવી અને આસપાસ કોઈ ન હોવાથી ત્યાં ટાંગેલા એક આયના પાસે જઈ, કાળજીથી કપડાં તથા વાળ ઠીકઠીક કરી સ્વગત બોલી 'અને છતાં છેવટે મરી જવાનું!'

એક પાદરીની વાત છે. લોકોને હયાહયાબરી વાતોથી ગંભીર બનાવી દેનાર એ બિરાદર પણ એક વખત એકલા પડયા ત્યારે કોણ જાણે કેવા તોરમાં આવી ગયા કે પગમાંથી બૂટ કાઢી સામે ફેંકયો અને પછી બહુ જ ગંભીરતાથી તે બૂટને ઉદ્દેશીને બોલ્યા: 'લે, જા! તારાથી જવાય તો જા તો ખરો!' અને પછી થોડી વારે જાણે એ બૂટને પગના વિરહની પૂરી શિક્ષા થઈ ગઈ હોય એમ આસ્તેથી બોલ્યા: 'જોયું! મારા વગર તારાથી ક્યાંય જઈ શકાય તેમ નથી!'

એવામાં કોઈ ત્યાં આવી ચડયું અને 'શું ચાલે છે?' એવા એના પ્રશ્નના જવાબમાં પાદરી બોલ્યો: 'જુઓને, આ જોડા તળીએ સાવ ફાટી ગયો છે. આ લોકો કેવા તકલાદી જોડા બનાવે છે!'

ફ્રાંસમાં ક્રાન્તિ થઈ એ જમાનામાં ડૉ. ગીલોટિન નામનો એક ભલો માણસ લોકપ્રતિનિધિ સભાનો સભ્ય બન્યો. એ વખતે મોતની સજાને લાયક ગુન્હેગારોમાં ઊંચનીચના ભેદ રાખવામાં આવતા. અને ઊંચા વર્ગના માણસને તરવારના ઝાટકાથી મારવામાં આવતા ત્યારે નીચા વર્ગના માણસને ફાંસી અપાતી. ડૉ. ગીલોટિને આ પ્રથા સામે પોકાર ઉઠાવી એક એવો ધારો પસાર કરાવ્યો કે મોતની સજાના બધા પ્રસંગોમાં કોઈ પણ જાતના ભેદ વિના યંત્રની મદદથી જ ગુન્હેગારનું માથું ઉડાવી દેવું. જેથી તેને ઓછામાં ઓછું દુઃખ થાય. આવું એક યંત્ર ત્યારના રાજાના સર્જન લૂઈ એ બનાવ્યું હતું, અને એના બનાવનારના નામથી લોકો એ યંત્રને 'લૂઈઝટ'ના નામથી ઓળખતા હતા. પણ હવે ડૉ. ગીલોટિન એ યંત્રનો વકીલ બન્યો હતો એટલે પ્રજાએ તુરત જ એ યંત્રને એના માનમાં 'ગીલોટિન' એ નામથી ઓળખવા માંડયું. એ ભલા માણસે પોતાનું નામ આવા યંત્ર સાથે ન સંડોવાય એ માટે બનતા પ્રયાસ કર્યા. પણ પ્રજાની કદરદાની એવી આગ્રહભરી બની કે હજુ પણ મૃત્યુનું દુઃખ ટાળવા માગનાર એ દયાળુ માણસનું નામ મૃત્યુના દૂત સમા એ યંત્ર સાથે જ સંડોવાએલું રહ્યું છે!

ઈજીપ્તના પીરામીડોના નામની સાથે જ જેનું નામ જોડાએલું છે તે સ્ફિન્ક્સ થોડાં વર્ષો પહેલાં અર્ધું રેતીમાં દટાએલું હતું. જો કે રેતી વખતો વખત ત્યાંની સરકાર તરફથી સાફ કરાવવામાં આવતી, છતાં પ્રાચીન શોધખોળ ખાતાને એ ભાડૂતી મજૂરી પૂરો સંતોષ આપી શકી નહિ. આથી એ કામ કરી આપવા માટે વિદ્યાર્થીઓને અપીલ કરવામાં આવી. દુનિયાનાં મુખ્ય આશ્ચર્યોમાં જેની ગણના થતી હોય એવી ચીજ પોતાને જ આંગણે છે, એ એક જ વાત વિદ્યાર્થીઓની સહાનુભૂતિ મેળવવા માટે પૂરતી હતી. એથી ૮૦૦ વિદ્યાર્થીઓ તેમજ વિદ્યાર્થિનીઓએ છ માસ સુધી કામ કરી સૈકાઓથી દટાઈ રહેલ એ આકૃતિનો નીચેનો ભાગ સાફ કરી આપ્યો. આ પ્રસંગ યાદ આવતાં આપણે ત્યાં અત્યારે જીવનમરણના બની ગએલા એક પ્રશ્નનો નિકાલ કરવાનું આપણને સ્ફુરે છે. ગુજરાત કાઠીઆવાડમાં જ્યાં જ્યાં વૃક્ષોને અભાવે દેશ સુક્કો બની ગયો છે ત્યાં વૃક્ષારોપણની યોજનાઓ તાબડતોબ હાથ પર લેવાની જરૂર પડી છે. એ સમયે તકસ્થ

વિદ્યાર્થીઓ જેની છલકાતી જીવનશક્તિ કામ માગી રહી છે એ શક્તિને સ્કાઉટિંગની રમતો કે અર્થ વગરના મેચ કે એવી બીજી નમાલી પ્રવૃત્તિઓમાં વાળી રણમાં વહેતા પાણીની માફક નિષ્ફળ બનાવવાને બદલે એ જ શક્તિની મદદથી ઠેર ઠેર જંગલો ઉત્પન્ન કરી શકાય. ખાડા ખોદીને તેમાં ઝાડ વાવવું, અને પછી એક બોરીંગ પર મૂકેલી પવનચક્કીમાંથી નીકળતું પાણી તે તરફ વાળવું એ કામ ગામડાં અને શહેરોમાં વસતા બધા વિદ્યાર્થીઓને રસિક અને તંદુરસ્ત રમત પૂરી પાડે એમ છે. માત્ર જેઓના કબજામાં આ અખૂટ શક્તિના પ્રવાહની ચાવી છે તેઓની દૃષ્ટિ રાષ્ટ્રલક્ષી થવા પૂરતી જ ઢીલ છે.

ઉપકારનું પણ એક નવું જ તત્ત્વજ્ઞાન છે. સમાજનું વ્યાવહારિક જ્ઞાન આપણને એમ શીખવે છે કે એકગણો ઉપકાર કરનાર ઉપર સોગણો ઉપકાર કરવો. પણ આ અર્ધું જ સત્ય છે. ખરું જોતાં બદલાના ઉપકાર કરતાં ઉપકારનું સતત ભાન વધુ કીમતી વસ્તુ છે. એ સમજવા બહુ ઉદાર હૃદય જોઈએ છે. આપણે એવા ઘણા માણસો જોઈએ છીએ જેને આપણે એક ચાનો પ્યાલો પાયો હોય તો બદલામાં આપણને પણ ચા પાય ત્યારે જ તેને નિરાંત થાય, પછી આપણને તેની જરૂર હોય યા નહિ. ઉપકારનો હિસાબ આમ ચોકખો રાખવાની પોતાની તકેદારી માટે આવા લોકો ગર્વ લેતા હોય છે. પણ જે ભાવનાથી એ લોકો આ હિસાબ રાખે છે એ ભાવના ગર્વ કરતાં શરમને પાત્ર વધારે છે. પોતાના પર ચડેલો ઉપકાર વહેલામાં વહેલી તકે ધોઈ નાખવાની આ અધીરાઈની પાછળ એ ઉપકાર કરનાર તરફનો ઊંડો તિરસ્કાર છે. એવા લોકો પોતાના પર થએલા ઉપકારને ફૂલોની માળાના જેવો નથી માની શકતા, પણ એને ખસના ચેપ જેવો માને છે, અને બનતી ત્વરાએ એમાંથી મુક્ત થવા ઇચ્છે છે. અને આથી જ તેઓ ઉપકાર પરત્વે અસહિષ્ણુ હોય છે.

પરંતુ ખરી મહાનુભાવતા ઉપકાર ધોઈ નાખવાની ઉતાવળમાં નહિ પણ પોતાના ઉપર ઉપકાર કરવાની સામા માણસને તક આપવામાં છે. અને ઉપકાર કરવાની આવી તક આપવી એ પણ કાંઈ ઓછો ઉપકાર નથી. કેમકે જે વખતે તમે કોઈનો પણ ઉપકાર સ્વીકારો છો એ વખતે સાથોસાથ તે તમારા ઉપર ઉપકાર કરવાની સ્થિતિમાં હોવાની વાતનો પણ તમે સ્વીકાર કરો છો, અને એ રીતે તમે તેને આદર આપો છો. એ આદર એ જ તમારો તેના તરફનો બદલાનો ઉપકાર. એથી ઊલટું, જો કોઈ મિત્ર કે ઓળખીતો તમારો ઉપકાર સ્વીકારવાની અનિચ્છા બતાવે તો તમે ખાતરીપૂર્વક માની શકો કે તે અંદરખાને તમને પોતાનાથી હલકા દરજ્જાના ગણી તિરસ્કારે છે, અને માટે જ તમારા ઉપકારમાં આવી તમારું વર્ચસ્વ કબૂલ રાખતાં અચકાય છે.

આવી રીતે બીજાના ઉપકારમાં ન દબાવાના ધ્યેયવાળા માણસો એક તરફથી ઉપકારની પતાવટ કરવામાં જેટલા કાળજીવાળા હોય છે, એટલા જ બીજી તરફથી નવાં ખાતાં ન ખોલવાની પણ કાળજી રાખે છે. અને તેથી પોતાની સરસાઈ બતાવવાનો હેતુ જ્યાં પાર પડી શકતો ન હોય ત્યાં કોઈ પર નવેસરથી તેઓ ઉપકાર કરી શકતા નથી હોતા. પરિણામે આવા માણસને જો તમે કોઈ કટોકટીને પ્રસંગે સો રૂપીઆ આપ્યા હોય તો તમારા પર હજાર રૂપીઆનો ઉપકાર ચડાવવાના પ્રસંગની તે રાહ જોઈ રહેશે—અથવા કહો કે તમે એવી મુશ્કેલીમાં મૂકાઓ એવી દુવા પણ માગશે! પણ તમારે એના ઉપર ઉપકાર ચડાવવાનો પ્રસંગ ન આવ્યો હોય અને તમારે જરૂર પડી હોય તો રાતી પાઈ નહિ આપે. એકગણા ઉપકારનો બદલો સોગણા ઉપકારથી વાળવાની વાત સમાજનો મોટો ભાગ આ અર્થમાં જ સમજતો હોય છે.

પરંતુ જે લોકોની દૃષ્ટિ ઉપકાર પરત્વે ઘડાઈ ગઈ તેઓને ઉપકાર ચૂકાવવાની ઉતાવળ નથી હોતી, એટલું જ નહિ પણ ઉપકાર જે સ્થળેથી આવ્યો હોય ત્યાં જ પાછો વાળવાની વેપારી બુદ્ધિ પણ તેઓમાં નથી હોતી. તેઓ ઉપકારને ફૂલના ગજરા જેવી વધાવી લેવાની વસ્તુ માને છે, આફતનું પડીકું નહિ. તેઓ ઉપકારનું ખાતું રાખતા નથી. જરૂર પડે ત્યારે ગમે તેનો ઉપકાર સ્વીકારી લે છે, અને કોઈને પણ જરૂર પડી હોય ત્યારે ભેદભાવ વિના ઉપકાર વેર્યે જાય છે. એટલે વ્યક્તિ પરત્વે તેઓના અનેક હિસાબ એક યા બીજા પાસામાં અધૂરા રહી જાય છે. પણ સમાજ પરત્વે જોતાં સમાજમાંથી તેમને જે મળ્યું હોય તેથી અનેકગણું આપી છૂટે છે. આવા

માણસનો તમને રેલવેમાં ભેટો થઈ ગયો હોય તો તમે રેસ્ટોરાંનું બીલ ચૂકવવા માગતા હશો તો વગર આનાકાનીએ તમને તેમ કરવા દેશે. પણ એ પહેલાં અનેક બીલ એણે સમાજના વિરાટ ચોપડામાં જમા કરાવ્યાં હશે એમ તમે એની બેપરવાઈ ઉપરથી જ જોઈ શકશો. અને જગત ઉપર સાચો ઉપકાર આવા પહેલો એકગણો ઉપકાર કરનારા કરી જાય છે, બદલાનો સોગણો ઉપકાર કરનારા નહિ.

ટોકીઓના એક સ્ટેશનમાં એક કુતરાનું બાવલું છે. આ કુતરો ઇમ્પીરીઅલ યુનિવર્સિટીના પ્રોફેસર યુએનોનો હતો. પ્રોફેસર યુનિવર્સિટીમાં જતા ત્યારે કુતરો તેની સાથે સ્ટેશન સુધી આવતો અને સાંજે પાછો પ્રોફેસરને લેવા સ્ટેશને આવતો. પણ એક દિવસ કુતરો સાંજે પોતાના મિત્રની સામે આવ્યો છતાં પ્રોફેસર ગાડીમાંથી ન ઊતર્યા કેમકે યુનિવર્સિટીમાં જ તેમનું મૃત્યુ થએલું. અને છતાં કુતરાએ દરરોજ સાંજે ગાડીએ સામે આવવાનો ક્રમ ચાલુ રાખ્યો. આઠ વર્ષ કુતરાએ આ મિત્રધર્મ બજાવ્યો. અને પછી એનું મૃત્યુ થતાં એની વફાદારીની વાત આખા જાપાનમાં પ્રસરી. જનતાના હૃદય ઉપર તેણે એવી અસર કરી કે જાહેર ફંડ કરી તેમાંથી જે સ્થળે કુતરો હમેશાં પોતાના મિત્રની રાહ જોતો એ સ્થળે એનું બાવલું ઊભું કરવામાં આવ્યું.

શીઘ્ર લેખન

[આ વખતના ફકરામાં કૃત્ પ્રત્યયો, એટલે કે વિભક્તિ અને કૃદંતના પ્રત્યયો–ને, થી, નું, માં, તો, લો, વાને, શો, યો એને માટેની ટૂંકી સંજ્ઞાઓનો પ્રયોગ કર્યો છે, અને બાકીનું બધું ટુંકાવ્યા વિના જ મૂકેલું છે.]

ઈ.સ.ન પહેલા સૈકામ રોમમ કેલીગ્યુલા નામે એક સમ્રાટ થઈ ગય. એન નાનપણમ કોઈ જોશીએ આગાહી ભાખેલ કે નેપલ્સન અખાતમ ઘોડેસવાર થઈને દરિયાપાર થવાન જેટલો સંભવ હોઈ શક એટલો જ સંભવ તે સમ્રાટ થવાન હત.

પણ એવી આગાહી છતાં તે સમ્રાટ તો થય. એટલે જોશીન આગાહીન પૂરતીએ પણ ખોટો પાડવ તેણે કમર કસ. આ તેણે ચારેક હજાર વહાણ દેશભરમ એકઠાં કર્યં, અને બધે અખાતન આ કાંઠ સામા કાંઠા સુધી બેવડી હારમ ગોઠવી દીધ. પછી એન ઉપર પાટીઆં પથરાવ્ય, અને છેવટ એન ઉપર ધૂળ નાખી રસ્તો બનાવ્ય. વળી અધૂરામ પૂરું થોડાં વહાણ પાછળ આવ્ય તે પણ હલાણમ લેવ એ રસ્તાન બાજુએ તેન ટાપુ બનાવી તેમ નાનાં ગામ બનાવી દીધ અને પછી વીશ હજાર પાયદળ લશ્કર સાથે સમ્રાટે પોતાન ઘોડાએ શણગારી તેન ઉપર કૂચ કરી અને એન પાછળ બે લાખ જેટલાં માણસન ટોળું પણ આવ્ય.

એ કૂચએ અંતે તેણે લશ્કરી સિપાહીએ દરેકએ સોનાન બે સિક્કા અને ફાલતુ માણસએ દરેકએ રૂપાન પાંચ સિક્કા આપવન પોતાન ઇરાદો જાહેર કર્ય. તેજુરી ખાલી થઈ છતાં આ લેણદાર વધી પડ્ય, એટલે સમ્રાટે ઉદારતા પાછળ આવનારએ પહેલાં આવી ગએલાએ લૂંટી લેવન મંજૂરી આપી. આ ઉન્માદમ બસો ત્રણસો માણસો પાણીમ પડી ડૂબી ગય હશ. પણ ઘણા પડ્યા છતાં બચી ગય, એટલે એકંદર તો વિજયન ઉત્સવ સમ્રાટન આંખએ સંતોષ એવો બન્ય.

એ ઉત્સવ પતી ગય પછી વહાણ જેન તેએ સોંપવન સમ્રાટને યાદ ન આવ્ય, અને તે દરમ્યાન સમુદ્રમ વાવાઝોડું થય હજારેક વહાણ તત્કાળ ડૂબી ગય, અને બાકીન જેવાં તેવાં બચ્ય. પરિણામે ઈટાલીન પરદેશન વેપારએ ઘણું સોસવું પડ્ય.

એ ગમે તેમ, પણ સમ્રાટે જોશીન જોશ ખોટા પાડવન આત્મસંતોષ તો અનુભવ્ય. પ્રશ્ન એ રહ છ કે ખરેખર આ જોશી ખોટો પડ્ય?

(ચાલુ) હરિકૃષ્ણ વ્યાસ

આ બે વસ્તુઓ મગજની નબળાઇ બતાવે છે; બોલવું યોગ્ય હોય ત્યાં મૂંગું રહેવું ને મૂંગું રહેવું યોગ્ય હોય ત્યાં બોલવા માંડવું.



જીવનનું પરોઢ

ભાગ ત્રીજો

પ્રકરણ પાંચમું

જેલયાત્રીઓના સમાચાર

વૉલક્રસ્ટમાં બધાને અટકાયતમાં રાખ્યાના ખબર આવ્યા પછી રોજ અમે ત્યાંની ટપાલની આતુરતાથી રાહ જોવા લાગ્યા. ત્રણેક દિવસ પછી ત્યાંથી નવાનવા રમૂજી ખબર આવ્યા. એ કંઇક આવી જાતના હતા: આ કાચી કેદમાં તો જાણે અમે ઉજાણી માણી રહ્યા છીએ. અહીંના વેપારીઓ અમને કાચું સીધું પહોંચાડે છે. રોટલી શાક રાંધી લઇએ છીએ. ટાઢ સારીપેઠે છે. બિસ્તરા પૂરતા નથી, પણ આપણા વેપારી ભાઇઓ જેમાંના એક સિવાયના બધા મુસલમાન ભાઇઓ છે તેમણે વેચવાના નવા ધૂંસાઓ કાઢી આપ્યા છે. વૉલક્રસ્ટના હિંદી ભાઇઓ આવે છે તેમની સાથે હળવા મળવામાં સહેજે દિવસ વીતી જાય છે. સાંજના વખતે પ્રાર્થના અને ભજનકીર્તનમાં આનંદ આવે છે.

ટુકડીમાંના ઘણાખરા અંગ્રેજી સમજી સમજાવી શકે એમ હોવા છતાં કેવળ મારા પિતાશ્રીએ બધા વતી બોલવું એવો ઠરાવ કરવામાં આવ્યો હતો. સરકારી અમલદારોના સવાલોના જવાબ તેમણે જ આપ્યા. બીજા સૌ જાણે અંગ્રેજી જાણતા જ નથી એમ વર્ત્યા.

વૉલક્રસ્ટના સ્ટેશન પર ટ્રેનમાંથી બધાંને ઉતાર્યાં ત્યારથી અંગ્રેજોને આ આખી ટોળી કૌતુકભરી લાગ્યા કરી. સૌથી નવાઇની વાત એ હતી કે સોળે જણા એક જ જાતનું વર્તન કરે. એમને સમજાવી ફોસલાવી વગર પરવાને ટ્રાન્સવાલમાં જતાં પાછા વાળવાનો એકકે ઉપાય ન જડ્યો ત્યારે વૉલક્રસ્ટ ગામથી થોડા ફર્લાંગ દૂર વાલ નદીના નાનકડા પૂલ પર એ બધાને પોલીસ લઈ ગઇ. પૂલની પેલી પાર નાતાલની હદમાં બધાને પહોંચાડી પોલીસે પીઠ ફેરવી કે સૌ પાછા ટ્રાન્સવાલમાં ઘુસી ગયા. પોલીસે બધાને કેદ કર્યા અને કોરટમાં ઊભા કર્યા. મૅજિસ્ટ્રેટે સૌનાં નામ પૂછ્યાં. મારા પિતાશ્રીએ દુભાષિયા બની સૌનાં નામ બતાવ્યાં અને બધા વતી બચાવ કરવાની ના પાડી. ત્રણત્રણ મહિનાની સરકારી મહેમાની સૌને મળી.

ધીમેધીમે અમારી પાસે વધુ ખબર પહોંચ્યા કે વૉલક્રસ્ટની જેલમાં દાખલ થયાને બીજે દિવસે પિતાશ્રીને દુભાષિયાનું કામ કરવાનું આવ્યું ત્યારે ભારે વિનોદ થયો. જેલના કારકુને પૂજ્ય બા વગેરેને તેમનાં નામ ઠેકાણું ને ઓળખ લખી લેવા બોલાવ્યાં. એમાં જયાકુંવર બેન અંગ્રેજી જાણતાં હોઈ બધાની વતી બોલી શકત, પણ તેઓ સૌ મૂગાં જ રહ્યાં. નછૂટકે મારા પિતાશ્રીને જેલરે ઑફિસમાં બોલાવ્યા અને કારકુનના એક એક સવાલનો જવાબ મેળવવા કહ્યું.

કારકુન: (પૂજ્ય બાને બતાવી) આ પહેલાં ઊભાં છે એમનું નામ પૂછો.

પિતાશ્રી: (પૂજ્ય બાને) આ કૃષ્ણ ભવનની પહેલી રાત કેવી ગઇ?

પૂ. બા: અમે તો અંધારૂં થયું એટલે ભજન કીર્તન ગાઇ નિરાંતે ઊંઘી ગયાં.

પિતાશ્રી: (કારકુનને અંગ્રેજીમાં) એમનું નામ કસ્તુરબાઇ.

કારકુન બિચારો એ નામની જોડણી કરી ન શક્યો એટલે છેવટે પિતાશ્રીને જ એ નામ લખી આપવું પડ્યું.

કારકુન: એ પરણ્યાં છે?

પિતાશ્રી: (પૂ. બાને) રાતે વાળુ કર્યું?

પૂ. બા: મારે તો ફળાહાર જોઇએ અને આ બધીયુંએ તો રોટી શાક આવ્યાં તે સૂંઘીને મૂકી દીધાં. કહે, આવા સૂગામણા ઠામમાં કેમ ખવાય? અને એવું રેઢીઆળ શાક મોઢામાં કોને નાખવું ગમે?

પિતાશ્રી: (કારકુનને) તેઓ પરણ્યાં છે અને તેમના પતિનું નામ મોહનદાસ કરમચંદ. આ પછી ઉમર, જાત, વતન વગેરે સવાલો એક પછી એક ચારેયને પૂછ્યા અને પિતાશ્રીએ કેદખાનાની પહેલી રાતના પૂરા ખબરજાણ્યા અને આપ્યા. પૂ. બાના ફળાહારનું શું થશે એ ચર્ચા

પણ કરી અને જણાવ્યું કે હનુમાનજી (મિ. કેલનબેક) વૉલક્રસ્ટમાં આવી પહોંચ્યા છે અને જેલરને મળી ફળ પહોંચાડવાની ગોઠવણ કરતા હોવાના ખબર મળ્યા છે. પિતાશ્રીએ સાંજની પ્રાર્થના વખતે જરા ઊંચે સાદે ગાવાનું કહ્યું જેથી બહેનોનાં ભજન ભાઈઓ પણ સાંભળી શકે. આગલી સાંજ કાકાએ 'દાદા રામજી'નું ભજન સંભળાવવા જોરથી કહેલું એ પણ જણાવ્યું.

વૉલક્રસ્ટ જેલમાં રહ્યા ત્યાં સુધી તો આનંદ રહ્યો. ભાઈઓ-બહેનોની બરાક પાસે પાસે હોવાથી એકબીજાને સંદેશા પહોંચાડી શકાતા. પણ આ મજા ચારપાંચ દિવસ જ રહી ને પછી સૌની બદલી મારિત્સબર્ગની જેલમાં થઈ.

સત્યાગ્રહીઓ વૉલક્રસ્ટ હતા ત્યાં સુધી તો મિ. કેલનબેકના કાગળો દ્વારા ફીનિક્સ બધા સમાચાર પહોંચતા રહ્યા. પણ એ બધાંની બદલી મારિત્સબર્ગ થયા પછી કેટલાક દિવસો સુધી અમને અધૂરા અને મોડા મોડા ખબરો પહોંચતા.

મારિત્સબર્ગથી પહેલા ખબર આવ્યા કે પૂજ્ય બાને ફળ નથી અપાયાં. જ્યારે પૂજ્ય બાની તો પ્રતિજ્ઞા હતી કે ગમે તે ભોગે જેલમાં ફળાહાર જ કરવો. જો જેલવાળા ફળ પૂરાં ન પાડે તો ભૂખ્યા રહેવું. મરવા વારો આવે તો મરી જવું. પણ પ્રતિજ્ઞાને જેલના અધિકારીઓએ તુચ્છકારી કાઢી અને કહ્યું 'એવા ચાળા કરવા હતા તો જેલમાં શા સારૂ આવ્યાં?' પૂજ્ય બા પાસે બીજો ઉપાય ન રહ્યો. તેમણે ઉપવાસ આદર્યા. એક બે ને ત્રણ દિવસ થયા ત્યાં એમના ઉપર તાકુફતી મેટ્રન ઢીલી થઈ ગઈ. કહે, 'અમને રાંધાની એક ટંકની ચા નથી મળતી ત્યાં અમારૂં માથું ફરી જાય છે, અને તમે આવે સુકલકડી શરીરે ત્રણત્રણ દિવસ ખાધા વિના કેમ ચલાવો છો? અમે લાચાર છીએ. તમારે માટે કંઈ કરી શકીએ એમ નથી. જેલમાં માગ્યું ખાવાનું ન મળે. મહેરબાની કરી જે મળે છે તેથી ચલાવો.' પાંચમે દિવસે સરકાર ઝૂકી અને પૂજ્ય બાને ફળોની છૂટ મળી. પણ એ એટલી ઓછી માત્રામાં મળ્યાં કે ખરૂં જોતાં પૂજ્ય બાને ત્રણ મહિના અર્ધ ઉપવાસી જ રહેવું પડ્યું. ફક્ત ત્રણ કેળાં, ચાર પ્રુન્સ (એક જાતના મોટા આલુબુખારા), બે ટમેટાં અને બે લીંબુ. આમાં મગફળી જેવી કોઈ પણ એવી ચીજ ન હતી કે જેથી ઘીતેલની ગરજ સરે. ત્રણ મહિને પૂજ્ય બા જેલના દરવાજામાંથી બહાર આવ્યાં ત્યારે સાવ હાડપિંજર થઈ ગયાં હતાં. એમનાં દર્શન કરનારની આંખમાંથી આંસુ ટપકી પડ્યા વિના ન રહ્યાં.

મારી બા પાસેથી પછી મેં એ પણ જાણ્યું કે એમને જેલમાં પોષાકની ફેરબદલી સૌથી વસમી લાગી. હબસણ કેદીઓને માટેનાં ફરાક ને માથે રૂમાલ પહેરતાં એમને ભારે સંકોચ થયો. પહેલા પાંચસાત દિવસ ખોરાક પ્રત્યે સૂગ રહી, પણ પછી ભૂખ એવી કકડીને લાગવા માંડી કે મકાઈના પુપ્પુમાં બધાયે રસ મળવા લાગ્યા. એટલું જ નહિ, પૂજ્ય બાને મળતાં કેળાંની છાલને પણ એળે ન જવા દેતા. છત હોય ત્યાં સૂગ પોસાય. અછતમાં તો 'ઉંઘ ન જાણે સાથરો અને ભૂખ ન જાણે કાંકરો'.

બાની જેમ રૂસ્તમજીકાકાને યે અન્નનો ત્યાગ કરવો પડ્યો. મારિત્સબર્ગની જેલમાં દાખલ થતાંની સાથે જ કાકાજીનાં કસ્તી સદરો જમ કરવામાં આવ્યાં. અધિકારીઓને સમજાવવામાં આવ્યું કે કસ્તી સદરા વિના પારસી પોતાની ઈશ્વરોપાસના ન કરી શકે અને ઉપાસના કર્યા વિના તો ખવાય પણ નહિ. પરંતુ સમજાવ્યા કે વિનવ્યા તેઓ માન્યા નહિ, એટલે આખી ટોળીએ ભૂખ્યા રહેવામાં રૂસ્તમજી શેઠને સાથ આપ્યો. આવાં તોફાનો જેલવાળાઓ કેમ સાંખી શકે? એમણે જોયું કે ટોળીમાં નાનાનાના છોકરાઓ છે એ તો કેવળ એમના મુખીઓની ઉશ્કેરણીથી જ અપવાસે વળગ્યા છે. એટલે રૂસ્તમજી શેઠ અને મારા પિતાશ્રીને તો પહેલી ટ્રેનમાં જ ડરબન લઈ જવામાં આવ્યા. બંને નાયકોને ઉપાડી લીધા છતાં એ જુવાન ટોળીએ અપવાસ છોડ્યા નહિ. એટલે વળી મોટામોટા, રાવજીભાઈ, મગનભાઈ વગેરે દરેકને જુદાજુદા પૂરવામાં આવ્યા અને જુવાનીઆઓને ધમકાવવા તથા લલચાવવામાં આવ્યા. બેએક દિવસ માંડ એ ઉપવાસ ચાલ્યા ત્યાં કાકાજીને સદરો કસ્તી ડરબનમાં મળ્યાના ખબર પહોંચ્યા અને આ પહેલી પરીક્ષા પૂરી થઈ.

ડરબન જેલમાંથી સમાચાર આવ્યા કે મારા પિતાશ્રીનું શરીર તપાસતાં જેલના દાક્તરને એ નબળું જણાયું છે અને છાતીમાં ક્ષયના જેવાં ચિહ્ન જણાયાં તેથી એમને જેલની ઇસ્પિતાલમાં રાખવામાં આવ્યા છે. મજૂરી આકરી નહિ, પણ હળવી અપાઈ છે. કાથીનાં

પગલુછણિયાં બનાવવાનું કામ તેઓ કરે છે અને ખોરાકમાં રોજ પોણોક રતલ દૂધ મળે છે. આ સમાચાર જાણી પિતાશ્રી ક્યાંક ગામતરે ગયા હોય એવું મને લાગ્યું. ઘણીવાર તેઓ 'ઇંડિયન–ઓપીનિયન'ની ઉઘરાણી માટે મહિનાઓ સુધી બહાર જતા એમ આ ત્રણ મહિના માટે ગયા હોવાનો આભાસ મનમાં રહ્યો.

જેલવાસીઓના સમાચાર ફીનિક્સમાં કટકે કટકે આવતા રહેતા તે સાથે એ પણ ખબર આવ્યા કે પૂજ્ય બાના પકડાઈ જવાથી જોહાનિસબર્ગના સત્યાગ્રહીઓ જોશમાં આવી ગયા છે. ખાસ કરીને મદ્રાસી બહેનોની ટોળીઓ નીકળી પડી છે અને જેલ જવા માટે જાતજાતના પ્રયત્નો કરી રહી છે. વળી ખબર આવ્યા કે જૂની લડતના વીરો પ્રાગજીભાઈ દેસાઈ, સુરેન્દ્રનાથ મેઢ અને મણિલાલકાકા પણ વૉલક્રસ્ટમાં પરવાના વિના હદ ઓળંગી મારિત્સબર્ગની જેલમાં પહોંચ્યા છે.

મગનકાકાએ ઉત્સાહભેર એક સાંજની ટપાલ આવતાં જાહેર કર્યું કે રાજકોટથી મારા સૌથી નાના કાકા જમનાદાસ કાકા સત્યાગ્રહ સારૂ નીકળી ચૂક્યા છે અને બેરા બંદરેથી રેલ રસ્તે હાડેશિયા ચીરતા તેઓ સેંડરિંગ આગળ કેપ કૉલોનીમાં ઊતરી ટ્રાન્સવાલની હદ ઓળંગશે અને ત્યાં પકડાશે. ગોખલેજી આવી ગયા પછી જમનાદાસ કાકા દેશ ગયા ત્યારે નક્કી કરતા ગયા હતા કે લડત ઊપડશે તો પહેલી સ્ટીમરે તેઓ પાછા આવી જશે. પહેલી ટુકડી પકડાયાના ખબર એમને પહોંચ્યા કે તેઓ તીરની જેમ રાજકોટથી ઉપડ્યા. આ ખબરથી મગનકાકાનો ઉમંગ ઉભરાતો હતો. મને જમનકાકાની એ અનેરી યાત્રાની અદેખાઈ આવી. સ્ટીમરમાં હું બેરાથી ડરબન આવેલો, પણ બેરાથી પાંચ દિવસ સુધી રેલગાડીને રસ્તે પહાડો અને રણમાં થઈ પસાર થવાનો લહાવો તેમની સાથે લેવાની મને તક મળી હોત તો કેવું સારૂં, એવા તરંગે હું ચડ્યો.

જમનકાકાના ખબરની બહુ રાહ જોયા પછી ખબર આવ્યા કે તેમણે ઠરાવેલે રસ્તે આવી કિંબર્લીમાં છસાત સત્યાગ્રહીઓની એક ટોળી ઊભી કરી હદ ઓળંગી અને ટ્રાન્સવાલ તથા ઑરેન્જ ફ્રી સ્ટેટની સરહદ પર ખૂણે આવેલા ક્રિશ્ચિયાના ગામની જેલમાં એકલા અટૂલા બંદી બન્યા છે. તેઓની ઉમર એ વખતે પૂરી વીસ વરસની નહિ હોય, છતાં આવા સાવ અજાણ્યા અને અંધારા ખૂણામાં બહુ હિંમતભેર તેમણે જેલ વેઠી. તેમને પણ ઉપવાસો કરીને રાહત મેળવવી પડેલી. ડરબન–મારિત્સબર્ગ જેવી પડોશની જેલના કેદીઓ કરતાં પણ બહુ દૂર ક્રિશ્ચિયાનાની જેલના વાસી જમનકાકાને માટે અમારા દિલમાં અનેરો આદર હતો.

મેં ફીનિક્સના તથા સ્વજનોના જેલનિવાસની કહાણી લખી એ ઉપરથી કોઈ એમ ન માને કે બીજા સત્યાગ્રહીઓએ નહોતું ઝુકાવ્યું. ફીનિક્સની બહાર હિંદીઓમાં ભારે ખળભળાટ મચ્યો હતો અને સેંકડો વીરાંગનાઓ અને વીરોએ ઝુકાવ્યું હતું. પણ મારી બાળ નજરે ફીનિક્સની બહારના રણરંગોનું આકલન ક્યાંથી થાય! વળી દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઇતિહાસ કંઈ અપ્રસિદ્ધ નથી રહ્યો. એટલે ફીનિક્સના વાતાવરણના રંગની વાતોમાં મર્યાદિત રહેવું જ ઉચિત છે.

(ચાલુ) **પ્રભુદાસ છ. ગાંધી**

યુરોપમાં આઇરિશમૅન જવાબ આપવામાં ટેડો ગણાય છે.

એક અમેરિકન, એક અંગ્રેજ ને એક આઇરિશમૅન અમેરિકા જતી એક સ્ટીમરમાં ભેગા થઈ ગયા. વાતોડિયા ગણાતા અમેરિકને શાંતિનો ભંગ કર્યો: 'અમારૂં નૌકાદળ હવે ખૂબ બળવાન બન્યું છે.'

બોલવામાં ચોકસાઈ જાળવનાર અંગ્રેજે કહ્યું: 'જાણુસાં અમારૂં નૌકાદળ તમારાથી વધુ બળવાન છે.'

એટલે વટ જાળવવા આઈરિશમૅને ફેંક્યું: 'તમારાં બંનેનાં દળો કરતાં અમારૂં વધુ બળવાન છે.'

અંગ્રેજ ને અમેરિકન: જરા માહિતી આપી સાબિત કરી બતાવશો?'

આઇરિશમૅન: જરૂર તેમ કરતે. પણ તમે બંને જાસૂસ હો તો?!

એવા ટેડા આઇરિશમૅનને પણ ચાબખો લગાવી જનાર કોક મળે છે. લંડનની એક હૉટેલમાં એક આઇરિશમૅન અને એક સ્કૉટસમૅન એક ટેબલ પર સામસામા આવી ગયા.

આઇરિશમૅને મશ્કરી કરવાના હેતુથી પૂછ્યું, 'એક મૂર્ખ અને એક સ્કૉટ વચ્ચે કેટલો ફેર?'

'આ ટેબલની પહોળાઇ જેટલો' સ્કાટ્સમૅને ચાબખો વીંઝ્યો.

સફળ ઉમેદવાર: કૉંગ્રેસની પાંખમાં ભરાવાથી હું ચૂંટાઇ ગયો ખરો બાકી મને જબરી શંકા હતી.

ઉમેદવારનો મિત્ર: મને હતી જ નહિ. વલ્લભભાઈએ નહોતું કહ્યું કે કૉંગ્રેસ તરફથી વાંસડો ઊભો રહેશે તો તે પણ ચૂંટાઈ જશે?

—અમ્બેલાલ નાયક

સંસારનાં શહેરો

૫ – તક્ષશિલા

રામબંધુ ભરતે પોતાના મોટા પુત્ર તક્ષના નામે સિંધુની પૂર્વે એક મનોહર ખીણમાં આ નગરી વસાવેલી. મધ્ય અને પશ્ચિમ એશિયાને જોડનાર મહાન વ્યાપારી માર્ગ પર આવેલી, આજે નષ્ટ-પ્રાય: આ નગરીનાં ખંડેરો રાવળપિંડી જિલ્લામાં માઈલોનાં માઈલો સુધી મળી આવે છે. મહાભારત બાદ આ જ નગરીમાં નાગહોત્ર કરી જન્મેજયે નાગ-લોકોને જીવતા જલાવી દીધા હતા અને પછી આ જ નગરીમાં વૈશંપાયનને મુખે એણે તત્ત્વોપદેશ સાંભળ્યો હતો.

પંજાબના પુરુ વંશ સાથે વેર ધરાવનાર તક્ષશિલાના રાજા આંભિએ સિકંદરને મદદ આપવાનો ઉલ્લેખ મળે છે. ગ્રીકોનાં વળતાં પાણી થતાં તે મૌર્યોના હાથમાં ગયું. બિંદુસારના અમલ દરમ્યાન અશોક તક્ષશિલાનો સૂબો નિમાયો હતો અને હૅવેલના કહેવા પ્રમાણે અશોકે તક્ષશિલા ને ઉજ્જૈનનાં વિદ્યાપીઠોમાં જ ઉચ્ચ કેળવણી લીધી હતી.

તક્ષશિલા ત્યારે પશ્ચિમ ભારતની રાજધાનીનું સ્થાન ભોગવતું, ને તેનું વિશ્વવિદ્યાલય તો જગતભરમાં અનન્ય હતું. એરિયન, સ્ટ્રાબો, ટૉલેમી, ડાયોનીસિયસ, પ્લિની, ફાહિયાં અને હ્યેનચ્યંગ (હ્યુએનસંગ) પોતાના ગ્રંથોમાં તક્ષશિલાનો ઉલ્લેખ કર્યો છે. ચીન, ખોતાન, તિબેટ, ઈરાન, મિસર ને ઠેઠ રોમ સુધીના વિદ્યાર્થીઓ તક્ષશિલાના અધ્યાપકોને ચરણે બેસી વિદ્યાર્જન કરતા. ભગવાન પાણિનિ તથા ચાણક્ય વગેરે આ જ અષ્ટાદશશાખાસંપન્ન વિદ્યાપીઠમાંથી બહાર પડેલા અને નાગાર્જુન જેવાની દીક્ષા મેળવી અહીંથી જ પ્રસાદ પામેલા બૌદ્ધ ભિક્ષુઓએ ચીનમાં બૌદ્ધ ધર્મ ફેલાવેલો.

વિદ્યાનો આરંભ કરવા માટે નહિ પણ વિદ્યા પરિપૂર્ણ કરવા માટે વિદ્યાર્થીઓ તક્ષશિલા આવતા. આર્ય વિદ્યા ને સંસ્કારનું એ ધામ ચાહે તે સમ્રાટને અધીન હોવા છતાં તેની પ્રજા સ્વતંત્ર જ રહેતી. મહેસૂલ, સુખાકારી, શિક્ષણ, ગુનેગારોને દંડ વગેરેની લગામ પ્રજાના હાથમાં જ રહેતી.

વૈષ્ણવ ગુપ્ત વંશને હાથે પડ્યા પછી તક્ષશિલાની કળા ઘટવા લાગી. આમ તેની ઉપેક્ષા થવા બાદ ઈસ્લામના ઉદય સાથે તેનો અસ્ત વિશેષ ઝડપી બન્યો. ગઝનીના બુતશિકન (મૂર્તિભંજક) મહમદે મઠો, ચૈત્યો વગેરેનો નાશ કરી બૌદ્ધ સાધુઓની કત્લ કરી. એ સંસ્કારપીઠના પતન સાથે જ ભારતમાં બૌદ્ધ ધર્મનું પતન થયું. એ પતન પાછળ છુપેલા નિર્દય હત્યાકાંડે હજુ ઇતિહાસનાં અજવાળાં નથી જોયાં. ને એના અવશેષો પણ જાણે એ અજવાળાંથી ત્રાસતા હોય તેમ અંધારા ભૂમિગર્ભમાં જ આરામ લઈ રહ્યા છે.



ઉપર : તક્ષશિલાની નગરરચનાનો ખ્યાલ આપતાં તેનાં ખંડિયેરોમાંનું દશ્ય
નીચે : ત્યાંના ભગ્નાવશેષોમાંથી મળી આવતાં ઉત્તમ શિલ્પકામનો નમૂનો

ચાંદરણાં

∅ જેણે પૈસો ગુમાવ્યો તેણે કંઈક ગુમાવ્યું; જેણે દોસ્ત ગુમાવ્યો તેણે ઘણું ગુમાવ્યું; પણ જેણે હિંમત ગુમાવી તેણે બધું ગુમાવ્યું.

∅ જે બુદ્ધિ ચલાવતો જ નથી તે આંધળો છે; જે ચલાવી શકતો નથી તે મૂર્ખો છે; પણ ચલાવવાની જે હિંમત કરતો નથી તે ગુલામ છે.

∅ પૈસા વગરનો માણસ ગરીબ છે એ ખરું, પણ જેની પાસે પૈસા સિવાય કશું નથી તે તેથી યે ગરીબ છે.

છોકરે પોતાની આંખમાં દવા આંજીને જોયું તો ચારે જમ પાંગતે બેઠા હતા. છોકરાને જોઈ તે હસ્યા ને ઊઠીને ચાલતા થયા



જમની વાર્તા

એક નાનું એવું ગામ હતું. તેમાં એક બ્રાહ્મણની ડોશી રહે. તેને એક દીકરાનો દીકરો હતો. દીકરો ને વહુ છોકરાને નાનો મૂકી મરી ગયા હતા.

આ ગામમાં આ એક જ બ્રાહ્મણનું ઘર હતું. એક વાર પટેલે ડોશીને કહ્યું, ડોશીમા! તમારા દીકરાને થોડુંઘણું ભણાવો તો ગામનું ગામોટું તો કરે. બ્રાહ્મણ વિના બહુ મૂંઝવણ પડે છે. તમે એને કાશીએ ભણવા મોકલો.

ડોશીઃ છોકરો ભણવા જાય પછી વાંસે મારું શું થાય? છોકરો છે તો મને લોટ માગીને ખવરાવે છે. વળી હું તો સાવ અપંગ જેવી છું. મારાથી કાંઈ કામકાજ થોડુંક જ થાય છે? નીકર હમણાં મોકલું.

પટેલઃ મા, તમારે એની ચિંતા નહિ. અમે તમને દાણા આપીશું. કહો તો હમણાં જ પચીશ માણા બાજરો મોકલું. તમને ભૂખ્યાં નહિ રહેવા દઇએ.

ડોશી કહે, બાપ, તો તો બહુ સારું. કાલે જ છોકરાને ભણવા મોકલું. પટેલે પચીશ માણા બાજરો પોતાને ત્યાંથી મોકલ્યો ને બીજા કણબીમાંથી ક્યાંકથી હારો ને ક્યાંથી ફરો એમ કરીને ડોશીમાને કળશી–દોઢ કળશી દાણો કરી દીધો.

બીજે દિવસે ડોશીએ દીકરાને સાબદો કર્યો. ભાતામાં બાજરાનો સાથવો કરી દીધો. એક કળસ્યો ને દોરી આપ્યાં. અને દીકરાને કાશી ભણી વિદાય કર્યો.

ચાલતાં ચાલતાં રસ્તામાં એક વાવડી આવી. વાવની પાસે જબ્બર વડલો હતો. છ છ ગાઉમાં તો એની છાયા પડતી. મોટાં લસ્કરનાં લસ્કર એની હેઠ ઊતરતાં. એની વડવાઇઓ તો એવી કે એમાં ઝૂલા પડી જાઇએ.

છોકરાએ વિચાર કર્યો કે આ બહુ મજાની જગ્યા છે. અહીં નાહીધોઈ, ભાતું ખાઈ પછી આગળ જઈશ. એમ વિચાર કરી વાવમાંથી પાણી સીંચવા મંડ્યો.

એવામાં વડલા ઉપરથી ચાર જમ ઊતર્યા. જમને તરશ બહુ લાગી હતી એટલે માણસનું રૂપ લઈ વાવ ઉપર પાણી પીવા આવ્યા. છોકરાને કહ્યું, છોકરા, અમને પાણી પાઈશ?

આ ચાર જણને જોઈ છોકરો તો હેબતાઈ ગયોઃ 'હમણા તો કોઈ નહોતું ને આ ક્યાંથી આવ્યાં.'

એને ગભરાએલો જોઈ જમ બોલ્યા, 'છોકરા ગભરાઈશ નહિ; અમને પાણી પા.'

છોકરો તો કળસ્યે કળસ્યે સીંચીને પાણી પાવા લાગ્યો. દસ બાર કળસ્યા કાઢ્યા ત્યારે એકે માંડ પાણી પીધું. છોકરાને તો ભારે નવાઈ લાગી. આ

ને માણસ છે કે 'જમ!' એક જણે 'જમ' જેટલું પાણી પીધું. આટલું પાણી ક્યારે સાંચાઈ રહેશે!

છોકરાએ જમને પૂછ્યું. તમે કોણ છો? માણસ તો નથી લાગતા. માણસ તે કાંઈ આટલું પાણી પીએ! જમ પીએ. મારી મા ઝાઝું પાણી પીએ એને કહેતી કે આ તો જમ જેટલું પાણી પીએ છે.

જમ કહે. છોકરા. અમે "જમ" જ છીએ. તું બીશ નહિ. તને બીક લાગે એટલા માટે જ અમે માણસનું રૂપ ધરી આવ્યા છીએ. લે, અમે તને એક વડલાના પાનનો પોટલીઓ બનાવી દઈએ તેમાં પાણી ભરી કુવામાં નાખીશ એટલે તરત ડૂબી જશે. એક એક પોટલીએ તો અમે ધરાઈ રહેશું. કળશ્યે પાર નહિ આવે.

એમ કહી જમે એક મોટો બધા પાનનો પોટલીઓ બનાવી દીધો. છોકરાએ બધાને પાણી પાયું.

જમે પછી પૂછ્યું, તું ક્યાં જાય છે? છોકરો કહે, કાશીએ ભણવા. જમ કહે, ન જા તો ન ચાલે? છોકરો કહે. ન જાઉં તો ખાઉં શું!

છોકરે પાણી પાયું એટલે જમ પ્રસન્ન થયા. તે કહે. તું આજથી અમારો ભાઈબંધ. લે, અમે તને એક ડાબલી આપીએ છીએ. તેમાં દવા છે એ તું આંખમાં આંજીશ એટલે અમને ભાળીશ. માંદાની દવા કરજે. તારી દવાથી બધાંને સારૂં થઈ જશે. પણ તારે માંદાની પથારી પાસે જઈને પહેલાં જોવું. જો અમે પાંગતે બેઠા હોઈએ તો તારે તેની દવા કરવી. ઓશીકે બેઠા હોઈએ તો કહેવું કે આને સારૂં નહિ થાય.

એમ કહી જમે તેને બાવળનાં, બોરડીનાં, આવળનાં, પીપરનાં એવાં એવાં ઝાડનાં મૂળ લેવાનું કહ્યું. ને એને ઘસીને પાવાનું કહ્યું. આ દવા, બીજી નહિ. આનાથી સારૂં થઈ જશે. અમે ઊઠીને ચાલતા થાશું.

છોકરોકહે,તમે અત્યારે ક્યાંજાઓછો?

જમ કહે, આ પડખેના ગામમાં એક વીસ વરસનો જુવાન છે એને લેવા. એ પટેલનો દીકરો છે.

છોકરો કહે, પરણેલો છે કુંવારો?

જમ કહે,હજી હમણા જ વહુ આણું વળીને આવી છે.

છોકરો કહે, અરરર! જમરાજ. એણે એવો તે શો ગુન્હો કર્યો છે કે તમે આજ લેવા આવ્યા?

જમ કહે, એનો બાપ બહુ પાપી છે. ઘરમાં ઘણું છે. પણ ચપટી લોટ કોઈને દેતો નથી. એટલે અમે એના દીકરાને લઈ જશું.

છોકરો કહે. કોઈ રીતે એને બચાવો!

જમ કહે. હા; તું માગવા જા અને તને શેર જ લોટ આપે, વધારે નહિ. તો અમે એને બચાવીએ.

છોકરો કહે, ઓહો. એમાં શું! શેર લોટ નહિ આપે!

જમ કહે, નહિ આપે હો . . .

છોકરો કહે, અરે વાત છે કાંઈ! હમણા લાવું.

એમ કહી પાંચે ગામમાં આવ્યા. જમ કહે, અમે ચોરે બેસીએ છીએ. તું અમને ચોરે મળજે.

છોકરો તો પટેલને ઘેર જઈ 'દયા પ્રભુની' કરી ઊભો રહ્યો.

પટેલ ઓસરીમાં ખાટલા ઉપર ધોળું ફૂલ જેવું ગોદડું પાથરી બેઠા હતા. હાથમાં રૂપાનો હોકો રહી



ર. મ. રાવળ

જમે છોકરાને દવાની ડાબલી આપી

ગયા'તા. ઘડીએ ઘડીએ હોકાની ફૂંક તાણતા હતા. ત્યાં છોકરાએ શબ્દ નાખ્યો.

સાંભળીને પટેલ તાડૂક્યા. કયો છે ઈ! સખ જ આવવા દેતા નથી! જા અહીંથી, કોઈ નવરૂં નથી. એલાં, કોણે બારણાં ઉઘાડાં મૂક્યાં?

છોકરો કહે, બાપુ, એ તો હું ગરીબ બ્રાહ્મણ છું. કાશીએ ભણવા જાઉં છું. જતાં જતાં આ ગામમાં આવી ચડ્યો. એટલે તમારે ઘેર માગવા આવ્યો. ફક્ત શેર લોટનું કામ છે. બીજું કાંઈ નથી જોતું.

પટેલ કહે, જા, જા, હાલ્યો જા. તારા જેવા કંઈક ભામટા હાલ્યા આવે છે.

છોકરો કહે, શેર નહિ તો અચ્છેર જ આપો. નીકર પાશેર જ આપો.

પટેલ કહે, હવે જાછ કે નહિ છાનો માનો? નીકર મારવો પડશે.

છોકરો કહે, લોટ લીધા વિના નહિ જાઉં.

પટેલ કહે, ઊભો રહે, ભામટા, લેતો જા.

એમ કહી એ તો છોકરાને મારવા જ મંડ્યો. મારીમારીને બીચારાના ગોઠણ ભાંગી નાખ્યા ને ધક્કો મારી ડેલા બહાર કાઢી મૂક્યો.

છોકરો કહે, ભોગ તારા; હું શું કરૂં? હું તો તારા દીકરાને જીવાડવા બધું કરતો હતો. હમણા તારા દાદા આવીને ઉપાડી જશે.

છોકરો ચોરે જઈ જમને મળ્યો. જમ કહે, કાં, લાવ્યો?

છોકરો કહે, ના રે, એ તે આપે? મારા તો ગુડા ભાંગી નાખ્યા.

જમ કહે, કાં, અમે નહોતા કહેતા કે નહિ આપે.

છોકરો કહે, શી ખબર કે જરા ય નહિ આપે?

જમ કહે, ઠીક, તું અહીં બેસ. હમણાં એના છોકરાને લઇને આવશું.

એમ કહી ચારે જમ ઉપડયા. આવ્યા પટેલને ઘેર.

એક જણ ગમાણમાં બેઠો. બીજો પાણીઆરે, ત્રીજો ચૂલા આગળ ને ચોથો ઉમરામાં બેઠો. ગમાણમાં બેઠેલા જમે ખાલેથી પાડીને છોડી મૂકી. પાડી ફળીઆમાં ચણાની દાળ સૂકવી હતી તે ખાવા મંડી. ત્યાં પટેલની નજર ગઈ. અને તે તાડુકયા એલા નારણીઆ! કયાં ગયો? આ તારી મા દાળ ખાઈ જાય છે. કોઈ ધ્યાન જ આપતું નથી. મારા હાળા બાયલી કોર જ બહબહા કરે છે.

ત્યાં તો ઘરમાંથી, આણું વળીને આવેલી, હાથ પગના રંગતો હજી ગયા યે નથી એવી વહુ છાતી સમાણો ઘુમટો કાઢી, કાંબી કડલાંનો ટણણણ ટણણણ અવાજ કરતી બહાર આવી. ત્યાં નારણીઓ બીજા ઓરડામાંથી દોડ્યો ને પાડીને ખીલે બાંધવા જાય છે ત્યાં તો જમ એરૂ થઈ કરડ્યો. થઈ રહ્યું. 'બાપ, બાપ, મારા બાપ, મને કાંઈક કરડ્યું' કરતોકને ઢળી પડ્યો.

જોતજોતામાં ઝેર ચડી ગયું. પછી તો વૈદને બોલાવ્યા, જોશીને બોલાવ્યા, ફકીરને ય બોલાવ્યા. દવા દારૂ કર્યાં; દોરા ધાગા ય કર્યા. પણ હવે શું વળે? થવાની થઈ ગઈ.

છોકરાના પ્રાણ નીકળી ગયા! તેના પ્રાણ લઈ જમ ચોરે આવ્યા. છોકરાને કહે, ચાલ હવે જઇએ.

છોકરો કહે, કાં, લઈ આવ્યા!

જમ કહે, હા.

છોકરો કહે, મને દેખાડો.

જમ કહે, તું ન જોઈ શકે.

છોકરાને લઈ બધા વાત ઉપર આવ્યા.

જમ કહે. હવે તું જા. અમે કહ્યું તેમ કરજે. ભણવા જવાની જરૂર નથી.

છોકરો કહે, એ તો ઠીક. પણ મારે તમને એક વાત પૂછવી છે.

જમ કહે, ભલે ખુશીથી પૂછ.

છોકરો કહે, મારૂં મોત કયારે છે?

જમ કહે, તારે વળી એ જાણીને શું કરવું છે? તું તારે ખા પી ને મજા કર.

છોકરો કહે, મને કહો તો જ જવા દઉં.

જમ કહે, તું પરણીશ ને ચાર આંખો ભેળી થશે ત્યારે અમે તને તેડવા આવશું.

છોકરો કહે, હું પરણું જ નહિ તો?

જમ કહે, તો કાંઈ નહિ. ઠીક હવે અમે જાશું. તું રસ્તામાં એક શહેર આવે છે ત્યાં જા. ત્યાંના નગરશેઠનો દીકરો ભરપૂર માંદો હશે. એને તારી દવાએ સારૂં થશે. શેઠ તને લાખ રૂપિયા આપશે. તારી ભૂખ ટળશે. પછી તારે ગામ જઈ વૈદું કરજે.

છોકરો શહેરમાં આવ્યો. જઇને પાણી શેર બેઠો.

ત્યાં બધી બાયું પાણી ભરતી'તી ને વાત કરતી'તી, કે બિચારા નગરશેઠને એકનો એક દીકરો છે, ઘણા વૈદ હકીમ કર્યા પણ કોઈની કારી નથી ફાવતી.

છોકરો કહે, હું વૈદું જાણું છું: સારું થાય તો.

ત્યાં તો એક બાઈ કહે, તો તો તમે જ પરમેશ્વર. ચાલોને ભાઈ.

છોકરો કહે, એમ ન આવું. તમે જઈને વાત કરો. બોલાવે તો આવું.

બાઈએ નગરશેઠને ત્યાં ખબર કર્યા કે કુવા આગળ છોકરો બેઠો છે એ કાંઈક વૈદું જાણે છે. તેને બોલાવો તો સારૂં થાય.

તરત જ માણસો દોડ્યા ને છોકરાને તેડી લાવ્યા.

છોકરે આંખમાં દવા આંજી. જમને પાંગતે ભાળ્યા. છોકરાને જોઈ જમ હસ્યા ને ઊઠીને ચાલતા થયા. છોકરે સાથે આણેલાં મૂળિયાં ઘસીને પાયાં. ત્યાં તો વળતાં પાણી થવા લાગ્યાં. આઠ દિવસમાં હરતો ફરતો થઈ ગયો. શેઠ તો બ્રાહ્મણના દીકરાના પગમાં પડ્યો ને કહે, જે માગો તે આપું.

છોકરો કહે, હું માગીશ નહિ. જે આપશો તે લઈશ.

શેઠે એક લાખ રૂપિયા આપ્યા. તે લઈ છોકરો પોતાને ગામ આવ્યો. ગામમાં બધાંને ખબર મળ્યા કે ડોશીનો દીકરો ભણીને આવ્યો. છોકરાએ એની માને બધી વાત કરી.

ડોશી તો રાજીના રેડ થઈ ગઈ. છોકરાએ મોટાં હવેલી જેવાં મકાન કર્યાં ને ગામમાં બધાંનું વૈદું કરવા લાગ્યો. કોઈ લાખોપતિ મળે તો જ પૈસા લ્યે. એ તો મોટો વૈદરાજ થઈ ગયો.

થોડા દિવસ થયા ને ડોશી ગુજરી ગયાં. દીકરાએ ડોશીની પાછળ દસ કોશી ચોરાશી કરીને આખા ગામને ધૂમાડાબંધ જમાડ્યું.

વૈદરાજ હવે એકલા પડ્યા. પરણાય તો નહિ. પરણે તો મરી જાય!

ગામનાં માણસોને નવાઈ લાગી કે આ એકલો રહે છે, હાથે રાંધીને જમે છે, પણ પરણતો નથી. પૈસાની કાંઇ ખોટ નથી. આનું શું કારણ? કેટકેટલાંય માગાં આવે છે પણ ચોકખી ના પાડે છે.

એક વાર પાસેના ગામના રાજા બહુ માંદા પડ્યા. ત્યાં ખબર પડી કે આ ગામમાં વૈદ બહુ સારૂં જાણે છે. તરતજ ચાર ઘોડાની ગાડી આવી તેડવા. વૈદરાજે આવીને જોયું તો જમને પાંગતે જોયા. દવા શરૂ કરી. જમ ચાલ્યા ગયા. રાજાને આરામ થયો. આખા રાજમહેલમાં આનંદ આનંદ થઈ રહ્યો.

રાજાએ વૈદરાજને લાખો રૂપિયા આપ્યા. હીરા, માણેક ને ઝવેરાતના દાગીના આપ્યા. બંને મિત્રો થયા. વૈદરાજ હવે ઝાઝે ભાગે રાજમહેલમાં રહેવા લાગ્યા.

એકવાર રાજાને ખબર પડી કે વૈદરાજ પરણતાં નથી. રાજાએ આગ્રહથી પૂછ્યું, તમારે આટઆટલો પૈસો છે છતાં કેમ નથી પરણતા? એનું કારણ શું?

વૈદરાજ કહે, કારણ શું હોય? મારે પરણવાનો વિચાર જ નથી. રાજા કહે, એમ તે થાય? મારે તમને પરણાવવા છે.

વૈદરાજ મુંઝાણા. જમે એને કહ્યું હતું કે તારા મોતની વાત કરીશ તો તરત મરી જઇશ. રાજા માને નહિ. ખરી વાત કહેવાય નહિ. રાજાએ તો હઠ લીધી. એક પંડિતની ભણેલીગણેલી દીકરી સાથે વેશવાળ કર્યું. ઘડીઆં લગ્ન લીધાં. પંડિતની દીકરી તો જાણે રૂપરૂપનો અવતાર. ડહાપણનો તો પાર જ નહિ.

ધામધૂમથી રાજાએ લગ્ન કર્યાં. વરકન્યા પરણી ઘેર આવ્યાં. મહેમાનો સૌસૌને ઘેર ગયા. વર વહુ બે રહ્યા. વૈદરાજ તો તરત મેડીએ ચડી ગયા.

વહુએ વિચાર્યું કે ઘરમાં કોઈ નાનુંમોટું નથી. હું એકલી છું. મને કોઈ કહેવાનું છે કે ઊઠ, એમ કહી એ તો ઊઠી. પાનેતર સંકેલીને પેટી ઉપર મૂક્યું, મોડીઓ ખીલીએ વળગાડ્યો. રસોઇ તો તૈયાર જ હતી. એ તો વૈદરાજની વાટ જોઈ બેઠી. પણ વૈદરાજ ઊતરે શેના? વહુએ વિચાર્યું કે, લને બોલાવું. નાહક મોડું થાય છે ને ખાવાનું ઠરી જાય છે.

ઝાંઝરનો અવાજ સાંભળી વૈદરાજે આંખે પાટા બાંધી દીધા. પોતાના ધણીને આમ આંખે પાટા બાંધેલા જોઈ બાઈ તો વિચારમાં પડી કે આ શું? એ તો વિનવવા માંડી કે મારો શો વાંક છે? હજી તો હું ચાલી આવું છું. મારૂં મોઢું તો જોયું યે નથી, ત્યાં મારા શું એવા અવગુણ જોયા કે આમ પાટા બાંધીને બેઠા છો? ખાવાનું ઠરી જાય છે. પાટા છોડી નાખો ને જમવા ઊઠો.

વૈદરાજ કહે; તું તારે જમી લે; મારે નથી જમવું.

વહુ કહે, તમે ન ખાઓ ને હું શી રીતે ખાઉં?

એ તો કલ્પાંત કરવા લાગી. વૈદરાજ નીચે ગયા. બાઈ પણ પાછળ ગઈ. હાથેપગે લાગી વિનવવા મંડી.

વૈદરાજ કહે, લે આ પેટીયુંની કૂંચીયું. તું તારે ખા પી ને મજા કર. ઘરબાર બધું તારું છે. ફાવે તેમ ઉડાડજે. પણ મારું નામ ન લઈશ.

બાઈ કહે, મારે ઘરબાર અને પૈસામાં શું લાલ-બાઈ મૂકવી છે! એ બધું કોકને આપી દ્યો. ચાલો આપણે વનમાં ઝૂંપડી બાંધીને રહેશું.

બાઈનું બોલવું સાંભળી વૈદરાજનું હૃદય પીગળ્યું. પણ કરે શું? પાટા છોડે તો મરી જાય. ને બાઈના બોલ સાંભળતાં દુ:ખ થવા લાગ્યું. આખરે જમની આપેલી ડાબલી દઈ કહે, લે, આ દવા આંખમાં આંજ ને પછી જે કહેવું હોય તે કહે.

બાઈએ તરત દવા આંજી. ત્યાં તો ઘરને ચાર ખૂણે ચાર જમને બેઠેલા ભાળ્યા.

બાઈ: તમે કોણ છો!

જમ: જમ છીએ.

બાઈ: શું કામ આવ્યા છો?

જમ: તારા ધણીને તેડવા. પાટા છોડે એટલી વાર છે.

બાઈને હવે બધું સમજાયું કે શા માટે પાટા બાંધ્યા છે.

બાઈ: મેં એવો તે શો ગુન્હો કર્યો છે કે તમે આજ મારા ધણીને લેવા આવ્યા? હજી અમારા શરીર ઉપરથી પીઠીનો રંગ તો ઊતર્યોય નથી. મોડીઓ ખીલીએ પડ્યો છે. પાનેતર પેટી ઉપર પડ્યું છે, મીંઢોળ બાંધ્યાં છે. મારા ઉપર દયા કરી તમે પાછા જાઓ.

જમ કહે. બાઈ એ કાંઈ અમારા હાથમાં નથી. અમને તો ધર્મરાજનો હુકમ થાય એટલે આવીએ.

બાઈએ શરીર ઉપરથી બધાં ઘરેણાં ઉતારી નાખ્યાં ને છાતીફાટ રુદન કરવા લાગી.

તેનું રુદન સાંભળી એક જમને દયા આવી. બીજા ત્રણને કહે, તમે બેસજો, હું ધર્મરાજા પાસે જઈ આવું.

સ્વર્ગમાં જઈ તેણે ધર્મરાજાને બધી વાત કરી કે મહા-રાજ, બધું તો ઠીક, પણ બાઈનું કલ્પાંત અમારા જમના હૃદયને પણ પીગળાવી દે છે; આપનો શો હુકમ છે?



બાઇએ દવા આંજી ત્યાં તો ઘરને ચાર ખૂણે ચાર જમ ભાળ્યા

ધર્મરાજા કહે, તું બેસ: હું હમણાં આવું છું.

ધર્મરાજા મૃત્યુલોકમાં આવ્યા. એક ભિખારીનો વેશ લીધો. શરીરે પત ની જ્યું છે; ચારે કોરથી પાચ-પરુ વહે છે; શરીર થરથર કંપે છે. અંધારી મેઘલી રાત જામી છે; અને એમાં વરસાદ કહે મારું કામ. મુશળધારે એ પડે છે. બધાં માણસો ઊંઘી ગયા છે. આ વખતે ધર્મરાજા ભિખારીને વેશે નીકળ્યા.

'એ . . . બા . . . કોઈ આંધળાને બટકું રોટલો આપો. એ . . . કોઈ પતીયાને ખાવાનું આપો. આજ આઠઆઠ દિ'નો ભૂખ્યો છું. એ . . . કોઈ ધરમનો બેલી કોઈ આંધળાનો લાલ.' આમ બોલતા જાય છે. પણ એનું કોણ સાંભળે? બધે જગ જંપી ગયું હતું. કોઈ જાગતું હોય ત્યારે ના? એક વૈદરાજ ને તેની સ્ત્રી બે જાગતાં હતાં. એને શે સુખે ઊંઘ આવે? બાઈને કાને ભિખારીનો અવાજ ગયો. તરત બોલી ઊઠી: એ . . . ભાઈ અહીં આવ અહીં આવ.

ભિખારી ત્યાં જઈને ઊભો રહ્યો. બાઈએ પોતાનું મા–માટલું અકબંધ હતું તે તેને આપ્યું. લે, ભાઈ, મારે શે સુખે મા–માટલું ખાવું? મારા ધણીને તો જમ તેડવા આવ્યા છે. તું લઈ જા. તારું પેટ ઠરે.

બાઈની આંખમાં તો શ્રાવણ ને ભાદરવો.

બાઈનું બોલવું સાંભળી ધર્મરાજાને ય દયા આવી. આખા ગામમાં કોઈએ એક રોટલાનો કટકોય ન આપ્યો ત્યારે આણે આખું મા-માટલું આપ્યું.

ધર્મરાજાએ કહ્યું, બેન, તમારૂં અખંડ સૌભાગ્ય રહેશે. જરા માટલું ઓટલા સુધી મૂકી જાઓ તો ઠીક. રાતની રાત ઓટલે પડ્યો રહીશ. સવારે જ્યાં જવાશે ત્યાં જઈશ.

બાઈએ માટલું બહાર ઓટલા ઉપર મૂક્યું.

ધર્મરાજા તરત સ્વર્ગમાં આવ્યા. જમને કહે, જાઓ જઈને એને કહો કે પાટા છોડી નાખે. હવે એનું મોત નથી. કહેજો કે તારૂં આયુષ્ય સો વરસનું થયું છે.

જમ મૃત્યુલોકમાં આવ્યા. બાઈને કહે, બેન, તમે હવે કલ્પાંત બંધ કરો. તમારા ધણીને તમે બચાવ્યો છે. તમે જેને માટલું આપ્યું તે ભિખારી નહોતા, પણ ધર્મરાજા પોતે હતા. તમારા ધણીનું આયુષ્ય સો વરસનું થયું છે.

વૈદરાજે પાટા છોડી નાખ્યા. જમ પાછા ગયા.

વૈદરાજ અને તેની વહુ સુખેથી રહેવા લાગ્યા.

મોંઘીબહેન

પંચતંત્રની વાર્તાઓ


વળી ટીટોડી કહે: 'ટિટ્ટિભરાજ,

અનાગતવિધાતા ને પ્રત્યુત્પન્નમતિ તથા।
આ બે જણ સુખી થાતા યદ્ભવિષ્ય મુઓ જુઓ
॥ ૩૪૭ ॥

તે બોલ્યો 'એ કેમ?' ટીટોડી કહે:

કથા ૧૮

એક નદીના ધરામાં અનાગતવિધાતા, પ્રત્યુત્પન્નમતિ તથા યદ્ભવિષ્ય નામે ત્રણ સહચારી માછલાં હતાં. ધરા આગળ થઈને માછી ચાલ્યા જાતા હતા તે બોલ્યા કે કાલ પ્રભાતે અહિં જાળ નાખશું. આ વાત અનાગતવિધાતાએ સાંભળી, ને પોતાના મિત્રો આગળ સૂચના કરી, કે આપણે બીજે ધરે ભાગો. પણ પ્રત્યુત્પન્નમતિ કહે, 'મચ્છીમાર આવશે તો સમયોચિત ઉપાય કરીને હું મારી રક્ષા કરીશ'. અને યદ્ભવિષ્ય



મરવા જેવું રૂપ કરીને રહેલા પ્રત્યુત્પન્નમતિને માછીએ ફેંક્યો તેવો તે ગંભીર નીરમાં ચાલ્યો ગયો.

ખડખડ હસ્યો ને બોલ્યો, 'તારી મંત્રણા ઠીક નથી. કોક કાંઇક બોલી જાય એટલે પિતાપિતામહની વારીનો જન્મધરો ત્યજવો એ કયાંનો ન્યાય? જો આયુષ ક્ષીણ થયું હશે તો બીજે જઈને પણ મરવું જ પડશે. એટલે હું તો મારે કાંઇ અહિંથી નહિ જાઉં.' એટલે અનાગતવિધાતા તો બીજે ચાલ્યો ગયો.

બીજે દિવસે માછી આવ્યા, પણ પ્રત્યુત્પન્નમતિ મરેલા જેવું રૂપ કરીને રહ્યો, એટલે માછીએ એને જાળમાંથી કાઢીને નદીના પ્રવાહમાં નાખી દીધો એવો જ તે ગંભીર નીરમાં ચાલ્યો ગયો. પણ યદ્ભવિષ્યની મતિ મૂંઝાઈ ગઈ, શું કરવું તે એને સૂઝ્યું નહિ, ને હડિયાહડી કરતાં તે જાળમાં અટવાઈ ગયો.

એટલે કહું છું, 'અનાગતવિધાતા જે' ઇત્યાદિ.

ટીટોડો બોલ્યો, 'ભદ્રે, તું ન જાણતી કે હું યદ્ભવિષ્ય છું. ભય રાખ મા, મારા બાહુબળથી સુરક્ષિત તારો પરાભવ કરવા કોણ સમર્થ છે?' એટલે ટીટોડીએ ત્યાં જ ઈંડાં મૂકયાં.

સમુદ્રે વિચાર્યું: 'આ પક્ષીનો ગર્વ તો જો. આભ ભાંગી પડે એવા ભયથી એને ટેકવવા સારુ ટીટોડો પગ ઊંચા રાખે છે! કુતુહલ સારુ પણ મારે આનું પરમાણું લેવું.' એમ કરીને એ ઈંડાં તાણી ગયો.


સૂનો માળો જોઈને ટીટોડીએ એના વરને કહ્યું, 'જોયું ને? હું કહેતી હતી પણ તમે માન્યું નહિ.'

ટીટોડો બોલ્યો, 'ભદ્રે, કાંઈ ચિન્તા કરીશ મા, ને મારો બુદ્ધિપ્રભાવ જોજે. આ દુષ્ટ સમુદ્રને ચાંચથી શોષવી નાખું.'

ટીટોડી કહે, 'હે કાન્ત, જે ગંગાસિન્ધુ નવશત નવશત નદીઓને લઈને નિત્ય પ્રવેશ કરે એવા સમુદ્રને બિન્દુવાહિની ચાંચથી તું કેમ કરીને સુકવીશ?'

ટીટોડો કહે, 'ધીરજ મોટી વાત છે, મારી ચાંચ લોઢા જેવી છે, ને રાતદિવસ લાંબાં છે; તો પછી સમુદ્ર ન શોષાય એ કાંઈ વાત છે?'

(ચાલુ) દેસાઇ વાલજી ગોવિન્દજી



જંગલમાંથી રસ્તો

(ચિત્રરમત)

ધારો કે તમે કોઈ ગીચ જંગલના મધગાળામાં ફસાઈ પડ્યા છો, તો પછી શું કરવાના? ઉપરની ચિત્રરમતમાંના કોયડાનો ઉકેલ કૈંક એ જ જાતનો છે.

ચિત્રમાંના આંકડાવાળાં વર્તુલો અકેક ઝાડ છે એમ માનો. અને એની વચ્ચેથી રસ્તો કરવાનો એક જ માર્ગ છે. એ રમત ઘણી રસભરી છે. તમે બરાબર મધ્યમાં આવેલા પાંચમા નંબરના ઝાડથી શરૂઆત કરો. ત્યાંથી ગમે તે દિશામાં પાંચ ડગલાં આગળ વધો. એમ કરવાથી જે નંબરનું ઝાડ આવે તેની સંખ્યા, તમારે હવે બીજી કોઇ પણ દિશામાં કેટલાં ડગલાં ભરવાં તે સૂચવશે. એમ ને એમ જે સંખ્યા આવતી જાય તે મુજબનાં કુંડાળાં વટાવતા જઈ છેવટે તમે સહીસલામત બહાર નીકળી આવવાના. માત્ર એટલું ધ્યાનમાં રાખવું કે એમાં જો કદાચ કોઇ ખાલી વર્તુલમાં આવી લાગો તો પાછો નવેસરથી આરંભ કરવો.

વનવગડાનાં વાસી (અનુસંધાન પાછળ પાન ૪૯૬થી)

આહારવિહાર અને પ્રજનનની રીત અગન જેવી જ: માત્ર એની સંતાનોત્પત્તિનો કાળ એપ્રિલ મે. તેમ એના માળા પણ ઢાંકણ વિનાના ઉઘાડા, છીછરા વાડકા જેવા.

સ્વભાવે ખુશદિલ અને નીડર હોવાથી એની અત્યંત પાસે જઇને પણ અવલોકી શકાય છે. એનું ગાન મધુર ને આહ્લાદક હોવા છતાં અગનને તો ન જ પહોંચે. તેમ એ અગન જેટલું ઊંચે પણ ઊડતું નથી: જોકે ઊડતાં-ઊડતાં ગાય છે ખરું. એની અનુકરણ શક્તિ પણ સામાન્ય પ્રકારની હોવાથી, અગન જેટલી પ્રશંસા પામતું નથી.

ભારતવર્ષમાં પ્રાચીનતમ કાળથી જનમનરંજન કરનાર આ ગાયક ત્રિપુટીની કથા પૂરી થઈ. અગન અને ભરત જેવાનાં ગાનની સફળ ગાથા તો શ્રી કંચનરાય જેવા પંખીપાલનના કોક અવધૂત જ ગાઈ શકે: પંખીઓનાં કેવળ કલેવરે રાચતો હું કોણમાત્ર? છતાં આટલું વાંચીને આપણાં ગોંદરાનાં આ વસનારાંને ઓળખતાં શીખો, એના દર્શન-શ્રવણ અર્થે વગવગડામાં રખડતા થઈ જાઓ અને અંગ્રેજી સાહિત્યથી રંગાએલા હો તો, વર્ષાગમે નીગળતી વાદળીના જલકણસ્પર્શે જાગી ઊઠતા નવ દુર્વાંકુરના ઉચ્છ્વાસથી યે વધુ કોમળ, વસન્તની ફૂંકમાં વિકસતા ફૂલનાં હાસ્યથી યે વધુ ઉજ્જ્વલ, નભોમંડળથી વેરાતી શારદી જ્યોત્સ્નાના ખળખળ નિનાદથી યે વધુ મધુર અને ઇન્દ્રધનુમાંથી ઊભરાતી સપ્તવર્ણી રંગલહરીથી યે વધુ રસભર ભરતાદિના કંઠરવને સાંભળી, એના ગાનશ્રવણથી ઉન્મત્ત બનેલા પેલા અંગ્રેજ કવિવર[૫] પેઠે, એ દૈવી પંખી પાસેથી 'ગાંડપણ'–Harmonious Madness– શીખતા થઈ જાઓ તો મારો આટલો શ્રમ સફળ થયો માનીશ.

લ૦ ચર

---

૫ શેલી

Teach me half the gladness
That thy brain must know,
Such harmonious madness
From my lips would flow
The world should listen then,
As I am listening now!



પતિ: આજે મને એક હરીફાઈમાં પચીસ રૂપિયા આવ્યા....

પત્ની: તો તો આપણું જૂનું દેવું —

'અરે, પણ આખું સ્વપ્નું તો પહેલાં સાંભળી લે!'

~

શિક્ષક: વરાળ કેમ પેદા થાય છે, ચમન?

ચમન: પાણીને પરસેવો વળવાથી, સાહેબ!

~

'રમુ, આ ક્યાં વગાડ્યું, તેને આવડું મોટું ઢીમણું થયું છે?'

'તમારા જમુને તો હતું જ! આ એકના બદલામાં મેં એને બે ઢીમણાં કર્યાં છે.'

~

દુકાનદાર: કેમ, તમે લઇ ગએલા તે અલાર્મ ક્લૉક સારું કામ આપે છે ને?

ઘરાક: હા, અમને તો એ નથી જગાડી શકતું પણ અમારા પોપટને જગાડે છે. પોપટ પછી અમારા કૂતરાને જગાડે છે ને છેવટે કૂતરો અમને જગાડે છે.

~

બે સ્પેનિયર્ડો આપસમાં ઝગડ્યા ને ઝગડાનો નિકાલ દ્વંદ્વથી આણવા માટે કોઈને ખબર ન પડે તેટલે દૂર જઈ લડવાનું ઠરાવ્યું. એકે સિંગલ ટિકીટ લીધી જ્યારે બીજાએ રીટર્ન ટિકીટ. આથી પહેલો બોલી ઊઠ્યો, 'તને જીવતા પાછા આવવાની જ ખાતરી નથી ને?'

'ના, એથી ઊલટું મારા હરીફની ટિકીટનો લાભ મળવાની ખાતરી હોવાથી હું વધારાના પૈસા નથી ખરચતો.'

~

ઘરાક: મારે થોડી ચોપડીઓ જોઇએ છે.

પ્રકાશક: હળવું સાહિત્ય આપું?

ઘરાક: ગમે તેટલું ભારે આપો ને? હું મોટર સાથે જ લાવ્યો છું.

~

ડાક્તર: આ દવાથી તમે દસ વર્ષ નાના લાગશો.

ઘરાક: તો તો મારે એ ન જોઇએ; ક્યાંક ઘડપણ માટે મળતું પેન્શન હું ગુમાવી બેસું.

~

ઉત્સાહી વક્તા: જે લોકો માત્ર વાતો જ કરી જાણે છે પણ કામ કરી જાણતા નથી તે લોકો કેટલી ઊંચાઈ પ્રાપ્ત કરવાની આશા રાખી શકે?

એક શ્રોતા: માત્ર પ્લૅટફૉર્મ જેટલી.

ફોટોગ્રાફી હરીફાઈ

માટે આ મહિને આવેલાં ચિત્રોમાંથી કોઈ પણ ઈનામને લાયક ઠરતું નહિ હોવાથી કોઇને ઈનામ મળતું નથી. —તં.

આ મહિનો (નવેમ્બર) . . . અને એની પ્રતિભા

તા. ૧ ખડકીના યુદ્ધમાં અંગ્રેજો સામે પેશવા બાજીરાવની હાર–ઈ. ૧૮૧૭

તા. ૨ આબીસીનિયાનો શહેનશાહ હેલસિલાસી ૩૯ વર્ષની વયે તખ્તનશીન થયો–ઇ. ૧૯૩૦

તા. ૫ પાણીપતના યુદ્ધમાં હારેલા મુહમ્મદશાહ આદિલના સેનાપતિ હેમુનો બહેરામખાને વધ કર્યો–ઇ. ૧૫૫૬

તા. ૮ અફઘાનિસ્તાનના અમીર નાદિરશાહનું એક વિદ્યાર્થીએ ખૂન કર્યું –ઈ. ૧૯૩૩

તા. ૧૦ શિવાજીને પકડવાના સોગન લઈ વિજાપુરથી નીકળેલા અફઝલખાનનો શિવાજીએ વધ કર્યો.–ઈ. ૧૬૫૯

તા ૧૨ શહેનશાહ પાંચમા જ્યોર્જે પહેલી ગોળમેજી ખુલ્લી મૂકી–ઈ. ૧૯૩૦

તા. ૧૪ બ્રુસે બ્લુ નાઇલનો પ્રવાહ શોધી કાઢ્યો–ઈ. ૧૭૭૦

તા. ૧૫ લીગ ઑવ નૅશન્સની પહેલી બેઠક મળી–ઇ. ૧૯૨૦

તા. ૧૯ ગ્રીસમાં પ્રજાતંત્રનો અંત આવી રાજાતંત્રની પુનઃ સ્થાપના–ઇ. ૧૯૩૫

તા. ૨૨ હિંદ અને અફઘાનિસ્તાન વચ્ચે સંધિ થઈ, જેમાં અફઘાનિસ્તાન રશિયન પ્રચારકાર્યને ટેકો ન આપે એ શરતે તે સ્વતંત્ર રાજ્ય તરીકે માન્ય થયું.–ઇ. ૧૯૨૧

તા. ૨૩ પ્રખર વિજ્ઞાની શ્રી જગદીશચંદ્ર બોઝનું અવસાન–ઇ. ૧૯૩૭

તા. ૨૫ ચિન્સુરા નજીક બીદેરા મુકામે અંગ્રેજ સેનાપતિ ફૉર્ડે વલંદાઓને પરાજિત કરી હિંદમાંથી તેમનો પગદંડો ઉખેડી નાખ્યો–ઈ. ૧૭૫૯

તા. ૨૬ મધ્ય એશિયાના વિખ્યાત શોધસફરી સર ઑરેલ સ્ટીનનો જન્મ –ઈ. ૧૮૬૨

તા. ૨૭ બે બંગાળી કુમારિકાઓએ ટિપેરાના ડિસ્ટ્રીક્ટ મૅજિસ્ટ્રેટ મિ. સ્ટીવન્સનનું કૉમિલા મુકામે ખૂન કર્યું –ઈ ૧૯૩૧

તા. ૩૦ ફ્રેન્ચ સરકારે મૅરિશિયસનો કબજો અંગ્રેજોને સોંપ્યો–ઈ. ૧૮૧૦



આ માસની વિભૂતિ
બિપીનચંદ્ર પાલ

ઇ. ૧૮૫૮ના નવેમ્બરની ૭મીએ સિલહટના બાબુ રામચન્દ્ર પાલને ત્યાં જન્મ. મૅટ્રિક પછીના અભ્યાસ માટે કલકત્તા જતાં આખા બંગાલની જુવાન જનતા જેમના પર વારી જતી એ બાબુ કેશવચંદ્ર સેનની અસર તળે આવ્યા ને બ્રાહ્મોધર્મની દીક્ષા લીધી. આથી પિતાએ ક્રુદ્ધ બની પોતાના વારસદાર તરીકે રદ કર્યા ને મરતાં સુધી પુત્રનું મોં ન જોવાની પ્રતિજ્ઞા લીધી જે મરણપથારી પર પડતાં સુધી પાળી.

કુટુંબથી આમ વિભક્ત બનતાં બિપીનચંદ્ર પર અનેક મુશ્કેલીઓ આવી. આર્થિક તંગીને કારણે અભ્યાસ પણ મુલતવી રાખી તેઓ કલકત્તાની સિટી લાયબ્રેરીના લાયબ્રેરિયન નિમાયા.

એ અરસામાં બાબુ કાલિચરણ બૅનરજીએ બ્રાહ્મોધર્મને નિંદતાં ભાષણો આપવા માંડતાં પાલબાબુનું મન ઊકળી ઊઠ્યું ને તેમણે એના બચાવમાં એવાં તો વિદ્વત્તાભર્યાં ભાષણો આપ્યાં કે એમને વણમાગી કીર્તિ મળી ગઇ. ઇ. ૧૯૦૦માં તુલનાત્મક ધર્મજ્ઞાન શીખવા તેઓ ઑક્સફર્ડ ગયા ને ત્યાંથી ઈંગ્લંડ ફ્રાન્સ ને અમેરિકાની સફરે ઊપડયા. જુદાંજુદાં પત્રોમાં લેખો આપી પોતાનું ખર્ચ એ કાઢી લેતા. ઈ. ૧૯૦૧માં તેઓ હિંદ આવ્યા ને પોતે પચાવેલો નવસંદેશ જનતાને આપવા 'નવભારત' (New India) નામનું સાપ્તાહિક શરૂ કર્યું. જોકે એમની આર્થિક સ્થિતિ જરાયે સરળ નહોતી.

બંગભંગે અનેક તરુણ હૈયાંની જેમ બિપીનચંદ્રના હૈયામાંયે નવો આતશ પૂર્યો. એ અગાઉ એમણે રાજકારી ક્ષેત્રમાં પોતાનું નામ તો નોંધાવી જ દીધેલું. કૉંગ્રેસની વ્યાસપીઠોએથી એમણે ભાષણો કરેલાં ને ઈંગ્લંડમાં આનંદમોહન બોઝને યે હિંદ અર્થેની લડતમાં સાથ આપેલો. પણ હવે તો એ ધીમા લહેર વાવંટોળમાં ફેરવાઇ ગઈ. એમનાં ભાષણોએ હિંદની મુક્તિ ઝંખના પ્રજવાળવામાં ખૂબ ફાળો આપ્યો.

અને પછી, ૧૯૦૭ના ઑગસ્ટમાં. અરવિંદ ઘોષનો પ્રખ્યાત કેસ ઊભો થયો ને તેમને સાક્ષી તરીકે બોલાવવામાં આવ્યા. એમણે નિર્ભીકપણે સુણાવી દીધું કે એ ખટલો રાષ્ટ્રને પ્રત્યાઘાતી હોઇ પોતે તેમાં કશા પ્રકારનો ભાગ લેવા નથી માગતા. પરિણામે એમને છ મહિનાની આસાન કેદની શિક્ષા મળી, જે જેલનિવાસ દરમિયાન હિંદુ ધર્મ ઉપર બે પુસ્તકો લખી નાખ્યાં.

એ જેલમાંથી બહાર નીકળી તેઓ ઇંગ્લંડ ગયા ને ત્યાંથી 'સ્વરાજ' નામનું પત્ર કાઢવા માંડ્યું પણ હિંદની સરકારે એ પત્ર પર પ્રતિબંધ મૂક્યો.

દીર્ઘ કાળના પરદેશવાસ પછી તેઓ હિંદને કાંઠે ઊતર્યા કે તેવી જ મુંબાઇ સરકારે તેમની ધરપકડ કરી એક માસની સજા આપી. એ સજા ભોગવી પાછા બંગાળા પહોંચતાં એમણે 'હિંદુ રીવ્યૂ' થોડો વખત શરૂ કરેલું. પણ સંજોગવશાત્ એ બંધ કરવું પડેલું. હિંદના રાજકારણ પર નવી દૃષ્ટિ આપતાં અનેક પુસ્તકો ને સંખ્યાબંધ લેખો તેઓ લખી ગયા છે. છેલ્લે છેલ્લે પોતાની જાતને રાજકારણમાંથી એમણે ખેંચી લીધી હતી, પરંતુ હિંદની જનતા તો એક આખી પેઢીના પ્રેરણાદાતા તરીકે હજુ યે એમને વીસરી શકી નથી.




મધુકરી

હૈ કૌન યહાં રે ઉચ્ચ નીચ?
હૈ કૌન યહાં સ્વાર્થી દધીચ?
યદિ જગજ્જનનીકા જલ પુનીત?
તો કમલોત્પાદક ફુલ-કીચ:
હમ એક ઈશ્વરકે અંશ, તાર હૈ ભિન્ન, એક હી પર સિતાર!
જન જનમેં કૈસા તિરસ્કાર? —'પ્રદીપ'

ગુજરાતના ગણિતિ ફિલસૂફ કિશોરલાલ મશરૂવાળા

"તમે ભલે અખતરો કરો. એથી તમે સત્યને–કલ્યાણને માર્ગે વધારે જ આગળ જશો એમ મને લાગતું નથી. છતાં ગોમતીબહેનની રજા હોય તો અખતરો કરવાને હરકત નથી. તમે જ્યારે નિશ્ચય જ કર્યો છે ત્યારે મારે તેની આડે આવવું યોગ્ય નથી."

સને ૧૯૨૧ની એક સવાર હતી. સત્યાગ્રહાશ્રમ સાબરમતીમાં રોજીંદો સમુદાય બ્રાહ્મ પ્રાર્થના પછી ભેળો મળ્યો હતો. પ્રસંગ અતિવિશિષ્ટ હતો. આશ્રમના એક બંધુએ એકાંતવાસ માટે ગાંધીજીની રજા લેવાનો એ પ્રસંગ હતો.



એ આશ્રમવાસી તે કિશોરલાલ ઘનશ્યામલાલ મશરૂવાળા. ગાંધીસિદ્ધાંતને જીવનમાં ઓતપ્રોત કરનારા ગાંધીજીના જે જૂજ અનન્ય સાથીઓ ગણાય છે તેઓમાંના એ એક છે. કદે સામાન્ય, રંગે શામળા, દેખાવે ભવ્ય પણ નહિ, પ્રેરક પણ નહિ, આકર્ષક પણ નહિ.

પણ જેટલો એમનો બાહ્ય દેખાવ સામાન્ય છે તેટલું જ એમનું આંતરતત્ત્વ અસામાન્ય છે, લોકોત્તર છે. ગુજરાતનો એ એકાકી ગણિતિ ફિલસૂફ છે. શિક્ષણને, ફિલસૂફીને, તત્ત્વચિંતનને જે ગણિત જેવી પૃથક્કરણાત્મક વિદ્યાને ધોરણે આંકી–તોળી શકે છે; ધૂમાચ્છાદિત લાગતી, ઝાંખી, અસ્પષ્ટ ભાવનાઓને જે મૂર્ત, સાકાર, સુસ્પષ્ટ રૂપે દેખે છે ને દેખાડી શકે છે, જીવન પર અસર કરતા ગુપ્ત વિચાર પ્રવાહોનું જેને સુપ્રકાશ દર્શન છે, એવો એ છે સુરતનો વતની અને સપૂત, જ્ઞાતિએ ઝારોળા વણિક, બાબુભાઇ ઇચ્છારામ મશરૂવાળા, ઉર્ફે કિશોરલાલ ઘનશ્યામલાલ મશરૂવાળા બી. એ., એલએલ. બી., ઉર્ફે K. G. M.

એમના પિતાનું નામ ઘનશ્યામલાલ નથી. સુરત સૈયદપુરાના રહેનાર, આકોલામાં જઈ વસેલા, પરમ સ્વામીનારાયણ ભક્ત ઈચ્છારામભાઇના તે સૌથી નાના પુત્ર. ઈચ્છારામભાઇએ જન્મથી જ એમના આ કનિષ્ઠ પુત્ર પરનો પોતાનો હક્ક છોડી દઈ એમને શ્રી ઘનશ્યામને અર્પણ કર્યા તેથી પિતાનું નામ ઇચ્છારામને બદલે ઘનશ્યામ રાખવામાં આવ્યું હતું. ઇચ્છારામના ચાર પુત્રો: શ્રી બાલુભાઇ ઉર્ફે ઈશ્વરલાલ, શ્રી નાનાભાઇ, શ્રી જુગલભાઇ ને શ્રી બાબુભાઇ ઉર્ફે કિશોરલાલ. ત્રીજા જુગલભાઇને પણ પિતાનું નામ છોડાવીને ઘનશ્યામને અર્પણ કરેલા, તેથી તે પણ પિતાના નામ તરીકે ઘનશ્યામ લખે છે. નાનપણમાં બનેલા એક અકસ્માતમાં એ બંને

ભાઈઓ આશ્ચર્યકારક લાગે એવી રીતે બચી ગયેલા તેને ઈશ્વરની કૃપા સમજી પિતાએ પોતાને સ્થાને ઈશ્વરનું નામ લખવાનું ઠરાવેલું, અને સહજાનંદ સ્વામીનાં અનેક નામોમાંનું ઘનશ્યામ નામ પસંદ કર્યું. ઉપરાંત, એ બંને નાના ભાઈઓનાં નામ એકઠાં કરીને 'જુગલકિશોર ઘનશ્યામ'ને નામે એમના કુટુંબમાં વેપાર પણ ચાલતો. મોટા બે ભાઈ બાલુભાઈ અને નાનાભાઈ વેપારમાં પડ્યા, ને બાબુભાઈએ એલએલ.બી. પાસ થઈ વકીલાત શરૂ કરી. આખું કુટુંબ સત્યનિષ્ઠ એટલે કિશોરલાલભાઈ પોતાની પ્રામાણિક ઢબે જ વકીલાત ચલાવતા. તેમાં તેમને સફળતા પણ મળેલી, અને રસ પણ હતો; પણ મોટાભાઈની ઈચ્છા એમને વેપારમાં જોડવાની હતી એટલે તેમાં પડ્યા. પણ તેમાં એમને રસ ન હતો. વળી કૉલેજના દિવસોથી જ, જો કૌટુંબિક સ્થિતિ સુધરે તો 'સર્વન્ટ્સ ઑફ ઇન્ડિયા' જેવી કોઈ સંસ્થામાં જોડાવાની એમના મનમાં હોંશ હતી. મુંબઈમાં તબિયત સારી રહેતી નહોતી, વેપારમાં રસ નહોતો, કૌટુંબિક સ્થિતિ સુધરી હતી, પિતાના મરણથી એક મોહ ઓછો થયો હતો, અને એવામાં ગાંધીજી આવી મળ્યા એટલે યુવાનીનો એ મનોરથ સિદ્ધ થયો.

ઈચ્છારામભાઈએ આકોલા કેમ વસાવ્યું તે પણ જાણવા જેવું છે. સુરતની મિશન સ્કૂલમાં માસિક વીસ રૂપીઆને પગારે માસ્તર થયા. એટલામાં પૂરું ન થવાથી નારણદાસ રાજારામની પેઢીમાં નોકર રહ્યા ને એમને આકોલા મોકલવામાં આવ્યા. આ સાઠ વર્ષ પહેલાંની વાત છે. અળસી અને રૂમાં નારણદાસ રાજારામે આકોલા ખાતે સારી કમાણી કરી ને ઇચ્છારામભાઈ ત્યાંના એજન્ટ નીમાયા. સ્વામીનારાયણના એઓ ચુસ્ત ભક્ત અને આજે પણ આકોલામાં એમને ત્યાં સ્વામીનારાયણની રાજસેવા છે. આકોલાના એમના મકાનનો એક ભાગ મહાત્માજીએ અસહકાર પોકાર્યો તે સમયથી અતિથિગૃહ તેમજ મંત્રણાગૃહ તરીકે વપરાતો આવ્યો છે ને હજી પણ વપરાય છે. કિશોરલાલના ભાઈ નાનાભાઈનાં પુત્રી મહાત્માજીના પુત્ર મણિલાલ સાથે વર્યાં છે. સત્યનિષ્ઠ કુટુંબને મહાત્માજીના જેવા સત્યનિષ્ઠ વેવાઈનો યોગ પ્રાપ્ત થયો; ને ઇચ્છારામભાઈએ ભગવાનને અર્પણ કરેલો પુત્ર કિશોરલાલ આજે ભારતની સેવા કરી રહ્યો છે.

મૂળથી જ કિ. ઘ. મ.ની વૃત્તિ તત્ત્વચિંતક અને સત્યશોધક. સને ૧૯૨૧માં અસહકાર પૂર વેગમાં ચાલતો હતો ત્યારે એમણે એકાંતવાસની મનીષા જાહેર કરી. સત્યાગ્રહાશ્રમથી અરધો-પોણો માઇલ દૂર એક ઝૂંપડી બાંધવી, તેમાં પોતે રહેવું; રોજ સવારસાંજ એક માણસ આવીને ગુપચુપ, બોલ્યા વગર, દૂધ ને ભાખરી મૂકીને ચાલ્યો જાય; ન કોઇ સાથે વાતચીત, ન સંસર્ગ, ન પરામર્શ; ન છાપાં, ન ચોપાનિયાં, ન બાહ્ય દુનિયાનો સ્પર્શ;—સ્પર્શ માત્ર બે વસ્તુનોઃ તુકારામના અભંગની ચોપડી અને જ્ઞાનેશ્વરી ભગવદ્ગીતાનો. આ રીતે છ મહિનાના એકાંતવાસનો પ્રયોગ કરવાનું એમણે નક્કી કર્યું. ગાંધીજીની રજા માગી. આજે ગાંધીજી મહાત્મા છે; ૧૯૧૬ સુધી તેમનું બિરદ કર્મવીર હતું. આફ્રિકાની તેમની લડતોએ તેમને કર્મવીર મોહનદાસ ગાંધીને નામે દેશભરમાં જાણીતા કર્યા હતા. કર્મયોગ એ ગાંધીજીના જીવનનો અને સિદ્ધાંતનો મુખ્ય પાયો છે. એવા કર્મયોગીને આ વૈરાગ્યયોગ સમો અખતરો બહુ ગળે ન ઊતર્યો. ને શરૂમાં લખ્યાં છે તે વાક્યો વડે, તેમણે ઝીણી-ઝીણી બધી વિગતો પૂછ્યા પછી, તમામ હકીકતથી વાકેફ થયા કેડે, રજા આપી.

ને કિ. ઘ. મ.એ એકાંતવાસનો અખતરો કર્યો. છ માસથી યે વધારે કર્યો. પણ તે પછી તેમણે ગુરુની આજ્ઞાની ઉપયોગિતા જોઇ એકાંતવાસનો ત્યાગ કર્યો.

તત્ત્વચિંતનના અતિ અલ્પ ગુજરાતી સાહિત્યને કિ. ઘ. મ.એ ફળવતું બનાવ્યું છે, અને જગતના તત્ત્વચિંતન-સાહિત્યમાં ગુજરાતી સાહિત્ય સ્થાન લઈ શકે એવું થોડું છતાં ગરવું સર્જન એમની કલમે સર્જાવ્યું છે.

પણ કિ. ઘ. મ.ની કલમે શરૂઆત તો મરાઠીના રૂપાંતરોથી કરેલી. તે પછી મરોડી ખાવાના મૂળમતી મૃદંગના મનોરથ અને બીજા એવા જ એમના સ્વતંત્ર લેખો 'સુંદરી સુબોધ'માં K. G. M.ની સહીથી પ્રગટ થતા.

'બળવું'ના અર્થોવાળો લેખ એ ગુજરાતી સાહિત્યમાં એક નવો જ પ્રકાર હતો. એ લેખ તેના લેખકની વિચારક-વેધક-વ્યાપક દૃષ્ટિની સાબિતી રૂપ હતો. આજે એ વિચારક-વ્યાપક દૃષ્ટિ, જે તે વેળા બીજ રૂપે હતી તે, ખીલી, ફુલી-ફાલીને અતિ આર્ષ બની છે. એવું માનનારા પડ્યા છે કે ગાંધીજીના સિદ્ધાંતો ખુદ ગાંધીજીના કરતાં પણ વધારે સ્પષ્ટ સ્વરૂપે કિ. ઘ. મ.ની કલમ વ્યક્ત કરી શકે છે. ગાંધીજીનાં લખાણોમાં સિદ્ધાંતચર્ચા સાથે લાગણીનો અતિરેક ભળે છે. કિ. ઘ. મ. એ જ સિદ્ધાંતોને લાગણીના રંગ વિના, લાગણીથી વિમુક્ત રીતે, શુદ્ધ, નિર્ભેળ પાંડિત્ય રૂપે ચર્ચી શકે છે, પ્રગટાવી શકે છે, સમજાવી શકે છે. એમની શૈલી રંગ વિનાની છે, પણ મિઠાશ વિનાની નથી. એ મિઠાશ સાકર કે કેરીની નથી-પોંકની કે લીલા ઘઉં-બાજરીની અવશ્ય છે, ને એ મિઠાશ માણનારા માનવીઓનો સમુદાય ઓછો હશે, તો યે વધારે સત્ત્વશાળી જ હશે. શ્રી કિશોરલાલે ગુજરાતના સાહિત્યને વેંતભર ઊંચું કર્યું છે. ગુજરાત કિશોરલાલની કલમ માટે, તેમના તત્ત્વચિંતન માટે મગરૂર છે.

(હાંડિયો) —નટવરલાલ વીમાવાળા

ઈંગ્લંડનો વડો પ્રધાન

રાજકારણ એ બુદ્ધિનો વિલાસ નથી એ જોવું હોય તો ઇંગ્લંડનો વડો પ્રધાન તેનું જીવતુંજાગતું ઉદાહરણ છે. ફક્ત પાંચ કલાકની ઊંઘ લઈ સવારના સાડાસાતવાગ્યે તો પોતાની

કામગીરી માટે તે તૈયાર થઇ જાય છે. પથારીમાં જ નાસ્તો કરવાના દિવસો વડા પ્રધાનો માટે વહેલા જ આથમી ગયા છે ને એમની ફરજને લીધે કુટુંબથી યે એમને એવા અલિપ્ત જેવા રહેવું પડે છે કે મિસીસ બાલ્ડવિન, મિસીસ લૉઇડ જ્યૉર્જ, લેડી એસ્કિવથ કે ઈસાબેલા મૅકડોનાલ્ડે ખાનગીમાં એ વસ્તુસ્થિતિ પર અનેક બળાપા કાઢેલા છે.

સાડા સાતે તૈયાર થઇ એ ચાને ઈન્સાફ આપી રહ્યો હોય છે ત્યાં તો એક પછી એક એના સેક્રેટરીઓ આવે છે. એ દિવસની કામગીરી, મુલાકાતો બધી ગોઠવાય છે ને અગત્યના કાગળપત્રોનો નિકાલ થાય છે એટલે એક સેક્રેટરી અગત્યની રોકાણોથી તેને વાકેફ કરે છે. સાડા નવ વાગ્યે એક ડેપ્યુટેશન તેને મળવા આવવાનું છે. વડો પ્રધાન ઘડીઆળ સામે જુએ છે. સાડા આઠ વાગ્યા છે. એક કલાકમાં તો સઘળા મુખ્ય પ્રશ્નો જાણી લેવાનું ને એ દિવસનું ભાષણ તૈયાર કરવાનું રહે છે.

બીજો સેક્રેટરી અગત્યના દસ્તાવેજો સાથે આવે છે. વડા પ્રધાનને એ વાંચી સંભળાવે છે ને વડો પ્રધાન તે પર પોતાને યોગ્ય લાગે તેવી નોંધ એ સેક્રેટરી પાસે ઉતરાવે છે.

એટલામાં ડેપ્યુટેશનને મળવાનો સમય થાય છે. પરસ્પર મિલાપ ને ઓળખાણો થઈ જતાં શાંતિથી એક ખુરસીમાં તે ગોઠવાય છે ને ડેપ્યુટેશનનો એક પછી એક સભ્ય પોતાના મુદ્દા રજૂ કરતો જાય છે. વડા પ્રધાનની નજર ઘડીઆળ પર જાય છે. સાડા દસે પરદેશમંત્રીને મુલાકાત આપવાની છે.

બધાની આતુર નજર આકર્ષતો વડો પ્રધાન ઊભો થાય છે ને ડેપ્યુટેશનની માગણીઓનો ટૂંકો ઉત્તર આપે છે. એ ઉત્તર સમજૂતીભર્યો, માગણીઓને આવકારતો હોવો જોઇએ ને સરકાર તેમને મૂંઝવતા પ્રશ્ન તરફ સહાનુભૂતિ ધરાવે છે એવી ખાતરી અપાવી જોઇએ.

ડેપ્યુટેશન રજા લે છે ને સેક્રેટરી આવી કહી જાય છે કે પરદેશમંત્રી રાહ જુએ છે. અગત્યની ફાઇલો સાથે એ તેને મળે છે. પરદેશમંત્રીએ પણ અગત્યનાં કાગળિયાં મેજ પર પાથરી દીધાં હોય છે. ખંડસત્તાઓ (Continental Powers) સાથેની નિષ્ફળ નીવડતી સમજૂતી તે વડા પ્રધાનને કહી સંભળાવે છે, કે જર્મની મચક નથી આપતું, રશિયા દૂર નાસે છે ને ઈટલી કંઈ સ્પષ્ટતા નથી કરતું, જ્યારે ફ્રાન્સ વધુ ને વધુ સહકાર માગે છે.

'વારૂ, તમારી શી દરખાસ્ત છે?' વડો પ્રધાન પૂછે છે પોતાના અનુભવના પીઠબળે દોરેલી કાર્યદિશાથી પરદેશમંત્રી તેને વાકેફ કરે છે. નવી નીતિ નક્કી થાય છે ત્યાં વળી જાસૂસીખાતાના ભયપ્રેરક રીપોર્ટો આવી પડે છે. 'વારૂ, બધાં કાગળિયાં કૅબિનેટની બેઠકમાં લાવજો,' કહી, વડો પ્રધાન તેને વિદાય કરે છે.

પણ ત્યાં તો, નવાં દસ બૉમ્બર વિમાનોની માગણી મૂકતો હવાઈખાતાનો પ્રધાન આવી પહોંચે છે. એનો અંદાજ અને એને મંજૂરી મળવાની શક્યાશક્યતા ચર્ચી એ જેમ તેમ પોતાના ભોજનથી પરવારે છે. દરમિયાનમાં લાલપટી બાંધેલાં અગત્યનાં કાગળિયાંના થોકડાને થોકડા તેના પર આવતા જ રહે છે જે બધા એને વાંચી કાઢવાના હોય છે.

ભોજનથી પરવારી એ ૧૦ ડાઉનિંગ સ્ટ્રીટમાં આવેલા ઐતિહાસિક 'કૅબિનેટ રૂમ'માં પ્રવેશે છે ને લાંબા ટેબલને છેડે પોતાનું પ્રમુખસ્થાન લે છે. તરત જ કૅબિનેટનો સેક્રેટરી એક પછી એક ટાઇપ કરેલા 'ઍજેન્ડા' તેની સામે ધરતો આવે છે. એ વખતની ચર્ચાચર્ચીમાં ચાને ઈન્સાફ મળે છે, જે પ્રથા લૉઈડ જ્યૉર્જે પોતાના વડા પ્રધાનપદેથી શરૂ કરેલી છે.

કૅબિનેટની બેઠક પૂરી થાય છે કે હાઉસ ઑવ કૉમન્સ તરફ ધસારો થાય છે. વડાપ્રધાને એની બેઠકમાં હાજર રહેવું જ જોઇએ. જો પ્રશ્નોની ઝાઝી ધમાલ ન હોય તો તેણે વર્તમાન પરિસ્થિતિ પર ભાષણ કરવું જોઇએ, અને તે યે ટૂંકું નહિ પણ એક કરતાં વધુ કલાક ચાલે તેવડું. અને એ ભાષણ પરની ટીકાઓ, સૂચનાઓ ને નિંદા સાંભળવા પણ તેણે ત્યાં હાજર રહેવું જોઇએ.

પછી એ ઘેર પહોંચે છે, પણ ત્યાં યે જુદાં જુદાં ખાતાંઓની 'રેડ ડીસ્પૅચ બૉક્સીસ' પોતાના નિકાલની રાહ જોઈ જ રહી હોય છે. થાકેલો કંટાળેલો વડો પ્રધાન એકાદ બે નિસાસા નાખી એ કામ હાથ ધરે છે. એના ખંડના બળતા દીવા સામે જોતો સંત્રી ઉપરાઉપર બગાસાં ખાયે જાય છે.

રાતે ત્રણ વાગ્યે વડા પ્રધાનના ખંડના દીવા ઓલવાય છે. થોડીક ઊંઘ એ ખેંચી લે છે ને થોડાક કલાક પછી તો પાછી બીજા દિવસની તેની કામગીરી શરૂ થાય છે.

પરિન્દાની શહાદત

એક મેજ, એક ખુરશી, તેલનો એક દીવો ને એક નકશો—વર્ડુનની એક ગુપ્ત ખાઈમાં આટલા સરંજામ સાથે બેઠેલા બે શખ્સમાંથી એક બોલ્યો: 'આપણો દોસ્ત ક્યાં છે?'

'આ રહ્યો સાહેબ,' કહેતાં બીજાએ પોતાના ખીસામાંથી 'દોસ્ત'ને બહાર કાઢ્યો. પીછાં ફફડાવતો એ દોસ્ત ટેબલ પર નાચી રહ્યો.

એ દોસ્ત હતું માત્ર એક અદના કબૂતર. એનું નામ 'ચેર આમી.' કબૂતરોમાં ચાહે ત્યાં જઇને ચાહે તેવા જોખમ વચ્ચે પણ પાછા અચૂક પોતાને મૂળ સ્થાને પહોંચી જનારી જે ખાસ જાત આવે છે તેમાંનું એ એક હતું. અફસરે રબરની પટ્ટીથી તેના પગે સંદેશો બાંધી રવાના કર્યો. પણ આ વખતે ... [sic]

મોકલાવ્યો કે વર્ડુનના પતનની ઘડીઓ ગણાય છે.

બૉમ્બમારો શહેરનું એક પછી એક અંગ ભાંગતો જતો હતો. ટેલીફોનનાં દોરડાં તો વહેલાં જ તૂટીફૂટી ગએલાં.

એ વખતે આવા સંદેશવાહક કબૂતરોમાં જ સૌને દિલાસો રહેતો. અને ચેર આમીએ તો છઠ્ઠા ડીવીઝનની ન્યૂ યૉર્કની પ્રખ્યાત 'લૉસ્ટ બટેલિયન'ને બચાવી હતી, એટલું જ નહિ પણ રૈંપૉં ને વર્દુન વચ્ચે અગિયાર સફરો જાન-સાટે ખેડી અનેક કીમતી સંદેશા એણે પહોંચાડ્યા હતા. એ જ રીતે, આ વખતે પણ, અફસરના હાથમાંથી છૂટતાં જ એક ધૂમરી ખાઇ તે સીધું રૈંપૉંની દિશામાં ધસી નીકળ્યું.

એક જર્મન સંત્રીની નજર અચાનક તેના પર ગઈ, ને જતાંવેંત જ તેણે ને તેના સાથીદારોએ ગોળીઓ છોડી. ચેર આમી કશી યે પરવા વિના આગળ ને આગળ ધસતું રહ્યું. પછી એકાએક તીણી દુઃખભરી ચીસ પાડી ગબડતા પત્થર જેમ જમીન તરફ પડવા માંડ્યું; પણ એના પડવાની જગ્યાએ જર્મન સૈનિકો જઇ પહોંચે તે પહેલાં તો જમીનથી થોડેક અદ્ધરથી જ કાયા સમાલી લઇ, પોતાના બંને પગ વધેરાઈ ગએલા છતાં, એ પાછું રૈંપૉં તરફ ધસી નીકળ્યું !

રૈંપૉં એ પહોંચ્યું, પણ પહોંચ્યા પછી બીજી જ મિનીટે તે લોથ થઈ નીચે પડ્યું. છતાંય એનો શ્રમ વૃથા ન જ ગયો. વર્દુનને એના સંદેશાએ પુષ્કળ રાહત આપી ને વર્દુને પણ એ ઋણ સ્વીકારી એ પરિન્દાની શહાદત અમર બનાવવા એના મુખ્ય ચોગાનમાં ચેર આમીના નામે એક પ્લૅક મૂકેલ છે જેના પર આ શબ્દો કોરેલા છે: 'To the pigeon that died for France'.

અગિયાર વર્ષની ઉમર સૌથી વધારે તંદુરસ્ત હોય છે

ન્યૂ યૉર્કની મેટ્રોપોલિટન લાઈફ ઈન્સ્યુરન્સ કંપનીના આંકડાશાસ્ત્રીઓના જણાવ્યા મુજબ અગિયાર વર્ષની ઉમર આખા જીવનમાં સૌથી તંદુરસ્ત હોય છે. તેઓ એમ જણાવે છે કે આ ઉમરે આરોગ્યના દૃષ્ટિબિંદુથી, સરેરાશ બાળક, જગતના શિખરે બેઠેલું જણાય છે કેમકે તે અગાઉ કદી હોય અથવા ભવિષ્યમાં થવાનું હોય તેના કરતાં તે વધારે તંદુરસ્ત તથા સહીસલામત હોવાથી તે જીવનના એવા સમયમાં જીવે છે કે જ્યારે મૃત્યુપ્રમાણ તદ્દન નીચું હોય છે અને જ્યારે કોઈપણ દર્દ કરતાં અકસ્માત જ મૃત્યુના કારણ માટે મોટે ભાગે જવાબદાર હોય છે.

અગિયારમું વર્ષ અથવા લગભગ ત્યારનો સમય સર્વ-સુખબિંદુ છે. ત્યારે બાલ્યાવસ્થાના તથા નાનપણનાં જોખમો વીતી ગયાં હોય છે; યુવાની, પુખ્ત વય તથા વૃદ્ધાવસ્થાનાં વધતાં જતાં જોખમોની હજુ શરૂઆત થઇ હોતી નથી. જીવનની આ અવસ્થામાં દર્દોથી એટલાં ઓછાં મૃત્યુ થાય છે કે મૃત્યુના કારણોમાં પ્રાણઘાતક અકસ્માતો જ પહેલું સ્થાન ભોગવે છે. અને છતાં આ પ્રમાણ પણ ઘણું ઓછું હોય છે.

(ઈંડિયન રીડર્સ ડાઇજેસ્ટ)—છોટાલાલ માનસિંહ કામદાર

આપણા દેશના મુખ્ય ઉદ્યોગો

આપણા દેશમાં કયાં કયાં ક્ષેત્રોમાં ઔદ્યોગિક પ્રગતિ કરવાની જરૂરત અને ક્ષેત્ર છે તેનો ખ્યાલ નીચેની યાદી ઉપરથી આવશે. બીજા દેશોનાં કારખાનાંઓની યાદી સાથે સરખાવીને નવાં ક્ષેત્રો વિષે પણ વિચાર કરવાનો અવકાશ છે:

ઉદ્યોગનું નામ	કારખાનાં	ઉદ્યોગનું નામ	કારખાનાં
શણ (Jute)	૯૯	તેલની મિલ	૨૧૧
રબર	૨૧	ચામડું	૨૯
સેલ્યુલૉઇડ	૧૧	સાબુ (ટૉઇલેટ)	૨૪
રાસાયણિક (મોટા પાયા પર)	૧૮	,, (ધોવાનો)	૩૪
		એનામેલ	૭
રંગ	૧૧	મૅટલ	૪
સામાન્ય ઈજનેરી	૨૯૦	રબરનું ને તેલિયું કાપડ	૬
વીજળીક ઇજનેરી	૫૪		
મિઠાઇ અને ભઠિયારખાનાં	૨૪	વીજળીક પંખા	૧૧
		ફાનસ	૩
ચોખાની મિલ	૭૦૮	બલ્બ	૭
ઉત્તેજક પીણાં ને બરફ	૪૮	સુતારકામ (મોટે પાયે)	૫૧
હાડકાં ને ખાતર	૨૦	કાપડની મિલ	૩૬૯
કાચ	૪૪	સીમેન્ટ,ચૂનો,પૉટરી	૩૯
દીવાસળી	૪૯	રેશમની મિલ	૩૮
કાગળ	૮	ખાંડ	૧૬૪
ગૅસ વર્ક્સ	૧૩	દોરડાં	૪૦
હોઝિયરીની મિલ	૫૪	લોખંડ અને પોલાદ	૪

કેળાં—ડાહ્યા લોકોનો ખોરાક

લૅટિન ભાષામાં કેળાનું નામ 'ડાહ્યા લોકોનો ખોરાક' છે, એ નામ અનેક રીતે જોતાં યોગ્ય લાગે છે. 'આખે આખું સોનેરી રંગનું બની ગએલું, વચ્ચે વચ્ચે તપખીરી રંગના ડાઘાવાળું ને કોક ઠેકાણે છાલ કાળી પડી ગએલી હોય એવું કેળું' ખાવાથી શરીરને જોઈએ એટલી ગરમી મળે છે. પાકેલાં કેળાંમાં ખોરાકના બધા ગુણ હોય છે.

કાચાં કેળાંમાં સ્ટાર્ચ વધારે હોય છે, પણ પાકાં કેળાંની અંદરના બધા પદાર્થોનું ગ્લુકોઝ-એક જાતની સાકર-માં રૂપાંતર થઈ ગએલું હોય છે ને બીજી કોઈપણ જાતની સાકર કરતાં ગ્લુકોઝ શરીરમાં બહુ જ સહેલાઈથી શોષાઈ જાય છે. એ સાકર શરીરના જીવનરસમાં તરત ભળી જાય છે. મન બહુ જ કંટાળી ગયું હોય છે ત્યારે એકાદું કેળું ખાઇ લેવાથી તરત ઠીક લાગવા લાગે છે. ગ્લુકોઝ ઉપરાંત કેળાંમાં એ. બી. સી. વિટામીનો, ફોસ્ફરસ, કૅલશિયમ, તાંબુ, લોહ વગેરે પણ સૂક્ષ્મ પ્રમાણમાં હોય છે.

ળાંનો ઈતિહાસ પણ જરા જાણવા જેવો છે. ઇ. સ. ૭માં સિકંદર ફોજ સાથે હિન્દમાં આવ્યો હતો

ત્યારે એણે પોતાની ને લશ્કરની તંદુરસ્તી કેળાં ખાઇને જ જાળવી રાખી હતી. જમાઈકા, કૅનેરી વગેરે બેટોમાં કેળાંનું બારે વાવેતર થાય છે ને પાશ્ચાત્ય રાષ્ટ્રો એનો સંપૂર્ણ લાભ લે છે. ઈંગ્લંડના કેળાંનું વાવેતર માત્ર ૩૬ વરસ પહેલાં જ કરવામાં આવ્યું છે; તોપણ ઈંગ્લંડમાં દર અઠવાડિયે ૪૦,૦૦૦,૦૦૦ કેળાંની આયાત કરવામાં આવે છે.

કેળાંનો દરેક જણ ઉપયોગ કરી શકે. નિશાળે જનારાં બાળકો જો બપોરે એકેક કેળું ખાય તો તેમને એનાથી ઘણો ફાયદો થાય છે. મોટાં માણસોને પણ એનો ઘણો ઉપયોગ છે. પાકાં કેળાં તો માંદા માણસોને પણ માફકસર આપી શકાય. કેળાંની છાલ જાડી હોવાથી બહારનાં જંતુઓ એની અંદર જલદી પ્રવેશ કરી શકતાં નથી.

સિંધપરિચય

મુંબાઈ ઈલાકાથી જુદા પડતાં જેને ત્રણ વર્ષ પણ નથી વીત્યા એ સિંધ અથવા પ્રાચીનકાલનો સપ્તસિંધુ આઠ જિલ્લામાં વહેંચાએલો છે. પ્રાંતમાં ચાર ભાગની વસતિ અથવા ૨૮ લાખ જેટલા મુસલમાન છે, જ્યારે આઠ લાખ જેટલા હિંદુ. થરપારકર જિલ્લા સિવાય બીજે ક્યાંય હિંદુઓ છૂઆછૂતમાં નથી માનતા. મુસલમાનો મોટે ભાગે ખેતી કરે છે, જ્યારે હિંદુઓ વેપાર અગર નોકરી કરે છે.

અહીંના હિંદુઓ બીજાઓની નકલ કરવામાં કુશળ છે. જ્યારે મીર, કલોડા, ટાલપુર આદિનું રાજ્ય હતું ત્યારે એ લોકોએ મુસ્લિમ ટોપી અને ધોતિયાને ઠેકાણે 'સુંથણ' અને 'કૅચ' અપનાવી લીધું હતું. બ્રિટિશ સરકાર આવી એટલે એમનો વેશ અપનાવ્યો. હૈદ્રાબાદમાં સેંકડે ૯૫ ટકા 'આમિલો' પાશ્ચાત્ય સભ્યતા અપનાવેલા જણાશે.

સિંધ માટે ડિંગલ-ભાષામાં એક કહેતી પ્રચલિત છે, કે

દેખી તેરી સિન્ધ ગિન્ધ
પૂજા જિન્દપીર કી
ગધે કી સવારી કરે
નજર રખ્ખે મીર કી.

પણ ગંદકી અને ગુમાન સિવાય સિંધી લોકોમાં અનુકરણીય વિશેષતાઓ પણ છે. ગરીબ કે અમીર દરેકને ઘેર સાંજે વાળુ પછી દૂધ પીવાનો મહાવરો બચપણથી જ પાડવામાં આવે છે. સ્નાન કરતી વખતે તેલની માલિશ પણ એ લોકોમાં જરૂરી છે. અને બીજાઓની નિંદા કરવાનો દુર્ગુણ તો એ લોકોમાં ઓછામાં ઓછો ફેલાયો છે.

સોવિયેટ

'સોવિયેટ' એ રશિયન શબ્દનો અર્થ થાય છે 'સમિતિ'. ૧૯૧૭ની ક્રાન્તિ વખતે આખા રશિયામાં ઠેરઠેર સમિતિઓ અથવા સોવિયેટોએ ઊભાં થઈ રાજસત્તા હાથ કરેલી, જે કાયમ રહી છે. આવી સ્થાનીય સમિતિ પોતાના પ્રતિનિધિ ચૂંટી. જિલ્લા સમિતિમાં મોકલે છે; જિલ્લા સમિતિ પોતાના પ્રતિનિધિઓ ચૂંટી પ્રાન્તિક સમિતિમાં મોકલે છે; અને આવી પ્રાન્તિક સમિતિઓના ચૂંટાએલા પ્રતિનિધિઓ સર્વોપરિ સોવિયેટ-રાજસમિતિમાં મોકલાય છે. આને લઇને રશિયા આજે 'Union of Socialist Soviet Republics' (U. S. S. R.) તરીકે ઓળખાય છે. રશિયાનો સરમુખત્યાર લેખાતો જોસેફ સ્ટાલિન કંઈ આ સોવિયેટોનો પ્રમુખ નથી. ગાંધીજી જેમ મહાસભાના નેતા છે તેમ એ માત્ર કૉમ્યુનિસ્ટ પાર્ટીનો નેતા છે. ફેર માત્ર એટલો જ કે ગાંધીજીનું નેતૃત્વ હાર્દિકતાભર્યું છે, જ્યારે આ સ્ટાલિનનું અધિકારરૂઢ.

પ્રધાનોના પગાર

ઇ. ૧૯૩૯–૪૦ના અંદાજપત્ર અનુસાર કૉંગ્રેસ પ્રાન્તોના પ્રધાનોના પગાર બીનકૉંગ્રેસી પ્રાન્તોના પ્રધાનોથી પાંચમા ભાગના જ રહ્યા છે:

પંજાબ	રૂા. ૩૦૦૦ થી ૩૫૦૦
બંગાળ	,, ૨૫૦૦ થી ૩૦૦૦
કૉંગ્રેસ પ્રાંતો	,, ૫૦૦

એ પગાર ઉપરાંત પ્રધાનોને પાછું ઍલાવન્સ મળે છે. કૉંગ્રેસી ને બીન કૉંગ્રેસી પ્રાંતોમાં એમાં બહુ તફાવત નથી:

પંજાબ	રૂા. ૮૭૭૫
બિહાર	,, ૮૦૫૦
બંગાળ	,, ૭૮૪૨
સંયુક્ત પ્રાંતો	,, ૭૫૫૦
સિંધ	,, ૭૪૫૦
મદ્રાસ	,, ૭૪૫૦
મુંબાઈ	,, ૬૧૮૬
બીજા પ્રાંતો	,, ૫૦૦૦ ની નીચે.

વિકાસનો ગજ

ખગોળશાસ્ત્ર અને ઉત્ક્રાન્તિવિદ્યાની દૃષ્ટિએ આ પૃથ્વી અને બ્રહ્માંડના થએલા વિકાસનાં વિધાનો કરવા માટે 'કૉસ્મિક વર્ષ' (આપણે એને બ્રહ્માનું વર્ષ કહીએ)નું એક માપ નક્કી કરવામાં આવ્યું છે. આપણાં ૨૦,૦૦,૦૦,૦૦૦ વીસ કરોડ વર્ષનું એક કૉસ્મિક વર્ષ થાય.

આ ગજ વડે આપણી સંસ્કૃતિનું માપ કાઢતાં તેનું આયુષ્ય અત્યંત કંગાલ માલૂમ પડે છે. વાનરજાતિમાંથી માનવની ઉત્ક્રાન્તિ થયે, આ હિસાબે તો હજી માંડ એક અઠવાડિયું વીત્યું છે; માણસની સંસ્કૃતિનો ઉદ્ભવ થયે માંડ અરધો કલાક વીત્યો છે; ઇજિપ્તના પિરામિડ હજી દસ જ મિનિટ પહેલાં બંધાયા છે, અને જેને માટે આપણે ભારે અરમાન લઈએ છીએ તે આપણી વીસમી સદીની સંસ્કૃતિ તો છ જ સેકન્ડની ઉમરની છે.

એમ? કેમ

'ફુલ્સ્કેપ' નામ કેવી રીતે પડ્યું?

એવું કહેવાય છે કે 'ફુલ્સ્કેપ' નામ પ્રાચીન સમયથી ચાલ્યું આવે છે. અસલના વારામાં ફોલિયો સાઈઝના કાગળોમાં નાની ઘંટડીઓવાળી ટોપી પહેરેલ વિદૂષકની 'વૉટરમાર્ક' છાપ આવતી. તેરમા સૈકાથી સત્તરમા સૈકા સુધી એ છાપ સર્વસાધારણ પ્રચલિત હતી. એ ઉપરથી 'ફુલ્સ્કેપ' નામ પડ્યું હોય એવી એક કલ્પના છે. બીજી બાજુએ વિદ્વાનોનું માનવું છે કે 'ફોલિઓ-કેપો' (Folio-capo) નામના લૅટિન ભાષાના શબ્દ પરથી અપભ્રંશ થઈને એ ફુલ્સ્કેપ શબ્દ ઊતરી આવ્યો છે. 'ફોલિઓ-કેપો'નો અર્થ 'ફોલિઓ કદનો' એવો થાય છે. એ કદનું માપ આ પ્રમાણે છે: છાપવાના કાગળો માટે ૧૩½'' × ૧૭'' અને લખવાના કાગળો માટે ૧૩¼''×૧૬½'' —ત્રિભુવન વી. હેમાણી

'જૉહ્ન બુલ' એટલે?

વર્તમાનપત્રોનાં રસિયાંઓને જૉહ્ન બુલનું નામ સારી રીતે પરિચિત હશે, પણ એ શબ્દનો પ્રયોગ શા હેતુથી કરવામાં આવે છે તે શોધવા તેમજ સમજવા બહુ થોડાઓ જ પ્રયત્ન કરતા હશે. સાચી વાત તો એ છે કે ડૉક્ટર આર્બુથનૉટે તેની 'હિસ્ટ્રી ઑફ જૉહ્ન બુલ' નામની કટાક્ષિકામાં કોઈ ઉદાર દિલના તેમજ હૃષ્ટપુષ્ટ શરીરવાળા અંગ્રેજ ખેડૂતના પાત્ર માટે એ નામની યોજના કરી હતી. આડકતરી રીતે કરાએલા એ કટાક્ષયુક્ત સૂચનને પરિણામે અંગ્રેજ પ્રજાના કોઇ સભ્યનું એ રાષ્ટ્રીય અપરનામ (Nickname) બની ચૂક્યું છે. એ જ લેખકે તેના એ પુસ્તકમાં ફ્રાંસવાસી માટે 'લુઈ બબૂન' (Lewis Baboon) અને હૉલાંડવાસી ડચ માટે 'નિકોલસ ફ્રૉગ' (Nicholas Frog) જેવા શબ્દપ્રયોગો યોજીને હળવા કટાક્ષનો અચ્છો નમૂનો રજૂ કરેલો. —ત્રિભુવન વીરજીભાઈ હેમાણી

વિકસતું વિજ્ઞાન

ધાતુઓની ઔષધીય મહત્તા સમજનાર ભારતીયો સૌ પહેલા હતા, પણ હવે પાશ્ચાત્યો પણ ધાતુઓની રોગ મટાડવાની શક્તિ સમજતા થયા છે. તાજેતરમાં જ સંધિવા તથા સોજા સામે લીડ્ઝના પ્રો. સ્ટૅનલી હાર્ટફેલે સોનાના એક ક્ષાર-પર્મૅનિક્ષ-નો ઉપચાર અજમાવી જોયો. એનું ઇંજેક્શન લેતાં બે જણા સંપૂર્ણ સાજા થઈ ગયા, બેતાળીસ જણામાં ખૂબ સુધારો દેખાયો, ત્રણમાં સામાન્ય અને એકમાં નહિ જેવો. ભવિષ્યમાં કદાચ એ અકસીર નીવડશે.

ચાલુ યુદ્ધમાં પેટ્રોલ, કેરોસિન વગેરે દાહ્ય પદાર્થોને બૉંબમારાથી સળગી ઊઠતા બચાવવા માટે જે વિમાસણ ચાલી રહી હતી તે એક ફ્રેન્ચ વિજ્ઞાનીએ બનાવેલા નવા પ્રકારના બૉંબથી દૂર થશે એમ મનાય છે. આગની જગ્યાએ આ બૉંબ ફોડતાં જ તે બધું ઑક્સિજન શોષી લેશે ને તેના અભાવે આગ આપોઆપ ઓલવાઈ જશે.

નવી કેડીઓ

સરકારી ટપાલ માટે વપરાતાં National Economy કવરથી બધા પરિચિત છે. એ કવર એક વખત વપરાયા પછી જેના પર ગયું હોય તે તેની ફ્લૅપ પર એક પતાકડું ચોડી ફરીથી વાપરે છે. અને એમ એકનું એક કવર અનેક વખત ઉપયોગમાં આવી શકે એવો સિદ્ધાંત છે. પણ આ રીતે કરકસર કરવાની સખ્ત સૂચનાઓ છતાં ટપાલ રવાના કરનારા કારકુનો એનો અમલ બહુ ઓછો કરતા હોય છે. અને ઘણાંખરાં કવર તો એક વખત વપરાયા પછી કચરા પેટીમાં જ જાય છે.

આ વસ્તુ અટકાવવા માટે કવર એવાં બનાવવાં જોઇએ કે પતાકડું ચોડ્યા વગર તે વાપરી ન જ શકાય. એટલે નવું કે જૂનું કવર વાપરનારને મન એક સરખું જ થઈ જવાથી તે વપરાએલાં કવર વાપરવા પ્રેરાય. અને આ માટે કવર પર જાડી કાળી લીટીઓ પાસેપાસે છાપી નાખવી જોઇએ, અથવા તો એવા સળી પાડેલા કાગળોમાંથી કવર બનાવવાં જોઇએ, જેથી કવર પર સીધેસીધું કાંઈ જ લખાણ શક્ય ન બને.

દેશહિતને લક્ષમાં રાખી ચાલતી સંસ્થાઓ આવાં કવરો સમાજમાં તરતાં મૂકી દે એટલે કે પોતે એવાં જ કવરો પોતાના પત્રવ્યવહારમાં ઉપયોગમાં લે તો બીજા પણ એવાં જ કવરો વાપરવા પ્રેરાશે, એટલે પછી પોતાના નામનાં કવરો છપાવવાને બદલે દરેકે પોતાનાં નામનાં પતાકડાં જ છપાવવાનાં રહેશે, અને કવરો તો પોતાનાં પર આવેલાં પણ વાપરી શકશે. અથવા તો એ સ્ટૉકમાં ન હોય ત્યારે બજારમાંથી ખરીદીને એવાં કવરો વાપરી શકશે. જેઓ આવાં કવરો છપાવે તે એકાદ સળમાં કવર છપાવનાર તરીકે પોતાનું નામ નાના ટાઇપમાં મૂકે તો એ રીતે નાની એવી જાહેરાતનું કામ પણ એ કવર સારી શકશે. હ.

આપણે પોતે·આપણો દેશ·આપણી પૃથ્વી

૨૪ કલાકમાં આપણું હૃદય એટલો શ્રમ કરે છે કે તેટલા શ્રમથી ૧૨૫ ટન વજનનો પત્થર ૧ ફૂટ ઊંચો થઈ શકે.

માણસની જિંદગીમાં તબિયત લથડવાના ભયંકર તબક્કા ત્રણ ગણાયા છે: ૩૬મું વર્ષ, ૪૫થી૫૦મું અને ૬૧મું.

આપણા દેશમાં વધુમાં વધુ ગીચ વસતિ કોચીન રાજ્યમાં-૧ માઇલે ૧૯૫ છે જ્યારે ઓછામાં ઓછી બલુચિસ્તાનમાં-૧ માઈલે ૫.

આપણા દેશમાં બધાં મળીને ૫૬૨ દેશી રાજ્યો છે.

આપણી પૃથ્વીના સમાવરણ (Stratosphere)માં ૫ થી ૨૦ માઇલ જાડાઇનું ઓઝોન વાયુનું પડ આવ્યું છે, જે ક્લોરિન જેટલું ઝેરી છે. છતાં એ પડ ન હોય તો અલ્ટ્રા વાયોલેટ કિરણો સીધાં પૃથ્વી પર ધસી આવી સઘળી સજીવતાનો નાશ નીપજાવી દે.

પોતાના પિતા કરતાં પણ સિકંદર ગુરુને શા માટે વધુ માન આપતો હતો એવો કોઈ મિત્રે સવાલ કરતાં તેણે કહ્યું, 'પિતાએ મને જીવન આપ્યું; પણ એનું કેમ સાર્થક્ય કરવું એ ગુરુએ મને શીખવ્યું એટલે.' આપણા ઇતિહાસમાં યે શિવાજી પોતાના પિતા શાહજી કરતાં રામદાસ સ્વામીનું વધુ સંમાન કરતા હોવાનો દાખલો છે જ.

~

અનેકાર્થી શબ્દ: **કાંઠલો**=ગળાને બેસતો આવતો અંગરખાનો કાપ; પોપટના કંઠનું કાળું વર્તુલ; વાણાનો તાર તાણામાં નાખવાનું ઓજાર; સ્ત્રીઓના કંઠનું એક ઘરેણું, હાંસડી; ઘડા વગેરેના પેટની ઉપરનો ભાગ, કાંઠો; ઘાટ, કિનારો.

~

કહેવતોના અર્થ: 'ગાંડી માથે બેડું', તે વખતે ઘેર લાવે કે વખતે રસ્તામાં જ ફોડી નાખે એનું ધાર્યું નહિ; એ મુજબ પોતાના બોલમાં મક્કમ ન રહેતાં વારે વારે ફરતા રહેતા માણસ પર પણ પ્રતીજ ન રખાય. એને લગતી બીજી કહેવતો: 'બોલે બંધ નહિ.' 'હજી તો પનો પનરવાર પરણશે.' 'શિંગડે ઝાલો તો ખાંડો, પૂછડે ઝાલો તો બાંડો,' વગેરે.

~


ગણિત ગમ્મત

૧ તમારા ઘરનો નંબર લખો.
૨ તેના બમણા કરો.
૩ તેમાં ૫ ઉમેરો.
૪ તેને ૫૦ વડે ગુણો.
૫ તેમાં તમારી ઉમર ઉમેરો.
૬ તેમાં ૩૬૫ ઉમેરો.
૭ તેમાંથી ૬૧૫ બાદ કરો.

—અને તમે જોશો કે તમારા ઘરના નંબર પાસે તમારી ઉમરનો આંકડો છે!

~

ઇંગ્લંડમાં રવિવારે દરિયાકિનારે ગધેડે બેસવું, બુધવારે માંસ ખાવું, પોતાના ધંધાના સહકાર્યકરોને નાતાલની ભેટ આપવી કે પાદરી થઇને ગંજીફા રમવો ગેરકાયદેસર ગણાય છે.



ત્રણ કાચલીવાળું આ નાળિયેર ત્રિચિનોપલીના મનાપરાઇ ગામેથી બરોબર પાકેલું મળેલું. અને બહારના જેટલું જ તે અંદરથી પણ કડક છે. તેને ત્રણ આંખો છે. બૅંગલોરના સરકારી મ્યૂઝિયમમાં હાલ તે રાખવામાં આવ્યું છે.

~

બસનો કંડક્ટર ટિકીટના પૈસા ઉઘરાવતો ઉઘરાવતો પહોળા હાથ કરી બેઠેલા એક શખ્સ પાસે આવ્યો, એટલે તે ગૃહસ્થ બોલ્યા: 'મારા જમણી બાજુના ગજવામાં ટિકીટ મૂકો ને તેમાંથી એક આનો લઈ લો.'

'કેમ સાહેબ, આપને હાથે કંઈ થયું છે?' કંડકટરે હમદર્દીથી પૂછ્યું.

'કંઈ નથી થયું'. જવાબ મળ્યો, 'આ હાથ તો ઘરની બારી માટે જોઇતા કાચનું માપ સાચવવા માટે પહોળા રાખ્યા છે.'

~

ઘણીવાર ઝીણી ચૂંકો કે ટૅકસને કોઈ ઠેકાણે બેસાડતી કે જડતી વખતે પકડવી ફાવતી નથી. એ વખતે એકાદ રદ્દી પોસ્ટકાર્ડના ખૂણા પર તેને ભરાવી એ ખૂણા સાથે ચૂંક યોગ્ય જગ્યાએ ધરી રાખી હથોડી વડે જડી લેવી અને પછી પોસ્ટકાર્ડ ખેંચી લેવું એટલે છેડો ફાટીને નીકળી આવશે અને ચૂંક તેની જગ્યાએ જડાઈ રહેશે.

~

દુનિયામાં વહેલામાં વહેલો દિવસ સાંઈબીરિયામાં આવેલા ઈસ્ટ કેઇપ મુકામે ઊગે છે.

~

જાપાનની રાજધાની ટોકીઓની વસતિ વધીને હવે ૬૮,૩૦,૫૨૩ થતાં ગઈ તા. ૧૦મી એપ્રિલથી તે દુનિયાનું બીજા નંબરનું શહેર ગણાવા લાગ્યું છે (પહેલો નંબર ન્યૂ યૉર્કનો છે).



ડાબી બાજુ બેતાવેલો પીટર ડીંગુજી આફ્રિકાના પીટર્સબર્ગ ગામનો રહીશ, દસ ઓરતોનો ધણી અને ૩૭ બચ્ચાંકચ્ચાંનો બાપો હતો; અને તેને પડખે ઊભેલો ચાંગ ચીનો એટલો તો લંબૂસ હતો કે ૧૧ ફૂટની ઊંચાઇએ તે પોતાનું નામ લપેડી કાઢતો!

~

આપણો હિંદુસ્તાન જગતની વસતિનો $\frac{1}{6}$ ભાગ ધરાવે છે; અને જગતના નિરક્ષરોનો $\frac{1}{3}$ ભાગ પણ આપણે ત્યાં જ છે!

~

એક રતલ કોલસો બાળવા બાર રતલ હવા જોઈએ,

~

નીચેના શબ્દો એવા છે કે તે વાંચતાં તેના ઉચ્ચાર વડે જ તેના અર્થનો ભાવ જાગ્રત થાય છે. આવા શબ્દોને અંગ્રેજીમાં Onomato poetic words કહે છે: જરઠ, મુલાયમ, બરછટ, ઘૂણા, દિલબર, ગલીપચી, ચબરાક.

આવા બીજા શબ્દો શોધીને મોકલી આપશો?

~

કડવી દવા પીવી ન ગમતી હોય ને મોં કટાણું થતું હોય તો તે પીવા પહેલાં એક ગાંગડો બરફનો ચાવી જાઓ, એટલે પછી જીભને દવા કડવાશ જ નહિ લાગે.



ફોટોઃ એ જે પટેલ

(ચિત્રકાર મંડળ તરફથી અમદાવાદમાં યોજાએલા અખિલ હિંદ ફોટો-પ્રદર્શનમાં 'બ્રૉન્ઝ પ્લેક' પામેલી કૃતિ)



રાજપુત યુગનું ભીંતચિત્ર　　મત્ત હસ્તી　　'વિશાલ ભારત'ના સૌજન્યથી




કુદરત અને કલા

ફોટો:

ડી. એસ. બૉટલવાલા, એ. આર. પી. એસ.

(નિહારિકા મંડળ તરફથી અમદાવાદમાં ભરાએલા અખિલ હિંદ ફોટો-પ્રદર્શનમાં 'સિલ્વર પ્લૅક'–રૌપ્ય પદક પામેલી કૃતિ)



મૂર લોકોના આવાસનું આંગણું

ફોટો:

એસ જેપસન, એ.આર.પી.એસ.

અખિલ હિંદ ફોટોગ્રાફી

'બ્રાન્ઝપ્લૅક' પામેલી કૃતિ)